gujaratvandan.com



અરબાઝ ખાન-જ્યોર્જિયા એન્ડ્રિયાનું થયુ બ્રેકઅપ

પેજ 11

રવિવાર, 17 ડિસેમ્બર 2023

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

માગશર સુદ-5, વિક્રમ સંવત 2080 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 32 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

**સુવિચાર**

અભિમાન કહે છે કે કોઈની જરૂર નથી, અનુભવ કહે છે કે ધૂળની પણ જરૂર પડે છે....

## ચૂંટણી પરિણામ બાદ પીએમ ગુજરાતમાં

■ સુરતમાં આજે આંતરરાષ્ટ્રીય હવાઈ ટર્મિનલને પણ ખુલ્લું મુકશે, સંગઠનમાં લોકલાડીલા વડાપ્રધાનના સત્કાર માટે થનગનાટ

ગુજરાત | વંદન

હાલમાં યોજાયેલી પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ઝળહળતી સફળતા મેળવ્યાં બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમવાર માદરે વતન ગુજરાત આવી રહ્યાં છે. પાંચમાંથી ત્રણ રાજ્યોમાં ભારે બહુમતી મળી તે વડાપ્રધાન મોદીના નામે અને મોદી કી ગેરંટી પર વિશ્વાસ મુકીને સત્તા મળી છે ત્યારે ગુજરાત ભાજપ પોતાના લાડીલા વડાપ્રધાનને સત્કારવા તૈયાર છે. ખાસ કરીને પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ સુરતના જ હોવાથી વડાપ્રધાનના ભવ્ય સ્વાગતમાં કોઈ કચાશ ન રહે તેની તકેદારી રાખીને વડાપ્રધાનનું જોર-શોરથી સ્વાગત કરવામાં આવે તેમ છે. રાજ્યભરમાંથી મહત્વના સંગઠનાત્મક પદાધિકારીઓ પણ સુરત પહોચ્યાં છે.

ગુજરાતની મુલાકાત દરમ્યાન વડાપ્રધાન મોદી વિશ્વના સૌથી મોટા હીરાના ટ્રેડિંગ હબ સુરત ડાયમંડ બુર્સ (SDB)નું લોકાર્પણ કરશે. ડાયમંડ બુર્સમાં વર્ષે 2 લાખ કરોડ કરતાં વધુનો હીરાનો વેપાર થશે અને વિશ્વના 175 કરતાં વધુ દેશના બાયર્સ આવશે. આવતીકાલે 17મી ડિસેમ્બરની મુલાકાતમાં સુરતમાં જ આંતર રાષ્ટ્રીય હવાઈ ટર્મીનલનું લોકાર્પણ કરશે. વડાપ્રધાન વિક્રમ સંવતના નવા વર્ષે સુરત આવતા હોવાથી પુષ્પવર્ષા સાથે ભવ્ય સ્વાગત કરાશે. વડાપ્રધાન મોદીના આગમનને લઈ સુરત શહેર ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સુરત એરપોર્ટથી ખજોદ ખાતેનાં ડાયમંડ બુર્સ સુધીનાં રસ્તા પર છ જેટલા સ્વાગત પોઈન્ટ બનાવવામાં આવશે. જયા વડાપ્રધાન મોદીનું ઢોલ-નગારા ...અનુસંધાન પેજ નં. 6 પર

### સુરતના ડાયમંડ બુર્સે બુર્જ ખલીફા અને પેન્ટાગોનને આપી પછાડાટ

# વિશ્વના સૌથી મોટા ટ્રેડિંગ હબનું આજે મોદીના હસ્તે લોકાર્પણ

### વર્ષે 2 લાખ કરોડનો થશે વેપાર

અત્યારસુધી સુરતમાં માત્ર રફ ડાયમંડને પોલિશ્ડ કરવાનું કામ થતું હતું, પરંતુ હવે વિશ્વનું સૌથી મોટું ટ્રેડિંગ હબ બનશે. 1.48 લાખ ચોરસમીટરમાં 2500 કરોડના ખર્ચે તૈયાર થનારા ડાયમંડ બુર્સમાં વર્ષે 2 લાખ કરોડ કરતાં વધુનો હીરાનો વેપાર થશે અને વિશ્વના 175 કરતાં વધુ દેશના બાયર્સ આવશે.



### સુરત એરપોર્ટને અપાયો 'ઈન્ટરનેશનલ'નો દરજ્જો

અમદાવાદ ઉપરાંત ગુજરાતના વધુ એક શહેરથી ઈન્ટરનેશનલ મુસાફરી થઈ શકશે. દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે સુરત એરપોર્ટને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તરીકે જાહેર કરવાની દરખાસ્તોને મંજુરી આપી દીધી છે. અગાઉ સુરત-શારજાહ ફલાઈટ શરૂ થઈ હતી. હવે ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટેશન અને ફલાઈટના માર્ગો વધુ ખુલશે. પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો દ્વારા જાહેર કરવામાં આવેલ સતાવાર યાદી અનુસાર સુરત એરપોર્ટ માત્ર આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે પ્રવેશદ્વાર જ નહીં બને. પરંતુ હીરા અને કાપડ-ઉદ્યોગો માટે અવિરત નિકાસ-આયાત કામગીરીની સુવિધા પણ આપશે. સુરતને આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન લેન્ડસ્કેપમાં મુખ્ય ખેલાડી બનાવશે અને આ ક્ષેત્ર માટે નવા માર્ગો ખુલશે. આગામી 17 તારીખે પીએમ સુરત આવે એ પહેલા તેમણે સુરતને ભેટ આપવાની શરૂઆત કરી દીધી છે. પહેલા દુબઈ અને હોંગકોંગની કનેક્ટીવીટી, નવા ટર્મિનલ બિલ્ડીંગનું ઓનીંગ ત્યારબાદ હવે સુરત એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજ્જો આપવાની મંજુરી.

**સુરક્ષાની વ્યવસ્થા** | 17મીએ વડાપ્રધાન મોદી ના હસ્તે હીરાબુર્સનું લોકાર્પણ થશે. આથી સુરક્ષાને ધ્યાનમાં લઈ પોલીસે હંગામી જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં ખાસ કરીને સચિન હાઈવેથી હજીરા તરફ જતા-આવતા માર્ગ સવારે 8 વાગ્યાથી ભારે વાહનો માટે બંધ રહેશે. ભારે વાહનોની અવર જવર અને પાર્કિંગ તેમજ મુખ્ય માર્ગ તથા તેને અડીને આવેલી તમામ ગલી-નાકા ઉપરથી મુખ્યમાર્ગ તેમજ ક્રોસિંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવાયો છે. આ હંગામી જાહેરનામું સવારે 8 વાગ્યાથી કાર્યક્રમ પૂરો થાય ત્યાંથી રહેશે.

## ન્યૂઝ બ્રિફ

### મક્કાના ઈમામ અયોધ્યામાં મસ્જિદનું શિલારોપણ કરશે



અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ પૂર્ણ થવા આવ્યું છે અને આગામી મહિને તેમાં પ્રાણ પ્રતિષ્ઠા પણ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટના ચુકાદા પ્રમાણે અયોધ્યા કેસમાં મંદિરની સાથે સાથે એક મસ્જિદ બાંધવા માટે પણ જમીન ફાળવવામાં આવી છે. આ મસ્જિદનું શીલારોપણ કરવા માટે મક્કાના ઈમામ આવવાના છે. અયોધ્યાથી 25 કિમી દૂર ધન્નીપુરમાં આ ભવ્ય મસ્જિદનું બાંધકામ કરવામાં આવશે. આ મસ્જિદમાં વિશ્વનું સૌથી મોટું કુરાન રાખવામાં આવશે અને ઈસ્લામના પાંચ સિદ્ધાંતોના પ્રતિકરુપે અહીં પાંચ મિનારા હશે.

### સ્વિગીનો દિવાનો- 2023માં મુંબઇનો આ એક શખ્સ 42 લાખનું ઝાપટી ગયો




વર્ષ 2023 પૂર્ણ થશે, તમામ કંપનીઓ વાર્ષિક રિપોર્ટ જાહેર કરી રહી છે. સ્વિગીએ ચોંકાવનારા આંકડા રજૂ કર્યા છે. આ મામલે મુંબઈનો એક વ્યક્તિ સ્વિગીનો સૌથી મોટો દીવાનો સાબિત થયો છે અને આખા વર્ષમાં 40 લાખ રૂપિયાથી વધુનું ફૂડ ઓર્ડર કર્યું છે. સ્વિગીએ 1 જાન્યુઆરીથી 23 નવેમ્બર સુધીનો ડેટા જાહેર કર્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, આ વર્ષે સૌથી વધુ બિરયાની ઓર્ડર કરવામાં આવી છે. સતત આઠમા વર્ષે સ્વિગી પર સૌથી વધુ ઓર્ડર બિરયાનીના જ મળ્યા છે. દર સેકન્ડે ભારતીયોએ 2.5 બિરયાની ઓર્ડર કરી. વર્ષના પહેલા દિવસે 1 જાન્યુઆરીના રોજ 4,30,000 બિરયાનીનો આર્ડર મળ્યો હતો.

### ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય

ગુજરાત સરકારે ઈમ્પેક્ટ ફી મુદ્દે ખૂબ જ મહત્વનો નિર્ણય લેતા ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં વધારો કરાયો છે. ગુજરાત સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત ત્રીજી વાર વધારો કરતા હવે વધુ છ મહિનાની મુદત લંબાવવાવામાં આવી છે. વછેલ્લા ઘણા સમયથી ઈમ્પેક્ટ ફી મામલે અરજી કરવામાં મુશ્કેલી ઉભી થતી હોવાની લોકોની ફરિયાદ હતી અને લાંબા સમયથી ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત લંબાવવનો વિચાર થઈ રહ્યો હતો ત્યારે હવે રાજ્ય સરકારે ઈમ્પેક્ટ ફી ની મુદત વધારવા મહત્વનો નિર્ણય કર્યો છે જેમાં બિનઅધિકૃત ગેરકાયદેસર બાંધકામો ફી ભરીને કાયદેસર કરવા માટેની ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત વધુ 6 મહિના લંબાવાઈ છે. ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત ત્રીજી વખત મુદતમાં વધારો કરવામાં આવ્યો છે.

## ભારતની જીડીપી 2026 સુધીમાં US $5,000 બિલિયનને પાર કરશેઃ નીતિ આયોગનો દાવો

ગુજરાત | વંદન

ભારત 2026 સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે અને તે વર્ષે તેનો GDP US $5,000 બિલિયનને પાર કરશે. આ દાવો નીતિ આયોગના પૂર્વ ઉપાધ્યક્ષ અરવિંદ પનાગરિયાએ કર્યો છે. 2022-23માં જીડીપી $3.4 ટ્રિલિયન છે," તેમણે માઈક્રો-બ્લોગિંગ સાઈટ પર લખ્યું હતું કે તેમાં 10 ટકાનો વધારો થયો છે. આ 10.22 ટકાનો વૃદ્ધિ દર છે. 2026-27ના અંતે, અમે 5 ટ્રિલિયનને પાર કરીશું.

તેમણે કહ્યું કે ભવિષ્યમાં 2027માં અર્થવ્યવસ્થાનું કદ 5,500 અબજ ડોલરથી વધુ થશે. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, તેમણે 18માં સીડી દેશમુખ મેમોરિયલ લેક્ચરમાં કહ્યું કે, એવું શક્ય નથી કે જર્મની અથવા જાપાનની જીડીપી આગામી ત્રણ વર્ષમાં $5,000 બિલિયનના સ્તરને પાર કરે.

'ઈન્ડિયા એટ 125: રીક્લેમિંગ ધ લોસ્ટ ગ્લોરી એન્ડ રિટર્નિંગ ધ ગ્લોબલ ઈકોનોમી ટુ ઈટ્સ ઓલ્ડ નોર્મલ' શીર્ષકવાળા તેમના વ્યાખ્યાનમાં, તેમણે કહ્યું કે જાપાનને 2022માં યુએસ $4,200 બિલિયનના સ્તરથી 2027માં યુએસ $5,030 બિલિયન સુધી પહોંચવાની જરૂર છે. જણાવ્યું હતું કે ચાર ટકાના વિકાસ દર સાથે, જર્મનીનો જીડીપી 2023માં US $4,400 બિલિયનથી વધીને 2026માં US $4,900 બિલિયન અને 2027માં US $5,100 બિલિયન થઈ જશે. પનાગરિયાએ કહ્યું, "આ અનુમાનોને જોતાં, ભારતીય જીડીપી આ બંને દેશોના જીડીપીને કેટલી જલ્દી વટાવી શકશે?તે પ્રશ્ન છે."

ભારતમાં અત્યારે ડૉલરનું મૂલ્ય વાર્ષિક સરેરાશ 10.22 ટકાના દરે વધી રહ્યું છે. આ દરે, ભારતની જીડીપી 2026માં US$5,000 બિલિયન અને 2027માં US$5,500 સુધી પહોંચી જશે.

## રશિયાના પ્રમુખ પુતિને માંગી માફી, કહ્યું- મોંઘવારીને ડામવામાં અમે નિષ્ફળ રહ્યાં


■ પુતિને નેશનલ ટીવી ચેનલ પર ભાવુક થઈને જનતાથી માંગી માફી...સોરી કહ્યું

ગુજરાત | વંદન



રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ બાદ રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પણ અનેક સંકટથી ઘેરાયેલા છે. હાલમાં જ તેણે એક ટીવી શો દરમિયાન પોતાના દેશના લોકોની માફી માંગી હતી. વાસ્તવમાં એક વાતચીત દરમિયાન એમને દેશમાં વધતી મોંઘવારી અને ઇંડાના ઊંચા ભાવ માટે પોતાની જ સરકારને જવાબદાર ગણાવી અને આ માટે જનતાની માફી પણ માંગી. તેમણે કહ્યું, મારી સરકારની નિષ્ફળતા માટે હું તમારા બધાની માફી માંગુ છું. વાત એમ છે કે રશિયામાં માત્ર એક વર્ષમાં જ ભાવમાં ભારે વધારો થયો છે. કહેવાય છે કે ઈંડાની કિંમતમાં 40 ટકાનો વધારો થયો છે. વ્લાદિમીર પુતિન આ વર્ષના અંતમાં મીડિયા સાથે વાત કરે છે. આ વાતચીત દરમિયાન તેણે માફી માંગી હતી. ઈરિના અકોપોવા નામની એક વૃદ્ધ મહિલાએ ઈંડા અને ચિકનની વધતી કિંમતો અંગે સવાલો ઉઠાવ્યા હતા. જણાવી દઈએ કે યુક્રેન સાથે યુદ્ધ શરૂ થયા બાદ ઘણા પશ્ચિમી દેશોએ રશિયા પર પ્રતિબંધો લગાવી દીધા છે. તેની અસર પણ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે અને રશિયામાં ફુગાવો ઝડપથી વધ્યો ...અનુસંધાન પેજ નં. 6 પર

## નાગપુરમાં કાર-ટ્રક અકસ્માતમાં 6ના મોત, એક ગંભીર; પોલીસે ટ્રક ચાલકની ધરપકડ કરી



ગુજરાત | વંદન

મહારાષ્ટ્રના નાગપુર શહેરની હદમાં કાર અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ દરમિયાન અકસ્માતમાં છ લોકોના મોત થયા હતા અને એક ગંભીર રીતે ઘાયલ થયો હતો.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આ દુર્ઘટના કાટોલ-કલમેશ્વર રોડ પર સોનખંભ ગામ પાસે સવારે 12.15 થી 2 વાગ્યાની વચ્ચે થઈ હતી.

સાત લોકો લગ્ન સમારંભમાં હાજરી આપ્યા બાદ કારમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે તેમનું વાહન સોયાબીન વહન કરતી ટ્રક સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય બે લોકોના હોસ્પિટલમાં મોત થયા હતા.

તેમણે કહ્યું કે દુર્ઘટના બાદ અન્ય ત્રણ લોકોને સારવાર માટે નાગપુર લાવવામાં આવ્યા હતા અને તેમાંથી બેના ત્યાં મોત થયા હતા, જ્યારે એક વ્યક્તિની હાલત ગંભીર છે. તેમણે કહ્યું કે ટ્રકના ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. આ મામલે તપાસ કરવામાં આવી રહી છે.

## ઇઝરાયેલી સૈન્યે ભૂલથી પોતાના 3 નાગરિકોને મારી નાખ્યાં

■ સૈન્યએ કહ્યું કે તેમને મારી નાખ્યા બાદ અમને તપાસમાં ખબર પડી કે તેઓ ઈઝરાયલી હતા...

ગુજરાત | વંદન



ગાઝામાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈઝરાયેલના સંરક્ષણ દળોએ (IDF) મોટી ભૂલ કરી છે. એક ઈઝરાયલી મીડિયાએ IDFના પ્રવક્તા ડેનિયલ હગારીના હવાલાથી જણાવ્યું હતું કે ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ (IDF) એ 7 ઓક્ટોબરના હુમલા બાદ હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા પોતાના જ ત્રણ નાગરિકોને ખતરો માનીને તેમના પર ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ત્રણેય નાગરિકોના મોત થયા હતા. ડેનિયલ હગારીએ કહ્યું કે IDF આ દુઃખદ ઘટનાની જવાબદારી લે છે.

તેમણે કહ્યું કે આ ઘટના એ જ વિસ્તારમાં બની હતી જ્યાં ઈઝરાયલી સૈનિકોએ આત્મઘાતી હુમલાખોરો સહિત અનેક આતંકવાદીઓનો સામનો કર્યો હતો. ત્રણ ઈઝરાયલી બંધકોમાંથી બેની ઓળખ યોતમ હૈમ અને સમર તલાલ્કા તરીકે થઈ છે. હૈમને કફર અજાથી બંધક બનાવવામાં આવ્યો હતો અને સમર તલાલ્કાનું નિરમથી અપહરણ કરાયું હતું. ...અનુસંધાન પેજ નં. 6 પર

## નિખિલ ગુપ્તા સામે કાર્યવાહી કરવા સાંસદોનું ભારત પર દબાણ

ગુજરાત | વંદન

કેનેડા બાદ અમેરિકાએ ખલિસ્તાની નેતાની હત્યાના પ્રયાસનો આરોપ ભારત પર મૂક્યો છે અને નિખિલ ગુપ્તા નામની કોઈ ભારતીયની ધરપકડ પણ કરી છે અમેરિકન નાગરિક ગુરુપતવંત સિંહ પન્નુની વ્હારે હવે પાંચ અમેરિકન સાંસદો આવ્યા છે. અમેરિકાની ધરતી પર ખાલિસ્તાની આતંકી અને શીખ ફોર જસ્ટિસના સંસ્થાપક ગુરુપતવંત સિંહ પન્નુને મારવાનું તથાકથિત કાવતરું હવે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં ખટાશ પેદા કરવાનું કારણ બની રહ્યું છે. બાયડેન સરકારે તેમના સાંસદોના ...અનુસંધાન પેજ નં. 6 પર

## 60 વર્ષ રાજ કરનાર કોંગ્રેસે ફંડ ફાળા માટે લોકો સામે ફેલાવ્યો હાથ...!

■ મહાસચિવ કે.સી.વેણુગોપાલે 'ડોનેટ ફોર દેશ અભિયાન ચલાવવાની જાણકારી આપી

ગુજરાત | વંદન




દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસને ચૂંટણી લડવા માટે પૈસાની જરૂર પડી છે. એટલા માટે જ પાર્ટીએ હવે દેશની પ્રજાની મદદ માગી છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે શનિવારે દિલ્હીમાં પાર્ટીના હેડક્વાર્ટર પર પ્રેસ કોન્ફરન્સને સંબોધતા 'ડોનેટ ફોર દે અભિયાન ચલાવવાની જાણકારી આપી હતી.

આ અભિયાન એક ક્રાઉડ ફન્ડિંગ અભિયાન છે. તેની શરૂઆત 18 ડિસેમ્બરથી શરૂ થશે. વેણુગોપાલે દાવો કર્યો કે આ સૌથી મોટું ક્રાઉડફન્ડિંગ અભિયાન હશે. કે.સી.વેણુગોપાલે કહ્યું કે કોંગ્રેસને તેના ઓનલાઈન ...અનુસંધાન પેજ નં. 6 પર

### વાંકી નજરે...

સૌજન્યથી...




### બીજાને ન્યાય આપનાર એક મહિલા જજે પોતાના ન્યાય માટે સુપ્રીમને કરી આજીજી...

## મારુ યૌનશોષણ થયું, ન્યાય આપો અથવા ઇચ્છમૃત્યુની મંજૂરી

■ જો જજને જ ન્યાય માટે હાથ જોડવા પડે તો સામાન્ય નાગરીકોનું શું...?

ગુજરાત | વંદન





ન્યાયતંત્ર સાથે જોડાયેલા ન્યાયધીશો અરજદાર કે અસીલને ન્યાય આપવાનો પ્રયાસ કરે છે. જે તે કેસની ગુણવત્તાના અધારે ન્યાય થાય છે પરંતુ જ્યારે ન્યાયતંત્ર સાથે જોડાયેલ અને બીજાને ન્યાય આપનાર પોતે જ અને તેમાં પણ મહિલા જજ જ્યારે સુપ્રીમ કોર્ટને એમ કહે કે મારુ યૌનશોષણ થયું છે મને ન્યાય આપો અથવા ઈચ્છામૃત્યુની મંજૂરી આપો. એક મહિલા જજ દ્વારા સુપ્રીમને લખાયેલા પત્રમાં જે વિગતો દર્શાવવામાં આવી છે તે ચોંકાવનારી તો છે સાથે-સાથે ન્યાયતંત્ર માટે પણ એક પડકાર રુપ બાબત એ રીતે બને છે જો ન્યાયતંત્ર અને ન્યાય આપનારને જ ન્યાય ન મળે તો સામાન્ય નાગરિકોને ન્યાય મળશે કે કેમ એવા સવાલો થવા સભાવિક છે. એક મહિલા જજે કરેલી ધા પોકારને ધ્યાનમાં રાખી મુખ્યન્યાયમૂર્તિ વાયસી ચંદ્રચૂડે તેની વિગતો મંગાવી છે.

ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લાના મહિલા સિવિલ જજે સુપ્રીમ કોર્ટ સમક્ષ ઈચ્છામૃત્યુની માગ કરી છે. જોકે આ મામલો સામે આવતાં જ ખળભળાટ મચી ગયો હતો. સોશિયલ મીડિયા પર પણ સનસનાટી ફેલાઈ ગઈ હતી અને પીડિતાનું નામ સોશિયલ મીડિયા પર ટ્રેન્ડમાં આવી ગયું.

મહિલા જજે સુપ્રીમ કોર્ટને પત્ર લખીને ઈચ્છામૃત્યુની પરવાનગી માંગી હતી. મહિલા જજે સુપ્રીમ કોર્ટને લખેલા પત્રમાં શોષણનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે કેવી રીતે તેમની સાથે અન્યાય થયો, પરંતુ આ મામલે હજુ સુધી કોઈ પોલીસ કાર્યવાહી કરવામાં આવી નથી. બાંદાના બાબેરુ તાલુકામાં સિવિલ જજ તરીકે તહેનાત મહિલા જજે સુપ્રીમકોર્ટને લખેલા પત્રમાં પોતાની ...અનુસંધાન પેજ નં. 6 પર

## કરોડોપતિ સાહુ ઉવાચ: પૈસા મારા નથી, મારી પેઢીના છે, પાઈ પાઈ નો હિસાબ આપીશ ....

■ સાહુના ઠેકાણાઓથી આઈટીએ 350 કરોડથી વધારે કેશ જપ્ત કરી હતી

ગુજરાત | વંદન



કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અને બિઝનેસમેન ધીરજ સાહૂએ આવકવેરા વિભાગની છાપેમારી બાદ પહેલી વખત મીડિયામાં નિવેદન આવ્યું છે. સાહૂના ઠેકાણાઓથી આઈટીએ 350 કરોડથી વધારે કેશ જપ્ત કરી હતી. તેનાપર તેમણે પ્રતિક્રિયા આપતા કહ્યું કે છાપેમારીમાં જે કેશ મળી આવી હતી તે મારી દારૂની કંપનીઓનું છે. દારૂનો વ્યાપાર કેશમાં જ થાય છે અને તેનો કોંગ્રેસ પાર્ટી સાથે કોઈ સંબંધ નથી.

ધીરજ સાહૂએ કહ્યું કે મેં ઝારખંડમાં ઘણા વિકાસ કાર્યો કર્યા છે અને હંમેશા ગરીબોની મદદ કરી છે. ...અનુસંધાન પેજ નં. 6 પર

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# ગાંધીનગર ગિફ્ટ સિટીને નોન મોટરરાઈડ ટ્રાન્સપોર્ટ તરીકે ડેવલપ કરવાનું આયોજન

■ રૂ.1770 કરોડના ખર્ચે યાત્રાધામ અંબાજીને પૌરાણિક ટુરીઝમની થીમ પર ડેવલપ કરાશે




■ 11 કોમ્યુનિટી પાર્ક, વનીકરણ સહિતની કામગારી હાથ ધરાશે
■ રિટેલ શૉપ તથા સોસાયટી ડેવલપમેન્ટ માટે 800 કરોડ મળશે
■ શ્રદ્ધાળુઓ માટે વૉક વે, ચાર્જિંગ સ્ટેશનો બનશે
■ નવા રસ્તા, ગટર જેવી સુવિધાઓ માટે 303 કરોડ ખર્ચાશે
■ શ્રદ્ધાળુઓ માત્ર 15 મિનિટમાં મુખ્ય મંદિર સુધી પહોંચી શકે, તે રીતનો કોરિડોર તૈયાર કરાશે...

ગુજરાત | વંદન

દેશમાં શહેરોનો આંતરરાષ્ટ્રીય કક્ષાનો વિકાસ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા એક પછી એક શહેરોની પસંદગી કરવા માટે 15માં ફાઈનાન્સ કમિશન હેઠળ ન્યૂ સિટીઝ ઈનિશીએટીવ્ઝ યોજના અમલમાં મુકવામાં આવી છે. આ માટે દરેક રાજ્યો પાસેથી મંગાવેલી દરખાસ્તોમાં ગુજરાતે અંબાજી અને ગિફ્ટ સિટી એમ બે શહેરોને ડેવલપ કરવા માટેની દરખાસ્ત મોકલી છે. આ બે દરખાસ્તો પૈકી કોઈપણ એક શહેરને ડેવલપ કરવા માટેની મંજૂરી મળશે તેવું સુત્રોનું કહેવું છે.

સુત્રોએ કહ્યું હતું કે અંબાજીને રૂ. 1770 કરોડના ખર્ચે અને ગિફ્ટ સિટીને રૂ. 5525 કરોડના ખર્ચે ડેવલપ કરવા માટેની દરખાસ્ત તૈયાર કરાઈ છે. જેમાં અંબાજીનો ઐતિહાસિક ધરોહર સાથે પૌરાણિક ટુરીઝમની થીમ પર અને ગિફ્ટ સિટીને નોન મોટરરાઇડ ટ્રાન્સપોર્ટ તરીકે ડેવલપ કરાશે. કેન્દ્ર સરકાર દ્વારા દેશમાંથી 12 શહેરને ડેવલપ કરવા માટે વિવિધ રાજ્યો પાસેથી દરખાસ્ત મંગાવવામાં આવી હતી. આ દરખાસ્તમાં વિવિધ રાજ્યોએ 28 શહેરને ડેવલપ કરવા માટેની દરખાસ્ત મોકલી છે. આ પૈકી 12 શહેરોની પસંદગી કરાશે. ગુજરાતે અંબાજી અને ગીફટ સીટી એમ બે શહેરોની દરખાસ્ત મોકલી છે. આ દરખાસ્તમાંથી કોઈપણ એક શહેરની પસંદગી કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા 255 હેકટરમાં અંબાજીને ડેવલપ કરવા માટેની તૈયારી છે. આ 255 હેકટર પૈકી 66 હેકટર સરકારી અને 188 હેકટર ખાનગી માલિકીની જગ્યા હશે. મુખ્યત્વે 6 ટીપી સ્કીમની યોજના છે. કેન્દ્રની મંજૂરીના ત્રણ વર્ષમાં પ્રાથમિક કામગીરી પુરી કરાશે. ટીપી સ્કીમ સહિતના શહેરને ડેવલપ કરવા માટે રૂ. 509 કરોડ માળખાકીય સુવિધા, 11 કોમ્યુનિટી પાર્ક,વનીકરણ માટે ખર્ચાશે.

### ગુજરાત સરકાર સાથે કંપનીએ MOU કર્યા

# વાયબ્રન્ટ: એસ્સાર ગ્રુપ ગુજરાતમાં રૂપિયા 55000 કરોડનું રોકાણ કરશે

ગુજરાત | વંદન

એસ્સાર ગ્રુપ ગુજરાતમાં એનર્જી ટ્રાન્સફોર્મેશન, પાવર અને પોર્ટ પ્રોજેક્ટ્સમાં રૂ. 55,000 કરોડનું રોકાણ કરશે. ગુરુવારે આ રોકાણ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. એસ્સાર દ્વારા આ રોકાણ એક ગીગાવોટ ક્ષમતાનો ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ સ્થાપવા, સલાયા પાવર પ્લાન્ટના વિસ્તરણ અને સલાયા પોર્ટને લોજિસ્ટિક્સ હબમાં રૂપાંતરિત કરવા માટે કરવામાં આવશે.

એસ્સાર ગ્રૂપે જણાવ્યું હતું કે તેણે 'વાઈબ્રન્ટ ગુજરાત' વૈશ્વિક રોકાણકારો સમિટ 2024 પહેલાં કુલ રૂપિયા 55,000 કરોડના રોકાણ અંગે ગુજરાત સરકાર સાથે ત્રણ મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે- એસ્સાર રાજ્યમાં ઊર્જા પરિવર્તન, પાવર અને બંદર ક્ષેત્રોમાં વ્યૂહાત્મક રોકાણ કરવાના નવા તબક્કામાં છે. આ પહેલનો હેતુ 10,000 થી વધુ રોજગારીની તકો ઊભી કરવાનો છે.

છેલ્લા ચાર દાયકામાં, એસ્સારે ગુજરાતમાં ઊર્જા, ધાતુઓ, ખાણકામ અને ઈન્ફ્રા ક્ષેત્રોમાં રૂ. 1 લાખ કરોડથી વધુનું રોકાણ કર્યું છે. તેમાં વાડીનાર ખાતે વાર્ષિક 20 મિલિયન ટનની ઓઈલ રિફાઈનરી અને હજીરા ખાતે સ્ટીલ પ્લાન્ટનો સમાવેશ થાય છે. જોકે, કંપનીએ તેનું દેવું ચૂકવવા માટે છેલ્લા કેટલાક વર્ષોમાં આ પ્રોજેક્ટ્સ વેચી





દીધા હતા.

આ રીતે એસ્સાર હવે ગુજરાતમાં રોકાણના બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી રહી છે. એસ્સાર કેપિટલના ડાયરેક્ટર પ્રશાંત રુઈયાએ એમઓયુ પર હસ્તાક્ષર કરવા અંગે જણાવ્યું હતું કે, "ગુજરાત એસ્સારના વ્યૂહાત્મક રોકાણોમાં સતત મોખરે રહ્યું છે. ઊર્જા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રૂ. 55,000 કરોડના વધારાના રોકાણ સાથે રાજ્યની આર્થિક પ્રગતિમાં ફાળો આપીને અમને આનંદ થાય છે. 30,000 કરોડ થશે.

એસ્સાર ગ્રુપ તેના સલાયા પાવર પ્લાન્ટના વિસ્તરણના બીજા તબક્કામાં વધારાના રૂ. 16,000 કરોડનું રોકાણ કરશે. આ ઉપરાંત, એસ્સાર પોર્ટ્સ સલાયા પોર્ટને લોજિસ્ટિક્સ સેન્ટરમાં રૂપાંતરિત કરવા માટે રૂ. 10,000 કરોડનું રોકાણ પણ કરવા જઈ રહી છે. જોકે, એસ્સાર ગ્રૂપે આ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવા માટે કોઈ સમયરેખાનો ઉલ્લેખ કર્યો નથી. એસ્સાર એનર્જી - ઈન્ફ્રા અને લોજિસ્ટિક્સ, મેટલ અને માઈનિંગ, ટેક અને રિટેલના મુખ્ય ક્ષેત્રોમાં સક્રિય છે. તેની કંપનીઓની કુલ આવક $15 બિલિયન છે.ગુજરાત સાથે કંપનીનો ઘણો જૂનો સંબંધ રહ્યો છે.

# જ્યારે લાભાર્થીઓએ PM મોદીને લખ્યાં પોસ્ટ કાર્ડ..!

### એક ખેડૂતે લખ્યું- મને 6 હજાર રૂપિયા મળ્યા, આપનો ખુબ-ખુબ આભાર




ગુજરાત | વંદન

ગુજરાતમાં ૧૪ નવેમ્બરથી અંબાજી ખાતેથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં શરૂઆતાના તબક્કામાં આદિજાતિ વિસ્તારોમાં ત્યારબાદ અન્ય તમામ ગામોમાં રથ જઈને ગ્રામજનોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપી રહી છે.

બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાના વિવિધ ગામોમાં દરરોજ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો રથ જઈને ગ્રામજનોને વિવિધ યોજનાઓની માહિતી આપીને ગ્રામજનોને સ્થળ પર જ યોજનાઓનો લાભ આપી રહ્યો છે. વિવિધ વિભાગના અધિકારીઓ ગામમાં સ્થળ પર હાજર રહીને ગામમાં કોઈપણ વ્યકિત યોજનાઓના લાભથી વંચિત રહી ન જાય એ સુનિશ્ચિત કરી રહ્યા છે. તો સાથે સાથે રથને ગામોમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે અને સરકારની આ પહેલને બિરદાવી રહ્યા છે. ગુજરાતમાં એકમાત્ર બનાસકાંઠા જિલ્લામાં ગ્રામજનોએ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દ્વારા જે લાભો ઘરઆંગણે મળી રહ્યા છે એ બદલ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યકત કરવા તેઓને પોસ્ટકાર્ડ લખવાનું નક્કી કર્યું છે.

# ગાંધીનગર મનપા નવી પાર્કિંગ પોલિસી અમલમાં મુકશે

■ 32 પાર્કિંગ સ્પોટનું સીમાંકન કરીનેગાર્ડ મૂકાશે

ગુજરાત | વંદન

સુઆયોજિત સિટી એવા ગાંધીનગરમાં વિશાળ ખુલ્લી જગ્યા હોવા છતાં શહેરના મુખ્ય સ્થળો, વાણીજ્ય વિસ્તારોમાં પાર્કિંગની સમસ્યા જોવા મળે છે. ગાંધીનગર મહાનગરપાલિકા નવી પાર્કિંગ પોલીસી તૈયાર કરીને તેનો અમલ કરવા જઈ રહી છે ત્યારે હાલના 32 જેટલા પાર્કિંગ સ્પોટનું સીમાંકન કરીને ત્યાં કાયમી વ્યવસ્થા માટે ગાર્ડ પણ મૂકવામાં આવશે.

શહેરમાં પાર્કિંગની સમસ્યા વર્ષો જૂની છે પરંતુ તેના ઉકેલની દિશામાં કોઈ ખાસ કામગીરી થઈ નથી. હવે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં લારી-ગલ્લાના દબાણો અને પાર્કિંગની સમસ્યાના ઉકેલ માટે સ્ટ્રીટ વેન્ડર અને પાર્કિંગ પોલીસી તૈયાર કરવામાં આવી છે. આ પોલીસીનો મુસદ્દો જાહેર કરીને નાગરિકો પાસેથી વાંધા સૂચનો મંગાવવામાં આવ્યા છે. ત્યારબાદ તેને વિવિધ તબક્કે મંજૂરી મળ્યા બાદ તેનો અમલ શરૂ કરવામાં આવશે. પાર્કિંગ પોલીસીમાં નવી વ્યવસ્થાઓ અંગે અનેક જોગવાઈ કરવામાં આવી છે પરંતુ હાલમાં જે વ્યવસ્થા છે તેને સુધારવા માટે પણ કેટલાક પ્લાન તૈયાર કરવામાં આવ્યા છે. હાલમાં સમગ્ર શહેરમાં કુલ 32 પાર્કિંગ સ્પોટ નક્કી




કરવામાં આવ્યા છે. આ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા છે પરંતુ આડેધડ પાર્કિંગ થાય છે જેના કારણે વ્યવસ્થા સચવાતી નથી અને મોટાભાગના વાહનો રસ્તા પર પાર્ક થાય છે. આ તમામ પાર્કિંગ સ્પોટનું સીમાંકન કરાશે અને તે સ્થળે કાર તેમજ ટુ વ્હીલ માટેના માર્કિંગ કરીને પટ્ટા લગાવાશે. તેમજ સૂચનાદર્શક બોર્ડ પણ લગાવાશે. આ વ્યવસ્થા સચવાય તે માટે તમામ 32 સ્થળોએ કાયમી ગાર્ડ મૂકવામાં આવશે. આ વ્યવસ્થા બાદ આડેધડ પાર્કિંગ અને રસ્તા પર વાહનો પાર્ક થશે તો દંડ પણ વસૂલવામાં આવશે અને દંડ વસૂલવાની સત્તા ગાર્ડને અપાશે. બોક્સ: કોમર્શિયલ અને ઈન્સ્ટીટ્યુશનલ ઝોનમાં સૌથી વધુ સમસ્યા

પાર્કિંગ પોલીસી માટે રાખવામાં આવેલી એજન્સીએ કરેલા અભ્યાસ દરમિયાન એવું જણાયું છે કે ગાંધીનગરમાં વિશાળ ખુલ્લી જગ્યા હોવા છતાં પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા જળવાતી નથી. શહેરના કોમર્શિયલ અને ઈન્સ્ટીટ્યુશનલ ઝોનમાં પાર્કિંગની સૌથી વધુ સમસ્યા જોવા મળી છે.

### 3 મેગાવોટની સુવિધા 1.5 મેગાવોટ/કલાકના સંગ્રહ સાથે જોડવામાં આવશે

# હવે નર્મદા કેનાલ પર જોવા મળશે તરતી સોલાર પેનલ

■ રાજ્ય સરકાર તરફથી આ પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી મળી...

ગુજરાત | વંદન

ટૂંક સમયમાં અમદાવાદથી ગાંધીનગર આવતા મુલાકાતીઓ નર્મદા કેનાલની બંને બાજુ પાણી પર તરતી સોલાર પેનલ જોઈ શકશે. 15 સોલાર પેનલ્સની શ્રેણી 3 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે.
રાજ્ય સરકાર તરફથી આ પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. આ આખો પ્રોજેક્ટ પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી (PDEU) અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (GSECL) દ્વારા હાથ ધરવામાં આવશે. PDEUના ડાયરેક્ટર જનરલ પ્રોફેસર એસ સુંદર મનોહરને 2 ડિસેમ્બરના રોજ યુનિવર્સિટીના કોન્વોકેશન દરમિયાન કહ્યું હતું કે તેને GSECL તરફથી અગ્રણી ફ્લોટિંગ સોલાર પેનલ પ્રોજેક્ટ માટે 26 કરોડ રૂપિયાના પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે. 3 મેગાવોટની સુવિધા 1.5 મેગાવોટ/કલાક (mWh) ના સંગ્રહ સાથે જોડવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સના મુખ્ય સચિવ મમતા વર્માએ અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું હતું કે, પાયલોટ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. એકવાર પ્રોજેક્ટ સફળ થયા પછી તેને અન્યત્ર અમલી બનાવવામાં આવશે. રાજ્ય સરકારની નવી રિન્યુએબલ એનર્જી (RE) સેક્ટર પોલિસીમાં આવા પ્રોજેક્ટ્સને મોટા પાયે પ્રોત્સાહિત કરવા માટે વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. અમને આશા છે કે PDEU પ્રોજેક્ટ આ ક્ષેત્રમાં ભવિષ્ય માટેના માર્ગો ખોલશે.

રિન્યુએબલ એનર્જી સેક્ટરના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સોલાર ક્ષેત્રે ગુજરાત 7,000 મેગાવોટથી વધુ ક્ષમતા સાથે પહેલાથી જ અગ્રેસર છે. તેઓએ ધ્યાન દોર્યું છે કે પ્રતિ 1 મેગાવોટ ક્ષમતા માટે લગભગ છ એકર જમીનની જરૂર છે. બીજી તરફ જળાશયો અને નહેરોમાં પાણીની સપાટીનો ઉપયોગ તરતા ઉપકરણો માટે કરી શકાય છે જે જમીનને બચાવશે અને ગરમીમાં ઘટાડો કરશે. અને તેની સાથે સાથે વધુ સારું ઉત્પાદન સુનિશ્ચિત કરશે.

પ્રોફેસર મનોહરને જણાવ્યું હતું કે 'ફ્લોટોવોલ્ટેઈક્સ' અથવા ફ્લોટિંગ ફોટોવોલ્ટાઈક્સ તેની સંભવિતતા સાથે સમગ્ર ભારતમાં રસનું ક્ષેત્ર છે. ભારતમાં છેલ્લા બે વર્ષમાં ઘણી મોટી પહેલ કરવામાં આવી છે. અમારો પ્રસ્તાવિત પ્રોજેક્ટ કેનાલની બાજુઓ પર સોલાર પેનલ વડે ફ્લોટને જોડશે. તેને કોઈ વધારાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર નથી. બીજી તરફ સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્યમાં 40 થી વધુ મોટા જળાશયો છે જ્યાં નાના સોલાર પ્લાન્ટ શક્ય છે.

# ગાંધીનગર : પ્રિ-વાયબ્રન્ટ સમિટમાં જામનગર મહાનગરપાલિકાની અધિકારીઓની ટીમ જોડાઈ

ગુજરાત | વંદન

ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમિટ-2024નું મહાત્મા મદિર ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આયોજન કરવામાં આવ્યું છે જેમાં દેશ-વિદેશના અનેક ઉદ્યોગપતિઓ કેન્દ્રીય મંત્રીઓ તેમજ ભારત દેશના 20 થી વધુ મહાનગરના મહેરો ઉપરાંત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે ત્યારે તે પહેલા પ્રિ વાઈબ્રન્ટ આજે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવેલ છે. જેમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહેવાના છે. પ્રિ વાઈબન્ટ સમીટમાં ભાગ લેવા માટે જામનગર મહાનગરપાલિકાના મેયર વિનોદભાઈ ખીમસૂર્ય તેમની ચેરમેન નિલેશ કગથરા તેમજ કમિશનર ડી.એન. મોદી સહિતના 14 જુનિયર અધિકારી ટીમ સાથે પહોંચ્યા હતા .ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આજે પ્રિ વાઈબ્રન્ટ સમિટમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયું હતું જેમાં ખાસ વિવિધ પ્રકારના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. ખાસ કરીને પર્યાવરણની જવાબદારી વર્તનને પ્રોત્સાહિત કરવું ક્લાઈમેટ ફાઈનસ ને વેગ આપવા પાણીની સુરક્ષા ની બાબતમાં, સ્થાનિક સંસ્કૃતિ અને અર્થતંત્રને પ્રોત્સાહિત કરવા, શહેરી શાસન અને આયોજન માટેના માળખાને પૂર્ણ શોધવું આવા મુદ્દાઓને આવરી લેવાયા છે. જુદા જુદા ઉદ્યોગપતિઓ સાથે ગુજરાતમાં રોકાણ અંગે એમઓયુ થનાર છે.

# ગુજરાત સરકારે ટાટા ગ્રુપને સાણંદમાં 1158 કરોડની જમીન લીઝ પર આપી, વાર્ષિક ભાડું 70 કરોડ

ગુજરાત | વંદન

ગુજરાત સરકાર દ્વારા ટાટા ગ્રુપની એક પેટા કંપનીને સાણંદમાં જમીન ફાળવવામાં આવી છે. અગ્રાટાસ નામની કંપની સાણંદમાં લિથિયમ આયન સેલ મેન્યુફેક્ચરિંગ કરવા માટે ફેક્ટરી સ્થાપશે. ગુજરાત સરકારે આશા વ્યક્ત કરી છે કે આનાથી 13,000 રોજગારનું સર્જન થશે. જોકે, આ અંગેની સત્તાવાર જાહેરાત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024 દરમિયાન કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ટાટાને તેની બહુચર્ચિત નેનો કારના પ્લાન્ટ માટે સાણંદમાં જમીન આપી હતી. હવે ગુજરાત સરકારે ફરીથી ટાટાની જ એક કંપનીને સાણંદમાં જમીન આપી છે. ગુજરાત સરકારે લિથિયમ આયન સેલ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરી સ્થાપવા અગ્રાટાસ એનર્જી સ્ટોરેજ સોલ્યુશનને સાણંદમાં 22.50 લાખ ચોરસ મીટર જમીન ફાળવી છે. આ ટાટા જૂથની એક પેટાકંપની છે જેણે જૂનમાં રાજ્ય સરકાર સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા અને પ્રથમ તબક્કામાં 13,000 કરોડ રૂપિયાના રોકાણનું વચન આપ્યું હતું. દેશમાં આ પ્રકારની આ પ્રથમ ફેક્ટરી હશે. અહેવાલ પ્રમાણે, આ સંબંધમાં આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં જાહેરાત કરવામાં આવશે, એમ ઉદ્યોગ વિભાગના ટોચના અધિકારીએ જણાવ્યું હતું. જમીન ફાળવવાનો નિર્ણય આ મહિનાની શરૂઆતમાં લેવામાં આવ્યો હતો અને ટૂંક સમયમાં રાજ્ય કેબિનેટ દ્વારા તેને મંજૂરી આપવામાં આવશે. લિથિયમ બેટરીનો ઉપયોગ ઈલેક્ટ્રિક વાહનોમાં થાય છે અને "મેક ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ" ભારતમાં ઈવીને પ્રોત્સાહન આપશે.

અગ્રાટાસને સાણંદમાં ઉત્તર કોટપુરા સર્વે નંબર 2માં કુલ 22,50,132 ચોરસ મીટર જમીન ભાડાપટ્ટે આપવામાં આવશે. લીઝનો સમયગાળો 50 વર્ષ માટે છે અને વાર્ષિક ભાડું દર વર્ષે 10%ના વધારા સાથે 69.52 કરોડ રૂપિયા થશે.

રાજ્ય સરકારના મૂલ્યાંકન મુજબ ઉપરોક્ત જમીનની બજાર કિંમત 5,150 રૂપિયા પ્રતિ ચોરસ મીટર છે જેની કુલ કિંમત 1158.81 કરોડ રૂપિયા થાય છે. અધિકારીએ ઉમેર્યું હતું કે, ભાડું જમીનના કુલ મૂલ્યના 6% હશે. જમીન ખાલી છે અને તેનો કુલ વિસ્તાર 24.62 લાખ ચોરસ મીટર છે. તેમાંથી 38,850 ચોરસ મીટર જમીન ESIC હોસ્પિટલ સ્થાપવા માટે ફાળવવામાં આવી છે.

પ્રથમ તબક્કામાં કંપનીની ઉત્પાદન ક્ષમતા 20 GWh હશે. રાજ્ય સરકારે દાવો કર્યો છે કે આના દ્વારા 13,000 થી વધુ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થશે. અગ્રાટાસ ટાટાની પેરેન્ટ કંપની JLRની માલિકીની છે. તે પેસેન્જર વ્હીકલ, કોમર્શિયલ વ્હીકલ, ટૂ-થ્રી વ્હીલર અને એનર્જી સ્ટોરેજ સોલ્યુશન (ESS) ઉદ્યોગોમાં ગ્રાહકોને સેવા આપે છે, જે અત્યાધુનિક ઉચ્ચ ઉર્જા અને લાંબા સમય સુધી ચાલતા LFP બેટરી સેલનો સપ્લાય કરશે. અગ્રાટાસ કંપની વિશ્વની અગ્રણી યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ અને વ્યૂહાત્મક ભાગીદારો સાથે સહયોગ કરીને ભારત અને યુકેમાં નવા R&D ઈનોવેશન હબમાં નેક્સ્ટ જનરેશન બેટરી ટેકનોલોજી વિકસાવવાની યોજના ધરાવે છે.

## થોડી ઈધર કી થોડી ઉધર કી

# રાજ્યે-રાજ્યે મોદી તારા ડાયરા...ત્રણનું રાજકારણ પુરૂ...અને નવા ત્રણનું શરૂ...

ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરાની જેમ હવે રાજ્યે રાજ્યે મોદી તારા ડાયરા...કહેવુ પડે એવા પરિણામોથી ભાજપ ખુશ હુવા...! કેમ કે



રાજનીતિમાં કોઈપણ પાર્ટીનો અલ્ટીમેટમ ગોલ આખરે તો સત્તા મેળવવાનો હોય છે અને યુધ્ધની સાથે હવે ચૂંટણીમાં પણ એવુ થઈ ગયું કે જો જીતા હો સિકંદર....પછી તમે કઈ રીતે જીત્યા એ મહત્વનું નથી. ભલે બોગસ વોટીંગ થયું હોય કે ઈવીએમમાં ગરબડ થઈ હોય કે લોકોના દિલમાં હજુ મોદી વસે છે એટલે હોંશે હોંશે મતોના ઢગલા કર્યા હોય પણ જિત્યા એટલે બધુ માફ....

પરિણામો બાદ ત્રણ રાજ્યોમાં ત્રણ નેતા પણ પતી ગયા. ત્રણેયને વીઆરએસ લઈ લેવુ પડ્યું. વી એટલે વસુંધરા, આર એટણે રમણસિંહ અને એસ એટલે શિવમામા. મહારાની ગુપચપ ગુપચુપ ચુપ..... શિવમામાએ વેદના જાહેર કરી અને દિલ્હીથી ફરમાન આવતા મિંદડી બની ગયા તો રમણસિંહને કહી દેવામાં આવ્યું તમારા કારણે ગઈ વખતે હાર્યા હતા..તમારો જાદુ ખતમ અને મોદીનો જાદુ હજુ પ્રભાવશાળી એટલે રમણસિંહ મૌન. આત્રણ નેતાઓને માર્ગદર્શક મંડલમાં સામેલ કરી દેવાય તો નવાઈ નહીં..

ત્રણ રાજ્યોના તદન નવા ચહેરા ભજનલાલ શર્મા-વિષ્ણુ સાઈ અને મોહન યાદવ-પસંદ કરાયા અને રાજસ્થાનમાં તો પૂર્વ મુખ્યમંત્રી ગેહલોતની સામે ભ્રષ્ટ્રાચારની તપાસ શરૂ પણ થઈ ગઈ... સમજો કે ગેહલોતને મુશ્કેલી આવી શકે. એટલે એક સમયના જાદુગર અશોક ગેહલોત તમામ તૈયારી સાથે તૈયાર...

### કરોડોપતિ શાહુ એન્ડ કંપની બોલશે- ઇસ બચ્ચે કા બાપ કોંગ્રેસ હૈ...?!! બસ, પ્રતિક્ષા કરો...



ધીરજ શાહુ કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ છે. બે વખત લોકસભામાં હાર્યા બાદ યેનકેન પ્રકારે રાજ્યસભામાં પહોંચ્યા અને તેમના પર તપાસ એજન્સીઓની ક્યારનીય નજર હશે અને તેથી જેવા પરિણામો આવ્યાં કે ધીરજને ત્યાંથી 351 કરોડની રોકડ મળી....કહો કે બેંક ઓફ શાહુ....!!


ભાજપવાળા આવી તક છોડતા હશે.. શાહુને ત્યાં મળેલા બેનંબરના પૈસા કોંગ્રેસના છે અને પ્રજાના લૂંટલે એક એક પૈસો પાછો આપવો પડશે...એમ જ્યારે ખુદ પીએમ મોદી કહે એટલે સમજી લેવુ કે શાહુ તો ગિયો....જેમ અશોક ગેહલોત ગયો...!

યાદ હશે જ કે રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર વખતે પીએમ મોદીએ શું કહ્યું હતું...અશોક ગેહલોત ઈસ બાર તો નહીં ઉસકે બાદ ભી સીએમ નહીં બનેંગે યે મેરી ગેરંટી હૈ....અને રાજસ્થાનનું પરિણામ સૌની સામે છે. ગેહલોત પૂર્વ સીએમ બન્યા અને જેમનુ નામ ચિઠ્ઠીમાં વાંચીને મહારાની રાજે ચોંક્યા એ ભજનલાલ શર્મા રંગીલા રાજસ્થાનના સીએમ બન્યા. સમજો કે 2028માં રિવાજ બદલાશે અને રાજ ફરીથી ભાજપ પાસે રહેશે કેમ કે યે મોદી કી ગેરંટી હૈ...

તો વાત હતી સાહુની અને હજુ તપાસ ચાલે છે રોકડ બાદ હવે સોના ચાંદી હિરા મોતીની તપાસ ચાલી રહી છે.....કોંગ્રેસ ભલે ન બોલે પણ શાહુ એન્ડ કંપની બોલશે- ઈસ બચ્ચે કા બાપ કોંગ્રેસ હૈ...?!! બસ, પ્રતિક્ષા કરો...

### જેમના જોરે કૂદતા હતા એમની સામે જ તલવાર કાઢો તો જેલ તો જાના પડેંગા...!?

બાત નિકલી હૈ તો દૂર તલક જાયેંગી...ની જેમ મામલો કેજરીવાલ



અને ગુજરાતમાં તેમની પાર્ટીનો છે. કેજરીવાલ ધરપકડ ટાળવા કોર્ટ પહોંચ્યા પણ રાહત ન મળી અને ગુજરાતમાં પાંચ ધારાસભ્યોમાંથી એક ભૂપત ભાયાણીની વિકેટ ખોરવાઈ ગઈ અને તે પછી અન્ય ધારાસભ્ય ચૈતર વસાવા 40 દિવસ બાદ પોલીસ સમક્ષ હાજર થયાં. બન્ને વચ્ચેનો ટાઈમિંગ જણાવે છે કે ચૈતર પણ જેલથી બચવા ભાયાણીની જેમ કેસરી ખેસ પહેરે તો સમજો કે પાંચે પાંચ ધારાસબ્યો પૂર્વ બની જશે અને પછી કમલમના આશિર્વાદથી લોકસભાની સાથે યોજાનારી પાંચ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીમાં ઉભા રહેશે.


પહેલા સીએમ અને પછી પીએમ બનવા માંગતા કેજરીવાલે દિલ્હી વિધાનસભામાં અદાણીના મામલે કરેલા આરોપો રેકર્ડમાંથી દૂર નહીં કરે ત્યાં સુધી ઉનકા જે જાના તય હૈ...કેમ કે કેજરીવાલે વિધાનસભામાં ગાજી ગાજીને બોલ્યા હતા કે અદાણીની ટૂંકા ગાળામાં બનેલી અઢળક સંપત્તિ અને પૈસા અદાણીના નથી પણ મોદીના છે...અને પીએમ ચાર ચોપડી પાસ છે...એવા આરોપો દિલ્હી વિધાનસભાના રેકર્ડમાં નોંધાયેલા છે..... કેજરીવાલે ભૂલ એ કરી કે જેમના જોરે અને ખીલે કૂદતા હતા એમની સામે જ તલવાર કાઢો તો જેલ તો જાના પડેંગા... કબ જાના પડેંગા યે ભી કેજરીવાલ કો માલુમ હૈ... જો કે કેજરીવાલ શરણાગતિ સ્વીકારશે કે અકડબમ્બ રહેશે એ તો તેઓ જાણે પણ ગુજરાતમાંથી ઝાડુ, સમજો કે ગયો....?!

-પ્રવીણ ઘમંડે

# શહેરમાં 18થી 24 ડિસેમ્બર દરમિયાન ગુરૂમાની શ્રીમદ્ ભાગવત કથા યોજાશે

ગુજરાત | વંદન

ગાંધીનગરમાં ગુરૂમા સમાનંદ સરસ્વતીજીની શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. 18થી 24 ડિસેમ્બર દરમિયાન સેક્ટર-11માં, બૅન્ક ઑફ બરોડાની પાછળ અને એલ.આઈ.સી. ઑફિસની સામેના ભાગવત કથા મેદાનમાં કથા યોજાશે. દરરોજ બપોરે 2.30 વાગ્યાથી 6.30 દરમિયાન શ્રીમદ્ ભાગવત કથાનો લાભ લેવા ગાંધીનગર અને આસપાસના ગ્રામીણ વિસ્તારોના નાગરિકોને સમદર્શન આશ્રમ, સેક્ટર-1 દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




સત્સંગના રજતજયંતી વર્ષ 'કૃપાપર્વ'ની ઉજવણીના ભાગરૂપે ગુરૂમાના શ્રીમુખેથી શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. સમદર્શન આશ્રમના ટ્રસ્ટી કનુભાઈ પટેલ અને સુભદ્રાબેન પટેલ તથા ડૉ. સંજીવ હરિભક્તિ અને ડૉ. નિભા હરિભક્તિના મુખ્ય યજમાનપદે બિરાજશે. ગાંધીનગરના અગ્રણી સંજયભાઈ ગિરીશચંદ્ર ત્રિવેદી પોથી યજમાન છે.

### અંબાજીમાં એરિયા ડેવલપમેન્ટ ઓથોરીટી ના કામોને સૈદ્ધાંતિક મંજૂરી

## અંબાજી આસપાસના વિસ્તારના વિકાસ માટે 97.32 કરોડ મંજૂર






ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પવિત્ર યાત્રાધામ આદ્ય શક્તિપીઠ અંબાજીની એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટીમાં સમાવેશ કરાયેલા ગામોમાં પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનાં કામો હાથ ધરવા ૯૭.૩૨ કરોડ રૂપિયાની દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. બાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન નિયમન સત્તામંડળમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અંબાજી, ઝરીવાવ, ચીખલા, જેતવાસ, પાનૂછા, રીંછડી, કોટેશ્વર અને કુંભારિયા મળીને ૮ ગામો સમાવિષ્ટ છે. અંબાજી એરીયા ડેવલોપમેન્ટ એન્ડ પિલગ્રીમેજ ટુરીઝમ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર અને ઘનચરા નિકાલની કામગીરી માટે તૈયાર કરાયેલા ડીટેઈલ્ડ રિપોર્ટને ઓથોરિટીની બોર્ડ બેઠકે મંજૂરી આપીને રાજ્ય સરકાર સમક્ષ રજૂ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં પાણી પુરવઠા, અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના સમગ્રતયા રૂ. ૯૭.૩૨ કરોડના કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. અંબાજીમાં ઉત્તરોત્તર થઈ રહેલા યાત્રિક સુવિધાના વિકાસ કામો તથા પ્રવાસન આકર્ષણોને પરિણામે આ યાત્રાધામમાં દેશ-વિદેશના પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવતા રહે છે. અંબાજી અને આસપાસના ગામોમાં હવે આ નવા વિકાસ કામો હાથ ધરાવાને પરિણામે સ્વચ્છતા જળવાશે અને યાત્રી સુવિધા સુખાકારીમાં પણ વૃદ્ધિ થશે. અંબાજી અને આસપાસનાં ગામોમાં હવે આ નવા વિકાસ કામો હાથ ધરાવામાં આવશે. જેના પરિણામે યાત્રી સુવિધા સુખાકારીમાં વૃદ્ધિ થશે.

### શિયાળામાં ઠંડીની જમાવટ થતાં જ ખેડૂતો વાવણીમાં વ્યસ્ત



## આણંદ જિલ્લામાં 1.3 લાખ હેક્ટરમાં રવી પાકનું વાવેતર

### ડિસેમ્બરના પ્રથમ સપ્તાહ સુધીમાં 12,057 હેક્ટરમાં પિયત ઘઉંનું વાવેતર થયું

ગુજરાત | વંદન

આણંદ જિલ્લામાં ઠંડીની શરૂઆત સાથે જ ખેડૂતોએ ઘઉંના વાવેતરની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જિલ્લામાં ડિસેમ્બર માસના પ્રથમ સપ્તાહ સુધીમાં કુલ ૧,૦૩,૭૧૭ હેક્ટર વિસ્તારમાં રવી પાકનું વાવેતર કરાયું છે. જેમાં તા.૮ ડિસેમ્બર,૨૦૨૩ સુધીમાં ૧૨,૦૫૭ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું વાવેતર કરાયું છે. આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધતા ઘઉંના વાવેતરમાં વધારો નોંધાશે તેમ ખેતીવાડી વિભાગ સૂત્રો દ્વારા જણાવાયું છે.

ચાલુ વર્ષે ચોમાસાની લાંબી સીઝન બાદ મોસમના બદલાતા મિજાજ તથા કમોસમી વરસાદને લઈ આણંદ જિલ્લામાં ઘઉંના વાવેતરનો મોડો પ્રારંભ થયો હતો. દિવાળી પર્વ બાદ પણ ઠંડીની યોગ્ય જમાવટ ન થતાં ખેડૂતો મુંઝવણમાં મુકાયા હતા. સાથે સાથે દિવાળી ટાંણે મજુર વર્ગ પર્વની ઉજવણી માટે વતન ગયો હોય ખેતીકામમાં વિલંબ થયો હતો.

નવેમ્બર માસના અંતિમ ગાળામાં ધીમે ડગલે ઠંડીની જમાવટ થતા ખેડૂતો દ્વારા ઘઉંના પાકનું વાવેતરની તૈયારીઓ શરૂ કરાઈ હતી અને ડિસેમ્બર માસના પ્રથમ સપ્તાહ સુધીમાં જિલ્લામાં કુલ ૧૨,૦૫૭ હેક્ટર વિસ્તારમાં પિયત ઘઉંનું વાવેતર થયું છે. જિલ્લાના ભાલ પંથક સહિતના કેટલાક વિસ્તારોમાં ખેડૂતો દ્વારા પોતાના ખેતરો ખેડીને તૈયાર કરી દેવામાં આવ્યા છે.

જિલ્લામાં ધીમે ધીમે ઠંડીની યોગ્ય જમાવટ થતા હવે ખેડૂતો ઘઉંની વાવણીમાં વ્યસ્ત બન્યા છે. આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધતા અને ચરોતર પંથકની નહેરોમાં સિંચાઈ વિભાગ દ્વારા પાણી છોડવામાં આવતા પિયત ઘઉંના વાવેતરમાં તેજી જોવા મળશે.

મોટાભાગે દિવાળી પર્વ બાદ શિયાળાની જમાવટ થતાં ધરતીપુત્રો રવી પાકની વાવણી કરતા હોય છે. ત્યારે ચાલુ વર્ષે ખેડૂતોએ વરસાદી મોસમને લઈને રવીપાકની વાવણી મોડી શરૂ કરી હતી. જેને લઈ નવેમ્બર માસના મધ્યગાળા સુધીમાં વાવેતરનો આંક નીચો રહેવા પામ્યો હતો.જિલ્લામાં નોંધાયેલા કુલ વાવેતરમાં ડિસેમ્બર માસના પ્રથમ સપ્તાહ સુધીમાં ઘઉં, જુવાર, ચણા, કઠોળ, રાઈ, તેલીબિયા, તમાકુ, જીરુ, સવા, બટાકા, શક્કરિયા, શાકભાજી, ચીકોરી, હજારીના ફુલ, અસાળિયો, સરગવો તેમજ ઘાસચારાનો સમાવેશ થાય છે. જો કે ચરોતર પંથક તમાકુની ખેતી અને ચરોતરનો ભાલ પંથક ઘઉંની નિકાસ માટે વિશ્વખ્યાતિ ધરાવે છે.

ઘઉંની ખેતી માટે પાણી અને ઠંડીની જરૂરિયાત હોઈ નહેરોમાં પોણી છોડાવાની સાથે ઠંડીની યોગ્ય જમાવટ થતાં ચરોતર પંથકમાં ધરતીપુત્રો દ્વારા રવીપાકનું વાવેતર શરૂ કરાયું છે અને જેમ-જેમ ઠંડી વધશે તેમ-તેમ વાવેતરના આંકમાં વધારો નોંધાશે તેવું ખેતીવાડી વિભાગ સૂત્રો જણાવી રહ્યા છે.

## શહેરની ચાર ખાનગી પ્રાથમિક સ્કૂલોની માન્યતા સરકારે રદ કરી

### વિવિધ ગેરરીતિ સહિતના કારણોસર લેવાયો નિર્ણય

ગુજરાત | વંદન

વિવિધ ગેરરીતિઓ અને અસુવિધાઓ તેમજ બિલ્ડીંગ સહિતના વિવિધ કારણોને લીધે સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા અમદાવાદ શહેર ડીઈઓ કચેરીના તપાસ રિપોર્ટના આધારે ચાર સ્કૂલોની માન્યતા રદ કરવાનો ઓર્ડર કરવામાં આવ્યો છે. જેમાં બે સ્કૂલો હાટકેશ્વરની છે અને બે સ્કૂલો ગેરતપુરની છે. આ ચારેય સ્કૂલો ખાનગી અને પ્રાયમરીની છે.

અમદાવાદને ગેરતપુર રેલ્વે ક્રોસિંગ નજીક આવેલી નૂતન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બે ખાનગી પ્રાયમરી સ્કૂલોની માન્યતા રદ કરવામા આવી છે. ત્યારબાદ 23 ઓક્ટોબરે રૂબરૂ સુનાવણી કરવામાં આવી હતી જેમાં મેનેજમન્ટ તરફથી હાજર ન રહેતા 8 નવેમ્બરે ફરીથી સુનાવણી રખાઈ હતી. તપાસના તારણો અને સુનાવણીના નિવેદન બાદ ફાઈનલ રિપોર્ટ અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા પ્રાથમિક શિક્ષણ વિભાગને મોકલાયો હતો. અમદાવાદ શહેર ડીઈઓના જણાવ્યા મુજબ આ ટ્રસ્ટની સ્કૂલ અગાઉ બીજા સ્થળે હતી અને જે શહેર ડીઈઓ કચેરીમાં સ્થળ ફેરફારની તપાસ ફાઈલ ચાલતી હતી. જેથી આ ફરિયાદની તપાસ પણ અહીંયાથી જ કરાઈ હતી.

તપાસ બાદ ધ્યાને આવ્યું હતુ કે નૂતન એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા નૂતન હિન્દી વિદ્યાલય, શ્રદ્ધા ઈન્ટરનેશનલ સ્કૂલ ( ધો.1થી5 અંગ્રેજી માધ્યમ ) અને ભગવતી ગુજરાતી બાલ મંદિર તથા પ્રાથમિક સ્કૂલ (ગુજરાત માધ્યમ ધો.1થી8) એક જ સ્થળે એક બિલ્ડીંગમાં ચલાવવામા આવે છે. મંજૂરી સમયના નકશા મુજબ 6 રૂમ મંજૂર હતા અને જેમાં આ ત્રણ સ્કૂલો કાર્યરત છે પરંતુ સ્કૂલ મેનેજેન્ટના લેખિત નિવેદન મુજબ સ્કૂલમાં 11 વર્ગખંડો છે.જેમાંથી હાલ પાંચનું બાંધકામ ચાલી રહ્યું છે. જેથી જરૂરીયાાત મુજબના વર્ગખંડો ઉપલબ્ધ ન હોવાથી અને મંજૂર સમયે એફિડેવિટમાં ખોટી વિગતો જાહેર કરી ખોટું સોગંધનામુ રજૂ કરી માન્યતા મેળવેલ હોવાનું સાબિત થયું છે.

### પશ્ચિમ રેલવે ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સની 17મી સ્ટેટ રેલી અને કેમ્પનું ઉદ્ઘાટન

ગુજરાત | વંદન

પશ્ચિમ રેલવે, ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સની 17મી સ્ટેટ રેલી (કેમ્પ) 2023, તારીખ 15.12.2023 થી 19.12.2023 સુધી ફૂટબોલ ગ્રાઉન્ડ, સામુદાયિક ભવન પાસે ન્યૂ રેલવે કોલોની સાબરમતી, અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવનાર છે. જેનું ઉદ્ઘાટન મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી સુધીર કુમાર શર્મા 15.12.2023 ના રોજ 17.00 કલાકે કરશે.

આ સ્ટેટ રેલી (કેમ્પ)માં પશ્ચિમ રેલવે સ્ટેટ ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સના 07 જિલ્લા ના સંગઠનો અને પ્રાદેશિક રેલવે અને નજદીકી રાજ્યોના લગભગ 900 સ્કાઉટ્સ/ગાઈડ અને આગેવાનો ભાગ લેવા જઈ રહ્યા છે. આ રેલીમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, Pioneering, વિવિધ કૌશલ્ય સંબંધિત કાર્યક્રમ સ્કાઉટ/ગાઈડના બાળકો દ્વારા કરવામાં આવશે. તમામ સહભાગીઓ અને આગેવાનો માટે આવાસ અને અન્ય સુવિધાઓ માટેની સંપૂર્ણ વ્યવસ્થા પશ્ચિમ રેલવે સ્ટેટ ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ, અમદાવાદ મંડળ દ્વારા કરવામાં આવી રહી છે.

### સમગ્ર દેશભરમાં ડ્રગ્સ માફિયા માટે ગુજરાત બન્યું હબ

## ગુજરાતમાંથી એક વર્ષમાં 27 હજાર કિલોથી વધુનું ડ્રગ્સ ઝડપાયું, 3 ગણો થયો વધારો

ગુજરાત | વંદન

ગુજરાતના યુવાનોમાં ડ્રગ્સના સેવનનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. વર્ષ 2022માં જ ગુજરાતમાંથી 27837 કિલોગ્રામ કોઈન-અફીણ સહિતનું ડ્રગ્સ ઝડપાયું હોવાનું સામે આવ્યું છે. વધુ ચોંકાવનારી વાત એ છે કે ગુજરાતમાં ત્રણ વર્ષમાં 3 ગણું વધી ગયું છે. વર્ષ 2020માં ગુજરાતમાંથી નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) દ્વારા 11725 કિલોગ્રામ ડ્રગ્સ ઝડપાયું હતું.

વર્ષ 2022માં ગુજરાતમાંથી અફીણ આધારીત સૌથી વધુ 12838 કિગ્રા, ગાંજા આધારીત 14899 કિગ્રા અને 39.1 કિલોગ્રામ કોકેઈન ઝડપાયું હતું. એક વર્ષમાં અફીણ આધારીત સૌથી વધુ ડ્રગ્સ ઝડપાયું હોય તેમાં રાજસ્થાન 1.46 લાખ કિલોગ્રામ સાથે મોખરે છે. બીજી તરફ ઉત્તર પ્રદેશમાંથી ગાંજા આધારીત સૌથી વધુ 10.30 લાખ કિલોગ્રામ ડ્રગ્સ ઝડપાયું છે. ડ્રગ્સ માફિયાઓ માટે ગુજરાતનો 1600 કિલોમીટરનો લાંબો દરિયાકિનારો ડ્રગ્સની હેરાફેરી માટેનું એપી સેન્ટર બન્યું છે. ગુજરાતમાં ઝડપાયેલા ડ્રગ્સમાં મોટાભાગન કેસમાં દરિયાઈ માર્ગનો હેરાફેરી માટે ઉપયોગ થયો હોવાનું સામે આવ્યું છે. અત્યાર સુધીમાં અલગ અલગ પ્રકારના ડ્રગ્સ સાથે 467 કેસ સામે 734 આરોપી ઝડપાયા છે અને તમેની પાસેથી 27 હજાર 947 કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે. જેની કિંમત પર અબજ 55 કરોડ 31 લાખ થાય છે. આ ચોંકાવનરો આંકડો સાબિત કરે છે કે આ ડ્રગ્સ માફિયા માટે ગુજરાત ડ્રગ્સનું હબ બન્યું છે જેમાં અમદાવાદમાં સૌથી વધુ અમદાવાદમાં ડ્રગ્સ મળી આવવાના કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં અંદાજે 2.36 લાખ પુરુષ દ્વારા અફીણ- 1.49 લાખ મહિલા દ્વારા અફીણનું સેવન કરવામાં આવતું હોવાનું એક અભ્યાસમાં સામે આવ્યું છે. આ ઉપરાંત 7.91 લાખ પુરુષ દ્વારા ઓપિઓઈડ્સ અને 6.59 લાખ પુરુષ દ્વારા અન્ય નશીલા પદાર્થનું સેવન કરવામાં આવે છે. પુરુષો અને મહિલાઓમાં ડ્રગ્સના સેવન કરવાનો આ આંક હજુ પણ ઊંચે જાય તેવી ચિંતાજનક સ્થિતિ છે. ગુજરાતમાં ડ્રગ્સના સેવન બદલ૩ વર્ષમાં 528ની ધરપકડ થઈ છે. જેમાં વર્ષ 2020માં 117, વર્ષ 2021માં 200 અને વર્ષ 2022માં 211ની ધરપકડ કરાઈ હતી. NDPS એક્ટ હેઠળ વર્ષ 2020માં 1, 2021માં 2 અને 2022માં 3 એમ 18થી ઓછી વયના બાળકોની જ્યારે 2020માં 19, 2021માં 28 અને 2022માં 32 મહિલાની ધરપકડ થઈ હતી. આ ઉપરાંત ડ્રગ્સની હેરાફરી કરવા બદલ વર્ષ 2020માં 343, વર્ષ 2021માં 497 અને વર્ષ 2022માં 528 એમ કુલ 1350ની ધરપકડ થયેલી છે.

## ગૌહત્યાનું રેકેટ પકડાયું, દંપતિ સહિત 5 શખ્સોની ધરપકડ

### 7 જીવતી ગાયો છોડાવાઇ, 5 વાહનો જપ્ત

ગુજરાત | વંદન

આણંદ તાલુકાના નાપાડ-વાંટા સીમ વિસ્તારમાંથી આણંદ ગ્રામ્ય પોલીસની ટીમે ગત રોજ ગૌવંશની કતલ કરતા દંપતિ સહિત પાંચ શખ્સોને ઝડપી પાડયા હતા. પોલીસે સાત જીવીત ગાયો, પાંચ વાહનો તથા કતલ કરવાના હથિયારો મળી કુલ્લે રૂા.૧૦.૮૯ લાખ ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

આણંદ ગ્રામ્ય પોલીસની ટીમ ગત રોજ રાત્રીના સુમારે પેટ્રોલિંગમાં હતી. દરમ્યાન વહેલી સવારના સુમારે પોલીસની ટીમને બાતમી મળી હતી કે આણંદ પાસેના નાપાડ-વાંટા ગામે મુળાસીમ કાનાકુવા વિસ્તારમાં રહેતા અબ્દુલખાન ગગુભા રાઠોડ પોતાના ઘરે અન્ય માણસોને બોલાવી ગૌહત્યા કરી ગૌમાંસની નિકાસ કરે છે.

જેથી પોલીસની ટીમે નાપાડ-વાંટા ગામે બાતમીવાળા સ્થળે રેઈડ કરતા ઘરની અંદર ચાર પુરૂષ ગોળાકાર એમરી ઉપર છરાની ધાર કાઢતા જ્યારે ત્યાં હાજર સ્ત્રી તેઓને મદદગારી કરતી હોવાનું જોવા મળ્યું હતું. જેથી પોલીસે ત્યાં હાજર શખ્સો પૈકી અબ્દુલખાન ગગુભા રાઠોડની પૂછપરછ હાથ ધરતા તેઓએ ભેગા મળી ગાયની કતલ કરી હોવાની કબૂલાત કરી હતી.પોલીસે હાજર શખ્સોના નામઠામ અંગે પૂછપરછ કરતા તે અબ્દુલખાન ગગુભા રાઠોડ તથા તેઓની પત્ની, સકિલભાઈ સફીભાઈ કુરેશી, મોહસીનભાઈ મહેબુબભાઈ કુરેશી, જીલાની સફીભાઈ કુરેશી (તમામ રહે. નાપાડ-વાંટા, આણંદ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઘટના સ્થળેથી સાત જિવીત ગાયોને બચાવી લીધી હતી અને અમદાવાદની પાંજરાપોળ ખાતે મોકલી આપી હતી.

### ડિસેમ્બર અંત સુધીમાં તમામ તૈયારી પુર્ણ કરાશે, જાન્યુઆરીમાં ખુલ્લો મુકાશે

## રિવરફ્રન્ટ : ફ્લાવર શોની સાત વર્ષમાં ૫૭ લાખ લોકોએ મુલાકાત લીધી...

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિ.તંત્ર દ્વારા રિવરફ્રન્ટ ખાતે એલિસબ્રિજથી સરદારબ્રિજની વચ્ચે ફલાવરશોનું આયોજન કરવામાં આવે છે.સાત વર્ષમાં ૫૭ લાખ લોકોએ ફલાવરશોની મુલાકાત લીધી હતી.ડીસેમ્બર-૨૦૨૩ અંતસુધીમાં ફલાવરશોને લગતી તમામ તૈયારી પુરી કરી લેવાશે. જાન્યુઆરીમાં લોકો માટે ફલાવર શો ખુલ્લો મુકાશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી છેલ્લા એક દાયકાથી રિવરફ્રન્ટ ખાતે ફલાવરશોનું આયોજન કરવામાં આવે છે.વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા દેશ અને વિદેશથી મોટી સંખ્યામાં ડેલીગેટસ આવવાના હોવાથી આ વર્ષે ઈન્ટરનેશનલ લેવલનો ફલાવર શો આયોજિત કરવા તંત્ર તરફથી તૈયારી શરુ કરવામાં આવી છે.આ વખતે ફલાવર શોના આયોજન પાછળકરવામાં આવતા ખર્ચની રકમ પાંચ કરોડથી પણ વધી જવાની સંભાવના છે.૧૨ વર્ષથી ઉપરની વયના મુલાકાતીઓ માટે સોમથી શુક્રવાર સુધી ટિકીટનો દર રુપિયા ૫૦ તથા શનિ-રવિવારના રોજ રુપિયા ૭૫ ટિકીટ દર રાખવામાં આવશે.૮૦૦થી વધુ વિવિધ પ્રકારના પ્લાન્ટેશન,સ્કલપચર તથા ફુડ કોર્ટ સહિતના આયોજન પણ ફલાવર શોમાં જોવા મળશે.




**ફલાવર શો પેટે થયેલી આવક-ખર્ચ**

| વર્ષ | આવક (લાખ) | ખર્ચ (લાખ) | મુલાકાતી (લાખ) |
|---|---|---|---|
| 2015 | 46.01 | 95.05 | 6 |
| 2016 | 35.25 | 120.57 | 8 |
| 2017 | 75.00 | 140.00 | 9 |
| 2018 | 20.80 | 134.00 | 8 |
| 2019 | 81.74 | 140.00 | 8 |
| 2020 | 280.00 | 275.00 | 8 |
| 2023 | 399.00 | 340.00 | 10 |

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આજે પ્રથમવાર ઓન લાઈન લેવાશે મદદનીશ ઈજનેરની પરીક્ષા



ગુજરાત | વંદન

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રાજયમાં સૌ પ્રથમવાર આગામી તા.17ને રવિવારે અધિક મદદનીશ ઈજનેરની સ્પર્ધાત્મક પરીક્ષા ઓનલાઈન લેવામાં આવનાર છે. આ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટે તમામ તૈયારીઓ પરીપૂર્ણ કરી દેવામાં આવી છે.

રાજકોટ ખાતે 1125 જેટલા ઉમેદવારો આ પરીક્ષામાં બેસનાર છે. રાજકોટમાં આ સ્પર્ધાત્મક પરીક્ષા દરમ્યાન કોઈ અનીચ્છનીય ઘટના ન બને તે માટે ઝડબેસલાક આયોજન જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા કરવામાં આવેલ છે.

આ અંગે કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, આ પરીક્ષાના સુચારૂ સંચાલન માટે ખાસ કમીટીની રચનવા કરવામાં આવેલ છે. જેમાં એડી.કમિશ્નર, સીપી અને એસપીનો સમાવેશ કરાયો છે. આ કમીટીની આજે તેઓ દ્વારા બેઠક યોજવામાં આવી હતી. આ પરીક્ષા રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી તેમજ મેટોડાના આઈઓએન કેન્દ્ર મળી કુલ ચાર સ્થળો પરથી ઓનલાઈન લેવામાં આવશે.

### 22 જાન્યુ. 2024ના રોજ રામ લલ્લાની મંદિરમાં સ્થાપના કરાશે

## ખુશખબર! અમદાવાદથી અયોધ્યા વચ્ચે નોન સ્ટોપ ફ્લાઈટ

### ભવ્ય સમારંભને નિહાળવા દેશ-વિદેશથી મોટી સંખ્યામાં લોકો અયોધ્યા પહોંચશે







ગુજરાત | વંદન

અયોધ્યામાં રામમંદિર તૈયાર થવાની અણીએ છે ત્યારે રામલલ્લાની મંદિરમાં સ્થાપના કરવાને લઈને જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. 22 જાન્યુઆરી 2024ના રોજ રામ લલ્લા મંદિરમાં સ્થાપિત કરાશે તેવી પણ માહિતી છે. આ સૌની વચ્ચે ભવ્ય સમારંભને નિહાળવા દેશ વિદેશથી મોટી સંખ્યામાં લોકો અયોધ્યા પહોંચશે. ગુજરાતથી આ કાર્યક્રમમાં સામેલ થવા જનારા લોકોને લઈને એક સારા સમાચાર આવ્યા છે.

માહિતી અનુસાર ગુજરાતથી પણ અનેક સંતો-મહંતો અને ભક્તો અયોધ્યા જવાનું પ્લાનિંગ કરી રહ્યા છે ત્યારે અમદાવાદના એરપોર્ટથી અયોધ્યા સુધી નોન સ્ટોપ ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ફ્લાઈટનું સંચાલન 11 જાન્યુઆરીથી થશે. ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા આ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જેમાં ભક્તોને અમદાવાદથી સીધા અયોધ્યા પહોંચવામાં સરળતા રહેશે. માહિતી અનુસાર આ ડાયરેક્ટ ફ્લાઈટનું સંચાલન અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટથી થશે અને ફ્લાઈટનું ઉતરાણ અયોધ્યાના મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ એરપોર્ટ પર થશે. આ ફ્લાઈટ માટે ભક્તોએ મહત્તમ ભાડું 3999 જ ચૂકવવાનું રહેશે. ફ્લાઈટ ઓછામાં ઓછા 1 કલાક અને 50 મિનિટમાં લોકોને અયોધ્યા પહોંચાડી દેશે.

### ચીનમાં ફેલાયેલા વાયરસ મામલે આરોગ્ય વિભાગ સતર્ક

ગુજરાત | વંદન

ચીનમાં રહસ્યમય બીમારી વકરતા ગુજરાતમાં આરોગ્ય વિભાગે એલર્ટ જાહેર કર્યું છે. ચીની વાયરસને લઈ રાજ્યનું આરોગ્ય વિભાગ સતર્ક થયું છે.તો બીજી તરફ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે રાજ્યોને માર્ગદર્શિકા મોકલી છે.

19 ડિસેમ્બર સુધી રાજ્યની હોસ્પિટલોમાં મોકડ્રિલનું આયોજન થશે. ઓક્સિજન, બેડ, દવાઓની હોસ્પિટલમાં ચકાસણી પણ કરવામાં આવશે. તમામ હોસ્પિટલોને તમામ સુવિધા ઉપલબ્ધ રાખવા સૂચના અપાઈ છે.

ચીનમાં ફેલાયેલા વાયરસ મામલે AMC એ તૈયારીઓ શરૂ કરી દીધી છે. થોડા દિવસ અગાઉ AMC સંચાલિકત હોસ્પિટલમાં જરૂરી દવા ઉપલબ્ધ કરવાની સૂચના આપવામાં આવી હતી.

### ગુજરાતમાં અત્યાર સુધી 23 હાઈ રાઈઝ બિલ્ડિંગને મંજૂરી

## અમદાવાદમાં બનશે ગગનચૂંબી ઈમારતો, 35થી 37 માળના 7 નવા પ્રોજેક્ટ્સને મંજૂરી



ગુજરાત | વંદન

અમદાવાદમાં 35થી 37 માળની ગગનચૂંબી ઈમારતો બનશે. રાજ્યમાં હાલ 100 મીટરથી વધુની ઊંચાઈ ધરાવતી 15 હાઈરાઈઝ બિલ્ડિંગને મંજૂરી મળી હતી. જે બાદ વધુ 7 નવી બિલ્ડિંગને મંજૂરી મળી છે. આ 7માંથી 5 બિલ્ડિંગ AMCની હદમાં છે તો એક AUDA અને અન્ય બિલ્ડીંગ ગાંધીનગરની હદમાં બનશે. રૂપિયા 4000 કરોડથી વધુના આ પ્રોજેક્ટસ માટે શુક્રવારે પ્રી-વાઈબ્રન્ટ સમિટીમાં MoU કરવામાં આવશે.

અમદાવાદની હદમાં બનનારી આ ગગનચૂંબી ઈમારતોમાં ગોતામાં અતિથિ ગોકુલ બિલ્ડિંગ 35માળની હશે. તો શેલામાં રિવેરા મેજેસ્ટિકમાં 25 માળ, વૈષ્ણોદેવી સર્કલે ટ્રોગોન ટ્વિન ટાવરમાં 32 માળ, બોડકદેવમાં મારુત 360માં 35 માળ, નિરમા યુનિ. પાસે બ્રિલિયામાં 32 માળ, સોલામાં ઋષિકેશ હાર્મનીમાં 31 માળ અને થલતેજમાં ધી સોવરિનમાં 37 માળ હશે. આ તમામ પ્રોજેક્ટ્સ અંદાજે 4038 કરોડની કિંમતના છે.

અત્યાર સુધી ગુજરાતમાં 100 મીટરથી વધુ ઊંચાઈની 23 ઈમારતોને મંજૂરી મળી ગઈ છે. જેમાંથી અમદાવાદ શહેરમાં 18 બિલ્ડિંગ હશે અને ઔડા વિસ્તારમાં 2 છે. સુરત, ગાંધીનગર તથા વડોદરામાં 1-1 પ્રોજેક્ટ્સ હશે. આમ ગુજરાતમાં પણ દુબઈ-સિંગાપોર જેવી ગગનચુંબી ઈમારતો આગામી સમયમાં જોવા મળી શકે છે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

સંપાદકીય....

## સંસદ પર સ્મોક હુમલો

# સુરક્ષાકર્મી ચેતતો હશે તો સબ સલામત અને સદા સલામત...! નહીંતર...?



દેશની રાજધાની નવી દિલ્હીમાં જ્યારે નવી સંસદ બની અને ખુલ્લી મૂકાઇ ત્યારે સત્તાવાળાઓ દ્વારા ખૂબ જ આત્મવિશ્વાસ સાથે મજબૂતાઇથી દાવો કરવામાં આવ્યો હતો કે જુની સંસદ પર ભલે આતંકી હુમલો થયો હોય પણ નવી સંસદમાં પરિંદા ભી પર નહીં માર શકતા...એવી જડબેસલાક સલામતી અને સુરક્ષાની વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ યોગાનુયોગ જુની સંસદ પર થયેલા હુમલાની તારીખે જ 22 વર્ષ પછી નવી સંસદમાં પ્રેક્ષક દિર્ઘામાંથી કેટલાક યુવાનો સદનમાં કૂદી ગયા અને તેમની પાસે રહેલાં સ્મોક ગન દ્વારા લોકસભાની અંદર ચારેબાજુએ ધૂમાડે ધુમાડા કરીને ભય અને આંતક ફેલાવી દઇને સુરક્ષાની વ્યવસ્થાને સીધો પડકાર ફેંક્યો છે.

સુરક્ષાકર્મીઓએ 6 જણાંની ધરપકડ કરી છે. લોકસભાની અંદર અને સંસદના પરિસરમાં એક યુવતી સહિત અન્યોએ સ્મોક બોંબ દ્વારા ધુમાડો છોડવાનું કૃત્ય આચર્યું છે. ધારો કે તેમની પાસે ઝેરી ગેસ ભરેલી સ્પ્રે ગન હોત તો...?! સદનશીબે તે વખતે સદનમાં વડાપ્રધાન મોદી હાજર નહોતા, નહીંતર ખૂબ મોટો બનાવ ભારતના ઈતિહાસમાં બની જાત.

22 વર્ષ પહેલાં 13 ડિસેમ.ના રોજ જુની સંસદ પર સત્ર દરમ્યાન આતંકીઓએ અંદર ઘૂસીને હુમલો કર્યો હતો, બોંબ ધડાકા કર્યા હતા અને આખુ સંસદ ઉડાવી દેવાના પ્રયાસ માટે આવ્યાં હોય એટલી ઘાતક સામગ્રી તેમની પાસેથી મળી આવી હતી,. તેમને પડકારવામાં આવ્યાં અને સામ-સામે ગોળીબારમાં 9 પોલીસ સુરક્ષાકતર્મીઓ શહીદ થયા હતા અને તમામ આતંકીઓને હણી નાંખવામાં આવ્યાં હતા.

આઝાદ ભારતના ઈતિહાસમાં સંસદ પર આ પહેલો આતંકી હુમલો હતો. તે પછી સંસદની સુરક્ષા વ્યવસ્થામાં સુધારા-વધારા કરવામાં આવ્યાં અને તાજેતરમાં નવી સંસદ બની ત્યારે ખાતરી આપવામાં આવી હતી કે જુની સંસદ જેવુ નહીં થાય. પરંતુ કેટલાક ટાબરિયાઓએ નવી સંસદની સુરક્ષાને સીધો પડકાર ફેંકીને સ્મોક બોંબ સ્પ્રે સાથે અંદર ઘૂસ્યા અને દિર્ઘામાંથી સદનમાં કૂધા અને વડાપ્રધાનની બેઠક તરફ જવાનો પ્રયાસ કર્યો, સ્પ્રે ફેલાવ્યો પણ કેટલાક હિંમતવાન સાંસદોએ તેમનો સામનો કર્યો અને પકડીને તેમની ધોલધપાટ કરીને સુરક્ષાકર્મીઓને સોંપ્યા.

આ તોફાની તત્વોએ એવો બચાવ કર્યો કે તેઓ બેકાર છે અને તેમને રોજગારી મળતી નથી તેથી સરકારનું અને દેશનું ધ્યાન ખેંચવા માટે સંસદને નિશાન બનાવીને આવુ કર્યું. તેમણે જોશમાં આવીને નહીં પણ સમજીવિચારીને આવુ કર્યું છે ત્યારે તેમને કાયદાની રૂએ કડકમાં કડક સજા ફટકારવી જોઇએ જેથી ભવિષ્યમાં કોઇ આવુ ન કરે. કેમ કે જો દાખલો બેસાડવામાં નહીં આવે તો આવતીકાલે કોઇ આત્મઘાતી ઝેરી ગેસ સાથે આ રીતે ઘૂસી જશે અને સદનમાં કૂદીને ન કરવાનું કરી બેસશે તો શું થશે તેની કલ્પાના જ કરવી રહી.

જાણકારો તો એમ પણ કહે છે કે બની શકે કે આ કોઇ મોટા હુમલા પહેલાનું રિહર્સલ પણ હોઇ શકે અને આ કેસમાં શીખ આતંકી પનુનની એન્ટ્રી પણ ચિંતાજનક કહી શકાય કેમ કે તેમણે ઘૂસણખોરોને શાબાશી આપીને તેમના પરિવારજનોને 10 લાખ આપવાની જાહેરાત કરી છે અને સંસદ પર હુમલો કરવાની વળી પાછી નવી ધમકીઓ આપી છે. બની શકે કે શીખ આતંકીએ તકનો લાભ લઈને સસ્તી લોકપ્રિયતા મેળવવાનો પ્રયાસ કર્યો હોય. તેમ છતાં તેમની ધમકીઓને નજરઅંદાજ કરી ન શકાય. કેમ કે તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની શીખ અંગરક્ષકો દ્વારા વિશ્વાસઘાત કરીને હત્યા કરવામાં આવી હતી. કેનેડામાં શીખ આતંકી નિજ્જરની હત્યાના મામલે ભારત સામે ખુદ કેનેડા સરકારે ગંભીર આરોપ મૂક્યો છે અને તેઓ બદલો લેવા ઈન્દિરા ગાંધીની હત્યાની જેમ કોઇપણ હદે જઇ શકે છે. તેથી આ ઘટનાને હળવાશથી ન લેતા તેના મૂળ સુધી જઇને એ શોધવુ પડે કે તેમને આવુ કરવા માટે કોણે સહાય કરી, ટેકો આપ્યો અને ખોટુ કરવા માટે ઉશ્કેર્યા...? કહેવત છે કે ચેતતો નર સદા સુખી એમ ચેતતો સુરક્ષાકર્મી હશે તો સબ સલામત અને સદા સલામત...! નહીંતર...?

## ચલો અયોધ્યા.....રામલલ્લા હમ આયે હૈ....નો નાદ દેશભરમાં ગૂંજી ઊઠશે...

### કર્ણપ્રિય મંત્રોચ્ચારની વચ્ચે પીએમ મોદી પોતાના હાથે મંદિરના ગર્ભગૃહમાં મૂર્તિ સ્થાપિત કરશે....

# ઐતિહાસિક ભગવાન રામમંદિરની સાથે મોદીનું નામ પણ ઈતિહાસમાં લખાશે...

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



ઈશુના વર્ષ 2023નો છેલ્લો મહિનો ડિસેમ્બર ધીમ ધીમે વિદાય તરફ છે. 25 ડિસે.થી નાતાલની સાથે ચલો અયોધ્યા.....રામલલ્લા હમ આયે હૈ....દર્શન કર કે જાયેંગે....જય જયશ્રી રામ...ની ગૂંજ દેશ આખામાં સંભળાશે. 500 વર્ષની પ્રતિક્ષાનો અંત 22મી જાન્યુઆરી 2024ના રોજ આવશે કે જ્યારે રામજન્મભૂમિ સ્થળે ભગવાનશ્રીરામનું ભવ્યાતિભવ્ય મંદિર ખુલ્લુ મૂકાશે અને સમસ્ત હિન્દુ સમુદાયની એ આશ પણ પૂર્ણ થશે કે આખરે રામજન્મભૂમિ સ્થળે ફરીથી રામમંદિરનું નિર્માણ થયું ખરૂ.

ભારતના ઈતિહાસમાં અને ખાસ કરીને મંદિર ઈતિહાસમાં અવર્ણનિય, અતુલ્ય અને અનન્ય કહી શકાય એ રીતે અયોધ્યા નગરીને શણગારવામાં આવી રહી છે. હજારો રામભકતોને સમાવી શકાય એવી ટેન્ટનગરી બની રહી છે.નવા વર્ષથી અયોધ્યામાં ભકતોનું આગમન શરૂ થઇ જશે અને 22મી જાન્યુઆરીના રોજ રામ મંદિરની સાથે જેમનુ નામ પણ ઈતિહાસમાં લખાશે એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રામલલ્લા (ભગવાનશ્રીરામનું બાળ સ્વરૂપ)ની મૂર્તિ પૂજારીઓના શ્લોક અને મંત્રોચ્ચારની વચ્ચે પોતાના હાથે મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત કરશે અને તે સાથે રામ જન્મભૂમિ આંદોલનનું એક રીતે સમાપન પણ થઇ જશે.

રામનગરી અયોધ્યામાં રામલલ્લાના ભવ્ય મંદિરે આકાર લઇ લીધો છે. પ્રથમ તબક્કાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. 22 જાન્યુઆરી, 2024ના રોજ મંદિરના અભિષેક પહેલા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક નિર્ણય બાદ રામ મંદિર નિર્માણની યોજના પૂર્ણ થઈ ગઈ છે. શ્રી રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ વિવાદમાં સુપ્રીમ કોર્ટે 2019માં ઐતિહાસિક નિર્ણય આપ્યો હતો.

ચુકાદાના પગલે રામભક્ત નરેન્દ્ર મોદી સરકારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કરી અને રામ મંદિર નિર્માણ માટે યોજના તૈયાર કરી. ટ્રસ્ટ દ્વારા તૈયાર થઈ રહેલા મંદિરને જોઈને સૌ કોઈને ગર્વ થાય છે. રામ મંદિરનું નિર્માણ નાગર શૈલીમાં થઈ રહ્યું છે. પ્રખ્યાત ટેમ્પલ આર્કિટેક્ટ ચંદ્રકાંતભાઈ સોમપુરાની ટીમ દ્વારા તેની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.

મંદિર નિર્માણ કરનારાઓ તરફથી આ મંદિર અંગે દાવો કરવામાં આવી રહ્યો છે કે એક હજાર વર્ષ સુધી તેને કોઈ સમારકામની જરૂર નહીં પડે. આ મંદિર યુગો સુધી ભગવાન શ્રી રામના મહિમાની સ્તુતિ કરતું રહેશે. અને દુનિયાભરમાંથી રામભક્તો તેના દર્શન માટે આવશે.રામજન્મભૂમિ પર જે ભવ્ય મંદિર બનાવવામાં આવી રહ્યું છે તે મુખ્યત્વે ગુલાબી રેતીના પથ્થર અને રાજસ્થાનના મિર્ઝાપુર અને બંસી-પહારપુરના કોતરવામાં આવેલા આરસપહાણથી બનેલું છે. આ સિવાય તેમાં 17,000 ગ્રેનાઈટ સ્ટોન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાંથી દરેકનું વજન 2 ટન છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયનું કહેવું છે કે મંદિરના નિર્માણમાં અત્યાર સુધીમાં 21 લાખ ક્યુબિક ફૂટ ગ્રેનાઈટ, સેન્ડસ્ટોન અને માર્બલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મંદિર આસ્થાનું કેન્દ્ર બનશે. આ મંદિર શ્રી રામની શક્તિને લોકો સમક્ષ લાવવામાં સફળ રહેશે. માનવામાં આવે છે કે 27 જાન્યુઆરી 2024થી રામ મંદિર સામાન્ય લોકો માટે ખુલ્લું મુકવામાં આવશે.

નિષ્ણાતોની સલાહ પર, મંદિરના નિર્માણમાં સ્ટીલ અને સામાન્ય સિમેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. IIT ચેન્નાઈ સાથે પરામર્શ કર્યા બાદ બનાવવામાં આવેલો પાયો 12 મીટર ઊંડો છે. ફાઉન્ડેશનને બેકફિલ કરવા માટે વપરાતી માટી 28 દિવસમાં પથ્થરમાં ફેરવાઈ જાય છે. પાયામાં કુલ 47 સ્તરો નાખવામાં આવ્યા છે.

ચંપત રાય કહે છે કે મંદિરને ઓછામાં ઓછા 1,000 વર્ષ સુધી કોઈ સમારકામની જરૂર પડશે નહીં. 6.5ની તીવ્રતાનો ભૂકંપ પણ તેના પાયાને હલાવી શકશે નહીં. રસપ્રદ વાત એ છે કે, 1992ના 'શિલા દાન' દરમિયાન અને પછી દાનમાં આપવામાં આવેલી તમામ ઈંટો અને છેલ્લા ત્રણ દાયકામાં અયોધ્યાના કારસેવકપુરમમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કોતરણી માટે લાવવામાં આવેલા પથ્થરોનો મંદિરના નિર્માણમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

રામ મંદિર બાંધકામ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ પ્રથમ તબક્કાનું બાંધકામ કાર્ય પૂર્ણ કરવા માટે 15 ડિસેમ્બરની સમયમર્યાદા. નક્કી કરી હતી તે પૂર્ણ થયું છે. ગ્રાઉન્ડ ફ્લોર, જ્યાં ગર્ભગૃહ સ્થિત છે. બીજા તબક્કામાં, પ્રથમ અને બીજા માળ, તમામ ભીંતચિત્રો અને પ્રતિમાનું કામ, નીચલા પ્લીન્થ અને લગભગ 360 વિશાળ થાંભલાઓ પર કોતરણીનું કામ કરવામાં આવનાર છે. આ કામ ડિસેમ્બર 2024 સુધીમાં પૂર્ણ થશે. પહેલા માળે રામ દરબાર હશે અને દરેક સ્તંભમાં 25-30 વળાંકો બનાવવામાં આવશે, જેના પર દેવી-દેવતાઓની આકૃતિઓ કોતરવામાં થશે અને મહર્ષિ વાલ્મીકિ, વિશ્વામિત્ર, નિષાદ, શબરી વગેરેના સાત મંદિરો પણ બનાવવામાં આવશે. ત્રીજા તબક્કામાં 71 એકરમાં ઓડિટોરિયમ અને દિવાલ બનાવવામાં આવશે. તેમાં કાંસ્ય દિવાલ ચિત્રો અને સપ્તર્ષિઓના મંદિરો વગેરેનો સમાવેશ થાય છે. આ કામ ડિસેમ્બર 2025 સુધીમાં પૂર્ણ થશે.

રામની મૂર્તિ એક કોયડોઃ

22 જાન્યુઆરીના અભિષેક સમારોહ પહેલા, મંદિર ટ્રસ્ટ અયોધ્યામાં ત્રણ અલગ-અલગ સ્થળોએ ગુપ્ત રીતે બનાવવામાં આવી રહેલી રામ લલ્લા (5 વર્ષીય દેવતા)ની ત્રણ મૂર્તિઓમાંથી એકની પસંદગી કરશે. પસંદ કરેલી મૂર્તિને પીએમ નરેન્દ્ર મોદીની હાજરીમાં ગર્ભગૃહમાં સ્થાપિત કરવામાં આવશે અને 27 જાન્યુઆરીની સવાર પછી જનતા દેવતાના દર્શન કરી શકશે. પીએમ મોદીના પૂર્વ મુખ્ય સચિવ નૃપેન્દ્ર મિશ્રાએ અગાઉ કહ્યું હતું કે રામ લલ્લાની મૂર્તિના ત્રણ શિલ્પકારોને તેમની પસંદગીના પથ્થર સાથે હતું. તે જ સમયે, સફેદ મકરાણા માર્બલ લાવવામાં આવ્યો હતો. કર્ણાટકથી ભૂરા રંગનો પથ્થર લાવવામાં આવ્યો છે, જે કૃષ્ણ શિલા તરીકે ઓળખાય છે. શિલ્પો માટે લાવવામાં આવેલા પથ્થર અને અન્ય તમામ પ્રકારના પથ્થરોનું સરકારી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ રોક મિકેનિક્સમાં પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પછી જ શિલ્પકારોને કામ શરૂ કરવાનું કહેવામાં આવ્યું હતું.

આ ત્રણેય પ્રતિમાઓ 51 ઈંચ ઉંચી હશે અને તેમના હાથમાં ધનુષ અને તીર હશે. આસન સહિત દરેક મૂર્તિની ઊંચાઈ અંદાજે 7 ફૂટ હશે. જાણકારોનું કહેવું છે કે ભક્તો માટે 25 ફૂટ દૂરથી દર્શન કરવા જરૂરી છે. દર રામનવમીના રોજ બપોરે 12 વાગ્યે મૂર્તિના કપાળ પર સૂર્યપ્રકાશને વાળવાની અને પ્રતિબિંબિત કરવાની પદ્ધતિ મંદિરનું અન્ય એક ઓપ્ટિકલ આકર્ષણ છે. તે સેન્ટ્રલ બિલ્ડિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, રૂરકી અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ એસ્ટ્રોફિઝિક્સ, પૂણે દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે.

### રામ મંદિર નિર્માણની મહત્ત્વની તારીખો પર એક ઉડતી નજર...

**નવેમ્બર 9, 2019:** સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેન્ચે રામ મંદિરના નિર્માણ માટે વિવાદિત 2.77 એકર જમીન ટ્રસ્ટને સોંપવાનો ચુકાદો આપ્યો. આ જમીનના બદલામાં કોર્ટે અયોધ્યામાં સુન્ની વક્ફ બોર્ડને મસ્જિદના નિર્માણ માટે 5 એકર જમીન આપવાનો નિર્ણય કર્યો હતો.

**5 ફેબ્રુઆરી 2020:** સુપ્રીમ કોર્ટના આદેશ હેઠળ કેન્દ્ર સરકારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના કરી. તેમાં 15 સભ્યો રખાયા હતા. ટ્રસ્ટમાં 9 કાયમી અને 6 નામાંકિત સભ્યો હતા. તમામ હિન્દુ સભ્યોને ટ્રસ્ટમાં રાખવામાં આવ્યા હતા.

**6 ફેબ્રુઆરી 2020:** કેન્દ્ર સરકારે એક રૂપિયાના દાનથી રામ મંદિર નિર્માણ અભિયાન શરૂ કર્યું.

**19 ફેબ્રુઆરી 2020:** શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રની પ્રથમ બેઠક દિલ્હીમાં યોજાઈ હતી. જેમાં મહંત નૃત્ય ગોપાલ દાસને પ્રમુખ અને વિશ્વ હિન્દુ પરિષદના મહાસચિવ ચંપત રાયને સચિવ તરીકે ચૂંટવામાં આવ્યા હતા. PM નરેન્દ્ર મોદીના પૂર્વ મુખ્ય સચિવ નૃપેન્દ્ર મિશ્રા મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ તરીકે ચૂંટાયા.

**15 માર્ચ 2020:** યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં રામ લલ્લાની મૂર્તિને અસ્થાયી મંદિરમાં સ્થાનાંતરિત કરવામાં આવી.

**5 ઓગસ્ટ 2020:** રામ જન્મભૂમિ મંદિરનું ભૂમિપૂજન થયું. આ ભૂમિપૂજન કાર્યક્રમમાં પીએમ નરેન્દ્ર મોદી યજમાન બન્યા હતા. મંદિર નિર્માણ કાર્ય શરૂ થયું.

**15 જાન્યુઆરી 2021:** રામ મંદિરના નિર્માણ માટે દાન અભિયાન શરૂ કરવામાં આવ્યું. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આ અભિયાનની શરૂઆત કરી હતી. ટ્રસ્ટે આ અભિયાનમાંથી લગભગ 3500 કરોડ રૂપિયાનું ભંડોળ એકત્ર કર્યું.

**1 જૂન, 2022:** યુપીના સીએમ આદિત્યનાથે મંદિરના ગર્ભગૃહનો શિલાન્યાસ કર્યો.

25 ઓક્ટોબર 2023: પીએમ નરેન્દ્ર મોદી 22 જાન્યુઆરી 2024ના રોજ યોજાનાર રામ મંદિરના અભિષેક સમારોહમાં હાજર રહેવા સંમત થયા.

**22 જાન્યુઆરી 2024:** પ્રાણ પ્રતિષ્ઠા સમારોહનું આયોજન કરવામાં આવશે.

**27 જાન્યુઆરી 2024:** મંદિર સામાન્ય લોકો માટે ખોલી શકાય છે.

**ડિસેમ્બર 2024:** મંદિર નિર્માણના બીજા તબક્કાનું નિર્માણ કાર્ય પૂર્ણ થશે.

**ડિસેમ્બર 2025:** રામ મંદિર નિર્માણના ત્રીજા અને અંતિમ તબક્કાનું નિર્માણ કાર્ય પૂર્ણ થશે. જેમાં સૂર્ય, શંકર, ગણપતિ અને ભગવતી મંદિરો સહિત અન્ય સાત મંદિરોનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવશે. રેમ્પાર્ટનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવશે.

આત્મસાત



▪ રિપલકુમાર પરીખ


# ઈશ્વરના અંશનું સ્વાગત, સ્વીકાર, સત્કાર

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

ભગવાનને હજુ પણ આપણા સૌ પર વિશ્વાસ છે, તેનો પુરાવો એ છે કે ભગવાન તેમનો અંશ પૃથ્વી પર દરરોજ મોકલી રહ્યાં છે. તે અંશ એટલે કે પૃથ્વી પર જન્મ લેનાર દરેક નવજાત શિશુ. હવે, આપણે આ ઈશ્વરના અંશનું કેવી રીતે સ્વાગત કરીએ છીએ? તેનો કેવી રીતે સ્વીકાર કરીએ છીએ અને કેવી રીતે સત્કાર કરીએ છીએ, તેના પર આપણી ભગવાન પ્રત્યેની આસ્થા ઉપરાંત આપણી વૃધ્ધાવસ્થાનો પણ આધાર રહેલો છે. આપણે ઈશ્વરના અંશનું સ્વાગત કરવા માટે શું ખરેખર તૈયાર હોઈએ છીએ ખરા? કે ફક્ત મમ્મી - પપ્પા બનવાનો હોદ્દો મેળવવો જ આપણા માટે પૂરતું છે. શું આપણને આપણા બાળકનો યોગ્ય ઉછેર કરતાં ખરેખર આવડે છે? શું બાળઉછેરની એક મહત્વપૂર્ણ જવાબદારી અને આવડત આપણામાં છે? જો ના તો આવી જ બાળઉછેરની બારાક્ષરી શીખવતું અદ્ભુત પુસ્તક એટલે " ઈશ્વરના ઓટોગ્રાફ ". પ્રા. ડૉ. ભદ્રાયુભાઈ વછરાજાની સાહેબના સુમુખે કહેવાયેલી યુટ્યુબ શ્રેણીનો પુસ્તક સ્વરૂપે આસ્વાદ એટલે " ઈશ્વરના ઓટોગ્રાફ ". અહીં મને મહાભારતમાં ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને સંબોધીને કહેલી ભગવદ્ગીતાની યાદ આવી ગઈ. જેમ કુરૂક્ષેત્રની યુદ્ધભૂમિ પર ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને દિવ્ય ગીતાજ્ઞાન આપે છે અને તે ગીતાજ્ઞાન અત્યારે આપણી પાસે ગ્રન્થસ્થ થયેલું છે. તેવી જ રીતે યુટ્યુબ પરના ભદ્રાયુભાઈના ઓડિયો સંગ્રહને ઝેડ- કેડ પબ્લિકેશને પુસ્તકનું સ્વરૂપ આપ્યું છે. જે ખરેખર ઉત્તમ સાહીત્યિક સેવા છે.

પૂજ્ય મોરારીબાપુ જેમને " કલમ અને કાયાથી ગણપતિ " કહીને નવાજે છે અને જાણીતા ચિન્તક શ્રી ગુણવંતભાઈ શાહ જેમને " તેજસ્વી અને ઓજસ્વી શિક્ષણકાર " કહીને સન્માને છે તેવા ઉત્તમ શિક્ષણવિદ્ શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીનું આ પુસ્તક બાળઉછેર ક્ષેત્રે દરેક નવા બનતાં મમ્મી-પપ્પાને નવી રાહ ચીંધે છે. આપણને નવી પેઢીને પ્રેમપૂર્વક અને જવાબદારીપૂર્વક ઉછેર કરતાં શીખવે છે. શ્રી ભદ્રાયુભાઈએ આ પુસ્તક "કન્હૈયા" માંથી " શ્રીકૃષ્ણ" નું ઘડતર કરનાર શ્રી યશોદામૈયાને અર્પણ કર્યું છે. અહીં તેઓ શ્રી રવિન્દ્રનાથ ટાગોરનું વિધાન ટાંકે છે કે , " ઈશ્વરને હજુ આપણામાં શ્રધ્ધા છે તેથી તે પોતાનો એક પ્રિયતમ અંશ આપણા ઘરે મોકલે છે. " કેટલો અદ્ભુત વિચાર છે આ. અહીં તેઓ એ પણ જણાવે છે કે કવિવર ટાગોરે તેમને આ પુસ્તકનું શીર્ષક મોકલ્યું, ' ઈશ્વરના ઓટોગ્રાફ ". આગળ તેઓ લખે છે, " મારી પાક્કી શ્રધ્ધા છે કે આપણે ઘરે બાળક જન્મ લે છે એ ઈશ્વર જ છે અને એ ઈશ્વર જ છે એમ માનીને આપણે એનું સ્વાગત કરવાનું છે, સ્વીકાર કરવાનો છે અને તેનો સત્કાર કરવાનો છે. મમ્મી- પપ્પાને એટલું ફરી યાદ અપાવું કે , તમે તમારાં સંતાનનાં માલિક નથી કિન્તુ કેવળ માળી છો.''એક જ બેઠકે માણી શકાય તેવું અદ્ભુત આ પુસ્તક ૧૫૧ નાના મણકામાં સમાયેલું છે. ગર્ભાવસ્થાથી પુખ્તવયના બાળકના ઉછેર સુધીનો સમયગાળો સરળતાથી સમજાવતાં આ પુસ્તકનો એક મણકો માણીએ.

"ઈશ્વરના ઓટોગ્રાફ તમારે ત્યાં જે આવ્યા છે તે ઓટોગ્રાફને ઉકેલવાની પ્રક્રિયા એ બાળઉછેર છે. એમને મુક્ત રીતે, એમની રીતે મૌલિકતાથી , એમની પોતાની આવડત પ્રમાણે ધીમે ધીમે ઊગવા દઈએ, ખીલવા દઈએ. આ એવો છોડ છે કે જે છોડને ઈશ્વરે રોપ્યો છે, તમારા ઘરમાં રોપ્યો છે. હવે વારેવારે એને ચેક કરવાની જરૂર નથી કે એ મોટો થયો કે ન થયો. થઈ રહ્યો છે વિશ્વાસ રાખો. "




## ધર્મ

# ઘરમાં આ વસ્તુઓ રાખવાથી થાય છે આર્થિક લાભ...

ઘણા લોકો સારુ કમાતા હોવા છતાં આર્થિક સ્થિતિ ખરાબ રહે છે. લોકોને મહિનાના અંત સુધીમાં લોકો પાસે પૈસા ટકતા નથી અને બીજા પાસે ઉધાર માંગવાની નોબત આવે છે. જ્યોતિષશાસ્ત્રમાં એવી ઘણી વસ્તુઓ અંગે જણાવવામાં આવ્યું છે જેને ઘરમાં રાખવાથી સમસ્યાઓ દૂર થાય છે.

### મોરપીંછ

ભગવાન કૃષ્ણને મોરના પીંછા ખૂબ જ પ્રિય છે. મોરપીંછા ઘરે લાવવાથી તમારા ઘરમાંથી બધી નકારાત્મકતા દૂર થઈ જશે. નકારાત્મક ઉર્જા દૂર કરવાનો આ ઉપાય છે. તેને ઘરમાં લાવવાથી દેવી લક્ષ્મી અને ભગવાન શ્રી કૃષ્ણની કૃપા આખું વર્ષ તમારી સાથે રહેશે.

### તુલસીનો છોડ

નવા વર્ષની શરૂઆત પહેલા ઘરમાં તુલસીનો છોડ અવશ્ય લાવવો. તુલસી લાવતા પહેલા તેના પર ગંગાજળ ચઢાવો, જેથી તે શુદ્ધ બને. તુલસીનો છોડ તમને આર્થિક લાભ આપી શકે છે.



### કાચબો

ભગવાન વિષ્ણુનો અવતાર નવા વર્ષે કાચબો ઘરે લાવી શકાય છે. કાચબો ઘરે લાવતા પહેલા એક વાતનું ધ્યાન રાખો કે તે તાંબા કે પિત્તળની ધાતુથી બનેલું હોવું જોઈએ. તમારે કોઈપણ પ્રકારની સમસ્યાનો સામનો નહીં કરવો પડે. તમને આર્થિક લાભ પણ મળી શકે છે.

### શંખ

શંખ દેવી લક્ષ્મીના પ્રતીક શંખને ઘરમાં લાવવાથી નકારાત્મક ઉર્જા દૂર થાય છે તેમજ ઘરનું વાતાવરણ શાંત રહે છે. ઘરમાં સકારાત્મક પ્રભાવ વધે છે, જેની વ્યાવસાયિક અને અંગત જીવન પર સકારાત્મક અસર પડે છે.

# દાનની સામગ્રી માટેની લૂંટાલૂંટ, નવી પેઢીના કિશોર માટે જાણે કે લાઇવ-શો..!

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

આઠ નવ વર્ષનો દીકરો સોહમ્ મારધાડની ફિલ્મો જોઈને ઉત્તેજિત થતો અને વીડિયો ગેમ્સમાં ધનાધન ગોળીઓ વરસાવીને સામા માણસને મારી નાખીને વધારે પોઈંટ્સ મેળવીને ખુશ થતો. આ બધું જોઈને રાગિણી બહુ અકળાતી. પોતાની અકળામણ પતિ પર ઠાલવતાં એ સંજયને કહેતી, "તમે જ એની ટેવ બગાડો છો. આવી મારામારીની ગેમ્સમાંથી એ શું સારું શીખે છે? એ જે માગે એ વસ્તુના ખડકલા કરીને આજે, ભલે, તમે ખુશ થાવ, પણ કાલે ઊઠીને પસ્તાવાનો વારો આવશે."

"ઑફિસેથી સાંજે થાકીને ઘરે આવીએ કે તારું લેક્ચર ચાલુ થઈ જાય. આ બધી નિર્દોષ રમતો છે. બે ઘડી રમીને ભૂલી જશે. એ કંઈ કોઈનું ખૂન કરવા થોડો જવાનો છે?"

રાગિણીને બરાબર ખ્યાલ હતો કે પોતે પતિ-પત્ની નોકરી-ધંધાની હાયવોયમાં દીકરાને સમય નથી આપી શકતાં, એ ગુનાહિત ભાવને ઢાંકવા સંજય દીકરાના મોઢામાંથી નીકળે એ ચીજ લાવીને એને રાજી કરતો. સોહમ્ સ્કૂલેથી આવે ત્યારે ઘરમાં જમનાબાઈ જ હોય. એ પોતાનાં કામમાં હોય ને સોહમ્ ટેસથી વીડિયો ગેમ રમે. એને કોઈ રોકટોક કરનારું ન હોય. રાગિણી ઘણી વખત સંજય પાસે મનમાં ઘોળાતી વાત કરતી, "સંજય, બા-બાપુજીને આ નાના ઘરમાં ગુંગળામણ થાય છે તેથી અહીં આવીને રહેવા તૈયાર નથી થતાં. બાકી એ લોકો જો આપણી સાથે રહેતાં હોત તો સોહમ્‌ની જરાય ચિંતા ન રહેત."

"આમ તો એમને ય મૂડી કરતાં વ્યાજ વધારે વહાલું છે, એટલે જ તો મોટે ભાગે શનિ-રવિમાં અહીં આવે છે કે જેથી સોહમ્ સાથે રહી શકાય, પણ બાપુજી કહેતાં હતાં કે, હમણાંથી સોહમ્‌ને અમારી વાર્તાઓમાં બહુ રસ નથી પડતો."

"હા, બા પણ મને કહેતાં હતાં કે, રામાયણ, મહાભારત કે પંચતંત્રની વાતો એ પહેલાં કેવો ધ્યાનથી સાંભળતો! એને બદલે હવે શરૂ કરીએ ત્યાં એ ઊઠીને ભાગી જાય છે. સાચું કહું, સંજય, મને તો એની ચિંતા થવા લાગી છે."

સોહમ્‌નો જન્મદિવસ નજીક આવતો હતો. એ થોડો સંવેદનશીલ બને ને બીજા લોકો કેવા અભાવમાં જીવે છે એ સમજે એવી રીતે આ જન્મદિવસની ઉજવણી કરવી જોઈએ, એવો પ્રસ્તાવ બાએ મૂક્યો. ચારે જણ સંમત થયાં. સોહમ્‌ને સમજાવવાનું બીડું સંજયે ઝડપ્યું.

"જો સોહમ્, આપણી પાસે તો કેટલી બધી ચીજ-વસ્તુ છે, પણ કેટલા બધા લોકો પાસે તો ઘર પણ નથી હોતું. તારી જેવડા નાના છોકરાઓને ફૂટપાથ પર સૂવું પડે છે. આટલી બધી ઠંડીમાં એ લોકો પાસે ઓઢવા માટે ય કંઈ નથી હોતું. તારા બર્થ-ડેના દિવસે આપણે એમને માટે બ્લેન્કેટ અને બિસ્કિટ લઈને જઈએ તો?" સોહમ્‌ને વિચાર ગમી ગયો. અત્યાર સુધી કદી ન જોયેલી એક દુનિયા જોવાની વાતથી એ ઉત્સાહમાં આવી ગયો. એના જન્મદિવસે ગાડીની ડીકીમાં ધાબળા અને બિસ્કિટનાં પેકેટ મૂકીને બધાં પહોંચ્યાં ઝૂંપડપટ્ટીમાં. સોહમ્‌ના હાથે બાળકોને બ્લેન્કેટ અને બિસ્કિટ આપવાનું નક્કી થયું હતું. હજી ત્યાં પહોંચીને સંજય પાર્કિંગની જગ્યા શોધે ત્યાં તો એક હટ્ટોકટ્ટો માણસ આવ્યો. "કાયકો આયે હો બાબુ? હમ ઈધરકા ડોન હૈ. સબસે પહેલે હમકો પૂછના મંગતા હૈ. ચલો દિખાઓ. ડીકીમેં ક્યા હૈ?"

સંજય ડીકી ખોલીને એને બતાવવા જાય ત્યાં આજુબાજુમાંથી દસ-પંદર માણસો અને વીસ-પચીસ છોકરાઓ દોડતાં આવી પહોંચ્યાં. ગાડીની આસપાસ જાણે મધમાખીનું ઝૂંડ વળગ્યું હોય એવું લાગતું હતું. સંજય ધાબળાને હાથ લગાડવા જાય ત્યાં જ બાજુમાં ઊભેલા માણસે દસેક ધાબળાની થપ્પી ખેંચી કાઢી. બીજા બે-ત્રણે ઝૂંટાઝૂટ કરવાનું શરૂ કર્યું. "બધાને મળશે, શાંતિ રાખો." સંજયની સમજાવવાની કોશિશ સાવ નિષ્ફળ ગઈ. એ ડીકી બંધ કરવા ગયો પણ બે-ચાર જણે ડીકીનો દરવાજો એટલા બળપૂર્વક પકડી રાખ્યો કે એ બંધ જ ન કરી શક્યો. સ્ત્રીઓ અને બાળકોએ બિસ્કિટ ખૂંચવવા જતાં પેકેટ ફાડી નાખ્યું ને બિસ્કિટ રસ્તા પર પડ્યાં. આવું થશે એવી કોઈએ કલ્પના નહોતી કરી. બા-બાપુજી સ્તબ્ધ થઈ ગયાં હતાં. રાગિણીની આંખોમાં આંસુ આવી ગયાં. બાનો હાથ દબાવતાં એ બોલી,

"બા, આપણે તો શું વિચારીને આવ્યાં હતાં ને અહીં તો "

હવે તો એકબીજાને ધક્કા મારવાનું, તમાચા મારવાનું અને ગાળાગાળી કરવાનું ચાલુ થઈ ગયું હતું. સોહમ્ અચાનક ગાડીનો દરવાજો ખોલીને સંજય પાસે પહોંચી ગયો. રાગિણીથી ચીસ નીકળી ગઈ, સોહમ્, ત્યાં નહીં જા. કોઈ મારી દેશે. તને વાગી જશે. પાછો આવ. પણ બહાર ચાલી રહેલા હોંકારા-પડકારામાં કાને પડ્યું કંઈ સંભળાય એમ નહોતું. સંજયે સોહમ્‌ને જોયો એ ભેગો પોતાની પાસે ખેંચી લીધો. એને લાગ્યું કે, સોહમ્ આ બધું જોઈને ગભરાઈ ગયો હશે, પણ દીકરાના ચહેરા પર એનું ધ્યાન ગયું તો એને તો આ ઢીસૂમ ઢીસૂમ જોવાની બહુ મજા આવતી હોય એવું લાગ્યું. એક ધાબળા માટે ઝઘડી રહેલા બે માણસમાંથી એકે બીજાને એવો ધક્કો માર્યો કે, પાસે પડેલા પથ્થર પર પેલાનું માથું અફળાયું ને લોહી વહેવા લાગ્યું. હવે અહીં ઊભા રહેવું જોખમી હતું. સંજયે મહામહેનતે ડીકી બંધ કરી ને સોહમ્‌ને છાતીએ વળગાડીને ગાડી મારી મૂકી. ગાડીમાં દિગ્મૂઢ થયેલાં ચારેય ચૂપચાપ બેઠાં હતાં ત્યાં સોહમે ખુશ થઈને કહ્યું, આજના હેપ્પી બર્થ ડેમાં બહુ મજા આવી. આજે તો રિયલ ફાઈટ અને રિયલ બ્લડ જોવા મળ્યું. પછી પાછળ ફરીને દાદી તરફ જોઈને કહ્યું, "થેંક યૂ દાદી, તમે આઈડિયા આપ્યો તો આપણે અહીં આવ્યાં ને મને આ લાઈવ શો જોવા મળ્યો...

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

### 52 કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો, માત્ર 7 કરોડ રૂપિયા જ આવ્યાં

# ઈ-મેમો નથી ભરી રહ્યાં અમદાવાદીઓ

ગુજરાત | વંદન

અમદાવાદીઓ ટ્રાફિકના નિયમનુ પાલન કરવામા બન્યા બેદરકાર બન્યા હોવાનુ સામે આવ્યું છે. વિગતો મુજબ અમદાવાદીઓએ એક વર્ષમા 7.24 કરોડનો દંડ ભર્યો છે. અમદાવાદમા છેલ્લા એક વર્ષમાં ટ્રાફિક નિયમનો ભંગ બદલ 6.78 લાખ વાહનચાલકોને રૂ.52.06 કરોડના ઈ-મેમો ઈશ્યુ કરાયા હતા. પરંતુ માત્ર 99 હજાર વાહનચાલકોએ રૂ.6.98 કરોડનો દંડ ભર્યો છે. જ્યારે 5.97 લાખ વાહનચાલકોએ રૂ.45.08 કરોડનો દંડ ભરવાનો બાકી છે.

**ટ્રાફિકના નિયમોનો ભંગ બદલ બે કેટેગરીમાં સજા**

અમદાવાદમાં ટ્રાફિક નિયમના ભંગ બદલ ઈ-મેમો જનરેટ કરવામાં આવે છે. જોકે વાહનચાલકો ઈ-મેમો ભરતા ન હોવાનું સામે આવ્યું છે. ઈ-મેમો ઈશ્યુ થયા પછી 60 થી 90 દિવસ સુધીમાં જો ઈ-મેમો ન ભરાય તો વર્ચ્યુઅલ કોર્ટમાં તે મેટર જાય છે. ત્યાર બાદ કોર્ટ તરફથી જે આદેશ કરવામાં આવે તે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવે છે. આ દંડને લઈને ટ્રાફિક પોલીસ સૌથી વધુ દંડ ટુ વ્હીલર ચાલકો પાસેથી 4.56 કરોડની ઉઘરાણી કરી તો હેવી વાહનો પાસેથી 98 લાખ, ફોર વ્હીલર ચાલક પાસેથી 78 લાખ અને થ્રી વ્હીલર ચાલકોએ 92 લાખ દંડ ચૂકવ્યો છે.

અમદાવાદ શહેરમાં 212 જંકશનો પર 2557 કેમેરા લગાવેલા છે. જેમાં સ્માર્ટ સિટીના 130 જંક્શન પર 2 303 કેમેરા લગાવેલા છે. જ્યારે સિટી સર્વેલન્સ અને ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા 82 જંક્શનો પર 254 કેમેરા લગાવવામાં આવ્યા છે. પરંતુ છેલ્લા બે વર્ષથી આ 82 જંક્શનોનો કરાર પૂર્ણ થઈ ગયો હોવાથી આ જંક્શન પર લગાવેલા કેમેરા છેલ્લા બે વર્ષથી બંધ છે. તો બીજી બાજુ 130 જંક્શન પૈકી માત્ર 45 જંક્શનો પર જ લગાવેલા 720 કેમેરા ટ્રાફિકના નિયમોનો ભંગ બદલ બે કેટેગરીમાં સજાની જોગવાઈ છે. ઈ-મેમોની રકમ લોકો ન ભરે તો ટ્રાફિક વિભાગ મેજિસ્ટ્રેટ કોર્ટમાં મોટર વ્હિકલ એકટની કલમ 208 મુજબ કેસ




દાખલ કરે. એ પછી 6 મહિનામાં સમન્સ કાઢવાનો હોય છે. જો કોઈ વ્યક્તિ દંડ ન ભરે તો ટ્રાફિકના ગુનામાં 6 મહિના કે 1 વર્ષની સજા પણ થાય. જેથી હવે લોક અદાલત દ્વારા ટ્રાફિકના નિયમનનુ પાલન નહિ કરનાર વાહન ચાલકો વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરવામા આવી છે.

એક વર્ષમા 7.24 કરોડનો દંડ ચૂકવીને અમદાવાદીઓએ ટ્રાફિકના નિયમનને લઈને પોતાની બેદરકારી સ્પષ્ટ કરી છે. ટ્રાફિકના 33 જેટલા નિયમોને લઈને દંડ વસુલ કરવામા આવે છે. હજુ પણ ઈ મેમોના કરોડો રૂપિયાના દંડ ઉઘરાવવાના બાકી છે. જેથી હવે ટ્રાફિક પોલીસે વાહન ચાલકો વિરૂધ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

# સાસરિયા પક્ષને હેરાન કરવા દહેજની કલમનો સહારો લેવાઈ રહ્યો છે: હાઈકોર્ટ

## અંગત વેર વાળવા આઈપીસીની કલમ 498-Aનો દૂરૂપયોગ ખેદજનક

ગુજરાત | વંદન

ભારતમાં હવે ધીમે ધીમે છૂટાછેડાના કેસોની સંખ્યા વધી રહી છે. જોકે, છૂટાછેડાના કેસમાં મહિલા પક્ષ તરફથી સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ કરવાની સંખ્યા પણ વધી રહી છે. પરંતુ ગુજરાત હાઈકોર્ટનું કહેવું છે કે પતિ અને સાસરિયા વિરુદ્ધ અંગત વેર વાળવાના હેતુંથી આઈપીસીની કલમ 498-Aનો દૂરઉપયોગ વધી રહ્યો છે.

એક કેસમાં ફરિયાદી મહિલા દ્વારા પતિ અને સાસરિયા વિરુદ્ધ માનસિક અને શારીરિક ત્રાસની કલમ 498-એ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. જેની સુનાવણી દરમિયાન હાઈકોર્ટના જસ્ટિસ ઈલેશ વોરાએ મહત્વપૂર્ણ અવલોકન કર્યું હતું કે, પતિ અને સાસરિયાઓ વિરુદ્ધ અંગત વેર વાળવા માટે આ કલમનો દુરઉપયોગ વધી રહ્યો છે. આ સાથે જ તેમણે ફરિયાદ પણ રદબાદલ કરી દીધી હતી.

સમગ્ર કેસની વિગતો જોઈએ તો વ્યવસાયે ડોક્ટર એવા પતિ અને તેમના પરિવારજનો વિરુદ્ધ પત્નીએ કચ્છ મહિલા પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી હતી. આ ફરિયાદને રદ કરવા માટે સાસરિયાઓ દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ એફઆઈઆરમાં એવા આક્ષેપ કરવામાં આવ્યા હતા કે લગ્ન બાદ પત્ની સાસરીમાં રહેવા આવી હતી અને તે સંયુક્ત કુંટુંબમાં રહેતા હતા. પત્નીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે વ્યવસાયે ડોક્ટર એવા તેના પતિના એક મહિલા સાથે લગ્નેતર સંબંધ હતા. જેના કારણે પતિ અને સાસરિયાઓ તેના પર શારીરિક અને માનસિક અત્યાચાર ગુજારતા હતા. તેને છૂટાછેડા આપવા માટે દબાણ કરવામાં આવતું હતું.

પત્નીએ 2019માં પતિ અને સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી પરંતુ બંને કુટુંબો મળ્યા હતા અને વડીલોના કહેવાથી સમાધાન કરવામાં આવ્યું હતું. પરંતુ ફરીથી સાસરિયાઓ દ્વારા તેને હેરાન કરવામાં આવી હતી. તેનો પતિ અમદાવાદમાં રહેવા લાગ્યો હતો અને એક મહિલા સાથે લગ્નેતર સંબંધો રાખતો હતો.

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આવનાર સપ્તાહમાં કોઈ અંગત સમસ્યાનો ઉકેલ આવવાનો છે. વર્તમાન વાતાવરણમાં બનાવવામાં આવેલી કેટલીક નવી નીતિઓ તમારા માટે ફાયદાકારક સાબિત થશે. અને તમે તમારા કાર્યને શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરી શકશો. નજીકના સંબંધીઓ સાથેના સંબંધો સૌહાર્દપૂર્ણ રહેશે.

**વૃષભ** (બ.વ.ઉ)
તમારી બુદ્ધિ અને સમજદારીથી કોઈપણ નિર્ણય લેવાથી તમને ચાલી રહેલી સમસ્યાઓનો ઉકેલ મળશે અને તમે તમારા અંગત કામમાં પણ ધ્યાન આપી શકશો. તમારા કામમાં વધુ વિશ્વાસ રાખવાથી તમને કોઈ પણ નિર્ણય લેવામાં શક્તિ મળશે. સમય પ્રમાણે તમારા વર્તન બદલો.

**મિથુન** (ક.છ.ઘ)
ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યોમાં સમય પસાર કરવાથી તમારી વિચારધારામાં સકારાત્મક પરિવર્તન આવશે. ચોક્કસ વસ્તુની ખરીદી પણ શક્ય છે. પરિવારના કોઈ સદસ્યની ચાલી રહેલી સમસ્યા તમારા પ્રયત્નો દ્વારા ઉકેલી શકાય છે. કોઈની સાથે બિનજરૂરી વાદવિવાદમાં ન પડો.

**કર્ક** (ડ.હ)
તમારી કોઈ ઈચ્છાઓ પૂર્ણ થવા જઈ રહી છે જેના કારણે તમે આત્મવિશ્વાસથી ભરપૂર અનુભવ કરશો. ઘર અને બહાર બંને જગ્યાએ તમારું સન્માન અને સન્માન જળવાઈ રહેશે. દૈવી શક્તિમાં વિશ્વાસ રાખો. તમારી બુદ્ધિ અને વ્યવસાયિક વિચારસરણી લાભના નવા સ્ત્રોત બનાવશે.

**સિંહ** (મ.ટ)
યુવાનોએ પોતાના ભવિષ્ય માટે આયોજન કરવું જોઈએ, આ સમયે ગ્રહોની સ્થિતિ તમને વધુ સારી વસ્તુઓ આપવાના પક્ષમાં છે. છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી વ્યસ્તતામાં રાહત મેળવવા માટે, તમારી પસંદગી મુજબના કાર્યો કરવામાં થોડો સમય ફાળવો.

**કન્યા** (પ.ઠ.ણ)
ધાર્મિક કે સમિતિ સંબંધિત કામમાં સહયોગ કરવાની તક મળશે. જો તમે તમારું સ્થાન બદલવાનું વિચારી રહ્યા છો, તો તમે પ્રવૃત્તિઓ શરૂ કરી શકો છો. પ્રભાવશાળી લોકોની સંગતમાં રહેવાથી તમારા વ્યક્તિત્વમાં સકારાત્મક પરિવર્તન આવશે. તમારું કોઈ કામ આવતી કાલ સુધી સ્થગિત ન કરો.

**તુલા** (ર.ત)
જો ઘરમાં પરિવર્તનને લઈને કોઈ યોજના બનાવવામાં આવી રહી છે, તો આ સપ્તાહે કોઈ નિર્ણય લેવા માટે અનુકૂળ સમય છે. સામાજિક પ્રવૃત્તિઓમાં તમારો સહકાર તમને ઓળખ અને સન્માન આપે છે. તમારે કોઈપણ કામમાં ઉતાવળ કરવાથી બચવું પડશે.

**વૃશ્ચિક** (ન.ય)
આ સપ્તાહે તમારા અટકેલા કાર્યોને પૂર્ણ કરી શકશો. અનુભવી લોકો સાથે સમય વિતાવવા અને સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમારા વ્યક્તિત્વમાં વધુ નિખાર આવશે. આ સમયે કોઈ આર્થિક નુકસાન કે માનહાનિ જેવી સ્થિતિ બની શકે છે.

**ધન** (ભ.ધ.ફ)
તમારી આવક અને ખર્ચ વચ્ચે તાલમેલ જાળવીને તમે નાણાકીય સમસ્યાઓથી બચી શકશો. તમે અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો. આ ઉપરાંત પરિવારના સભ્યોનો સહયોગ પણ તમારા માટે ફાયદાકારક રહેશે. આ અઠવાડિયે તમને કેટલીક મહત્વપૂર્ણ માહિતી પણ મળશે.

**મકર** (ખ.જ)
સાસરિયાં સાથે ચાલી રહેલી કોઈ નારાજગી દૂર થઈ જશે. નાની-નાની સમસ્યાઓને અવગણો. તમારી ક્ષમતા અને બુદ્ધિમત્તાના કારણે તમને કેટલાક નવા પ્રસ્તાવો મળશે અને તેમાં તમે સફળ થશો. ધાર્મિક યાત્રા સંબંધિત યોજના બનશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
ભાગ્યને બદલે કર્મમાં વિશ્વાસ રાખો. ઘર અને વ્યવસાય બંનેમાં યોગ્ય સંવાદિતા રહેશે. તમને કેટલાક ધર્માદા કાર્યોમાં પણ રસ રહેશે. નજીકની મુસાફરી પણ શક્ય છે. સંબંધીઓ અને મિત્રો સાથે થોડો સમય વિતાવવાથી પણ સંબંધો મજબૂત થશે. વિવાદાસ્પદ બાબતોથી દૂર રહો.

**મીન** (દ.ચ.ઝ)
તમારું કોઈ મહત્વપૂર્ણ કામ સમયસર પૂર્ણ થઈ શકે છે, તેથી પ્રયાસ કરતા રહો. તમને ફોન દ્વારા કેટલાક સારા સમાચાર પણ મળશે. અન્ય વ્યક્તિની સલાહ અને યોગદાનથી તમારા માટે કોઈ ખાસ નિર્ણય લેવામાં સરળતા રહેશે. બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખો. પોતાને નુકસાન પહોંચાડવાને બદલે, વ્યક્તિના સ્વભાવમાં કંઈક સ્વાર્થી લાવવું મહત્વપૂર્ણ છે. ભાડુઆતને લગતી બાબતોમાં વિવાદ થાય.

# પાસપોર્ટ માટે હવે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમ રદ

## 10 થી 1 વાગ્યા દરમિયાન સીધા જઈ શકશે

ગુજરાત | વંદન

અમદાવાદની પાસપોર્ટ કચેરી ખાતે નવા આરપીઓ અભિજીત શુક્લાએ ચાર્જ મળ્યા બાદ અરજદારોની સુવિધાને ધ્યાનમાં રાખી એક નવી શરૂઆત કરી છે. અરજદારોને તેમના અટવાયેલા પાસપોર્ટ સંબંધિત પૂછપરછ માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લેવાની જરૂર પડશે નહીં કેમકે હવે આવા અરજદારો સીધા ગુલબાઈ ટેકરા સ્થિત આવેલી પાસપોર્ટ કચેરી ખાતે ચાલુ દિવસમાં સવારે 10 થી બપોરે 1 વાગ્યા દરમિયાન સીધા જઈ શકશે. કોરોના બાદ અમદાવાદ આરપીઓમાં અરજદારોની સીધી એન્ટ્રી બંધ કરી દેવાઈ હતી અને તેમને ઓનલાઈન એપોઈન્ટમેન્ટ લઈને પાસપોર્ટ કચેરીએ આવવાનો નિયમ લાગુ કરાયો હતો પરંતુ પ્રતિદિન ઓનલાઈન 100 જેટલી જ એપોઈન્ટમેન્ટ સિસ્ટમ પર મળતી હતી ખુલતાની સાથે જ ભરાઈ જતી હતી આમ પૂછપરછ માટે ઘણાય અરજદારો રહી જતા હતા. બીજી તરફ પાસપોર્ટ કચેરીએ અરજીઓનો ભરાવો પાસપોર્ટ બેથી અઢી મહિના સુધી નિકાલ થતો ન હતો બીજી તરફ પૂછપરછ માટે ઓનલાઈન એપોન્ટન્ટમેન્ટ મળતી ન હોવાથી અરજદારોમાં ભારે રોષ હતો. આમ વિદેશ મંત્રાલય સુધી પણ અનેક ફરિયાદો થઈ હતી. નવા આરપીઓ આવતા અટવાયેલા પાસપોર્ટની ઈન્કાવાયરી માટેની એપોઈન્ટમેન્ટ સિસ્ટમ બંધ કરી દઈ અરજદારો સીધા જ પાસપોર્ટ કચેરી ખાતે પહોંચી શકશે.

### વિવિધ વોર્ડ વિસ્તારમાં 8 વ્હાઈટ ટોપીંગ રોડના કામ કરાશે

# ચાલુ માસની ૩૧ તારીખ સુધીમાં અમદાવાદમાં ૩૧૩ કરોડના ખર્ચે ૮૫ રોડના કામ પુરા કરાશે

ગુજરાત | વંદન

૩૧ ડીસેમ્બર-૨૦૨૩ સુધીમાં અમદાવાદમાં રુપિયા ૩૧૩.૩૬ કરોડના ખર્ચથી ૮૫ રોડના કામ પુરા કરાશે.આ પૈકી વિવિધ વોર્ડ વિસ્તારમાં રુપિયા ૪૦.૨૦ કરોડના ખર્ચથી આઠ વ્હાઈટ ટોપીંગરોડના કામ કરવા ઝોન તથા રોડ પ્રોજેકટ વિભાગને તાકીદ કરાઈ છે.



શહેરના પૂર્વઝોનના વિસ્તારમાં રુપિયા ૫.૩ કરોડના ખર્ચથી ત્રણ રોડના કામ પુરા કરાશે. દક્ષિણઝોનના વિવિધ વોર્ડમાં રુપિયા ૧૨.૨૭ કરોડના ખર્ચથી ૧૦ રોડના, ઉત્તરઝોનમાં રુપિયા રુપિયા ૧૨.૩૫ કરોડના ખર્ચથી ૧૨ રોડના, પશ્ચિમઝોનમાં રુપિયા ૨૧.૪૮ કરોડના ખર્ચથી ૧૫ રોડના કામ ૩૧ ડીસેમ્બર-૨૦૨૩ સુધીમાં પુરા કરાશે.ઉત્તર-પશ્ચિમ ઝોનમાં રુપિયા ૨૩.૨૪ કરોડના ખર્ચથી ૧૦ રોડના,દક્ષિણ-પશ્ચિમઝોનમાં રુપિયા ૩.૬૪ કરોડના ખર્ચથી પાંચ રોડના, મધ્યઝોનમાં રુપિયા ૭.૨ કરોડના ખર્ચથી પાંચ રોડના ઉપરાંત રોડ પ્રોજેકટ વિભાગ દ્વારા રુપિયા ૧૮૮.૧૩ કરોડના ખર્ચે ૧૭ રોડના કામ પુરા કરવા અંગે કામગીરી કરાઈ રહી છે.

# અમદાવાદ, સુરત, વડોદરા સહિત 54 શહેરોમાં લાગશે CCTV કેમેરા

ગુજરાત | વંદન

રાજ્યમાં ટ્રાફિકના નિયમો ભંગ કરતા અને કાયદો તોડતા લોકો પર પોલીસ હવે વધુ સક્રિય બની છે. જે અંતર્ગત અગાઉ શરૂ કરવામાં આવેલ વિશ્વાસ પ્રોજેકટના ફેઝ-2 અંતર્ગત વધુ CCTV કેમેરા લગાવાશે. જેમાં ખાસ કરીને સુરત, વડોદરા સહીત 54 શહેરોમાં CCTV કેમેરા લગાવવામાં આવશે. ગુજરાતમાં ટ્રાફિકના નિયમો ભંગ કરતાં પહેલા ચેતી જજો.

વાત જાણે એમ છે કે, વિશ્વાસ પ્રોજેકટના ફેઝ-2 અંતર્ગત વધુ CCTV કેમેરા લગાવવાનું આયોજન કરવામાં આવશે. આ સાથે આંતરરાજ્ય એન્ટ્રી એક્ઝિટના વધુ 80 પોઈન્ટને સમાવાશે. તો રાજ્યમાં પ્રોજેક્ટ હેઠળ કુલ 10 હજાર 500થી વધુ CCTV કેમેરા લગાવાશે. આ સાથે ટ્રાફિકથી ધમધમતા 2 હજારથી વધુ જંક્શનનો પણ સમાવેશ થશે. નોંધનિય છે કે, 2013-14માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોની સલામતી અને ટ્રાફિક નિયમન માટે રાજ્યવ્યાપી CCTV કેમેરા આધારિત વ્યવસ્થા ઉભી કરવાનું વિઝન રજૂ કર્યું હતું.

તેના આધારે મોટા શહેરોમાં પાયલટ પ્રોજેક્ટની સફળતા બાદ વિશ્વાસ પ્રોજેક્ટ શરૂ થયો હતો, વિશ્વાસ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય જાહેર સ્થળોની સલામતી, ટ્રાફિક નિયમન અને નિયંત્રણ, ઘટના બાદનું વીડિયો ફોરેન્સિક અને તપાસ તેમજ રોડ સલામતી અને શહેરી ગતિશીલતાનો છે. CCTVના દ્રષ્યોનું મોનિટરીંગ જિલ્લા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ કેન્દ્રમાં થાય છે જેને 'નેત્રમ' કહેવામા આવે છે.

# વિકસિત ભારત યાત્રાના એક કાર્યક્રમ પાછળ 3 લાખનો ખર્ચ થશે

## રોજના છ લાખ પ્રમાણે 48 વોર્ડમાં યાત્રાનો ખર્ચ મ્યુનિ.ભોગવશે

ગુજરાત | વંદન

અમદાવાદના વિવિધ વોર્ડ વિસ્તારમાં સવાર-સાંજ એમ બે વખત સરકારી યોજનાના પ્રચાર-પ્રસાર માટે વિકસિત ભારત સંકલ્પયાત્રાનુ આયોજન કરાઈ રહયુ છે.એક કાર્યક્રમ પાછળ ત્રણ લાખ રુપિયા ખર્ચ થાય છે.રોજના છ લાખ પ્રમાણે ૪૮ વોર્ડમાં યાત્રા પાછળ થનાર ખર્ચ મ્યુનિસિપલ કોર્પોરેશન ભોગવશે.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત વિવિધ સરકારી યોજના લોકો સુધી પહોંચાડવા ૪૮ વોર્ડમાં ૪૮ દિવસ સુધી એક વોર્ડમાં બે સ્થળે કાર્યક્રમ કરવા પાછળ થનાર ખર્ચ મ્યુનિસિપલ કોર્પોરેશન તિજોરીમાંથી કરવા અંગે મંજુરી માંગતી દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી બેઠકમાં મંજુર કરવામાં આવી હતી.વિપક્ષનેતા શહેજાદખાન પઠાણે લોકસભાની ચૂંટણી પહેલા રાજકીય લાભ ખાટવા લોકોએ ભરેલા પ્રોપર્ટીટેક્ષના નાણાંમાંથી રુપિયા ૨.૮૮ કરોડ જેવી માતબર રકમનો દુરઉપયોગ સત્તાધારી પક્ષ દ્વારા કરાઈ રહયો હોવાનો આક્ષેપ કર્યો છે.યાત્રાના આ કાર્યક્રમમાં રોજ સવાર-સાંજ બે સમય મ્યુનિસિપલ શાળામાં અભ્યાસ કરતા બાળકોને ફરજિયાત હાજર રાખવા કરવામાં આવેલા આદેશનો પણ વિરોધ વ્યકત કરી તંત્રનો ખોટી રીતે ઉપયોગ ના કરવા ચેતવણી આપી છે.

### ખેડામાં કફ સિરપ પીવાથી 6 લોકોના થયા હતા મોત, ક્રાઇમ બ્રાન્ચે એક યુવકની ધરપકડ કરી

# અમદાવાદમાં કફ સિરપને લઈને તપાસના આદેશ અપાયા

ગુજરાત | વંદન

ખેડામાં નશીલી કફ સિરપ મામલે કાર્યવાહીનો ધમધમાટ ચાલી રહ્યો છે, ત્યારે રાજ્યના વિવિધ વિસ્તારોમાં પણ નશીલા પદાર્થ મામલે તપાસનો ઉગ્ર માહોલ જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં નશીલી કફ સિરપને લઈને અમદાવાદ પોલીસ કમિશ્નરે તપાસના આદેશ આપ્યા છે.




અમદાવાદ પોલીસ કમિશ્નર જી એસ મલિક શેહરમાં નશીલા પદાર્થ મામલે તપાસનો આદેશ આપ્યો છે. શહેરના જુદા જુદા વિસ્તારમાં પોલીસએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. Sog, ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસે શંકાસ્પદ સ્થળે સઘન તપાસ હાથ ધરી છે. ગેરકાયદેસર વેંચતા કફ શિરપ અને કેફી પીણુંને ઝડપવા કાર્યવાહીનો દોર ચાલી રહ્યો છે પોલીસ કમિશ્નરના આદેશ વચ્ચે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નશા કારક કફ શિરપ બનાવવાના આશયથી ગેરકાયદે રીતે મેળવેલ પ્રતિબંધીત NITRAZEPAM TABLETS 49 નંગ તથા તેના મિશ્રણવાળુ પ્રવાહી કુલ 18 લીટર સાથે એક વ્યક્તિને ઝડપી પાડ્યું છે. જે સમગ્ર મામલે પોલીસ વધુ તપાસ પણ હાથ ધરી છે.

**ખેડામાં શંકાસ્પદ રીતે 6 યુવકોના થયા હતા મોત**

નડીયાદના બિલોદરામાં નટુભાઈ, અશોકભાઈ, અર્જુન સોઢા નામના યુવકનું અને ખેડાના બગડુ ગામમાં અલ્પેશ સોઢા, મિતેષ ચૌહાણ નામના યુવકોના શંકાસ્પદ મોત થયા છે. મિતેષ ચૌહાણ મહેમદાવાદના વડદલાનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે. મહત્વનું છે કે, મિતેષ જ અલ્પેશ દવાખાને લઈ ગયો હતો. આ તરફ પેઢામાં દુઃખાવા બાદ આખા શરીરે દુખાવો થયો હતો અને કલાક બાદ આંખો દેખાતું બંધ થયું હતું. મહેમદાવાદના વેદ હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી હતી. આ તરફ હવે બગડું ગામના ભરતપુર પરામાં શોકનો માહોલ છે. આપને જણાવી દઈએ કે, આ મોત નસીલી સિરપ પીવાથી થયાની વાત ચાલી રહી છે

## શબ્દોની સંતાકૂકડી 91

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | ■ | 2 | 3 | | ■ |
| | ■ | 4 | ■ | | ■ | 5 |
| 6 | 7 | | 8 | ■ | 9 | |
| 10 | | ■ | 11 | 12 | ■ | |
| | ■ | 13 | ■ | 14 | 15 | ■ |
| ■ | 16 | | | ■ | 17 | |
| 18 | | | ■ | 19 | | ■ |

**ઊભી ચાવી**


(1) ઈચ્છા કે મરજી પ્રમાણે, ફરજિયાત નહિ એવું [5]
(3) ઘા ઉપર લગાવવામાં આવતો ઢીલા પદાર્થનો પાતળો થર કે મલમ [2]
(4) કેદખાનું, સજા [2]
(5) ચારે બાજુ અને ચારે ખૂણા એકસરખા માપનાં હોય તેવું, સ્કવૅર [3]
(7) એક રૂઢિપ્રયોગ છે .........ની દાંડીએ ચાલ્યા જવું [2]
(8) જેવી રીતે, જે પ્રમાણે [2]
(12) અહીં 'કાણું' શબ્દ આડાઅવળો થયેલો છે [2]
(13) ઈચ્છા, ખુશી [3]
(15) તરંગ, મોજું [3]
(16) પારકું, અન્ય, બીજું [2]

**આડી ચાવી**

(1) કુટિર, ઝૂંપડી [2]
(2) સલાહશાંતિ, સમાધાની [3]
(6) જૈન મંદિર કે દેરાસર [4]
(9) કહેવત છે કે ડુંગરા ------થી રળિયામણા [2]
(10) ઠંડા પ્રદેશનું આખા શરીરે લાંબા વાળવાળું આખલા જેવું એક પ્રાણી [2]
(11)પોલીસચોકી, મથક [2]
(14) ચાલતા દિવસની આગળ કે પાછળનો દિવસ [2]
(16) ઉત્તમ, શ્રેષ્ઠ [3]
(17) ઉદ્દેશ, કારણ [2]
(18) અરજ કે ફરિયાદ જેમાં લખી હોય તે કાગળ [3]
(19) ભય, બીક [2]

શબ્દોની સંતાકૂકડી-91 નો ઉકેલ બાજુમાં...

શબ્દોની સંતાકૂકડી-91નો ઉકેલ



## સુડોકુ કોયડો નં. 92

ગુજરાત વંદન
gujaratvandan.com

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | 5 | 6 | 7 | | | | |
| 4 | | | 8 | 2 | 9 | | | |
| | 8 | | | | 3 | | 6 | |
| | 2 | | | | 5 | 8 | | 7 |
| 8 | | | 2 | | 6 | | | 5 |
| 3 | | 1 | 7 | | | | 2 | |
| | 4 | | 9 | | | | 7 | |
| | | 2 | 4 | 8 | 7 | | | 6 |
| | | | | | 2 | 4 | 9 | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-92નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 3 | 5 | 6 | 7 | 4 | 9 | 8 | 2 |
| 4 | 7 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 3 |
| 2 | 8 | 9 | 5 | 1 | 3 | 7 | 6 | 4 |
| 6 | 2 | 4 | 1 | 9 | 5 | 8 | 3 | 7 |
| 8 | 9 | 7 | 2 | 3 | 6 | 1 | 4 | 5 |
| 3 | 5 | 1 | 7 | 4 | 8 | 6 | 2 | 9 |
| 5 | 4 | 3 | 9 | 6 | 1 | 2 | 7 | 8 |
| 9 | 1 | 2 | 4 | 8 | 7 | 3 | 5 | 6 |
| 7 | 6 | 8 | 3 | 5 | 2 | 4 | 9 | 1 |

# લીલા નાળીયેરની માંગમાં તીવ્ર ઉછાળો, ગીરસોમનાથ જિલ્લામાં વાવેતર વધ્યું

ગુજરાત | વંદન

ગીર સોમનાથ જિલ્લો લાંબો દરિયા કિનારો ધરાવે છે. જેના કારણે પ્રાકૃતિક અને આબોહવાકીય દ્રષ્ટિએ નાળીયેરી પાકના વાવેતર માટે આ જિલ્લો ખૂબ જ અનુકૂળ છે. ગીર સોમનાથ જીલ્લામાં ખેડૂતો દ્વારા ઉત્પાદિત થતા લીલા નારીયર (ત્રોફા) છેક દિલ્લી તેમજ દેશભરના અન્ય શહેરોના માર્કેટ સુધી પહોંચે છે.

લીલા નાળીયેરના પાણીનું સેવન આરોગ્યની દ્રષ્ટિએ ઉતમ ગણાય છે. કોરોના કાળ બાદ લીલા નાળીયેરની માંગ ખુબ જ વધી છે. જેના કારણે ખેડૂતોને લીલા નાળીયેરના ખૂબ સારા ભાવો મળી રહ્યા છે. જેનો મહતમ લાભ નાળીયેરી વાવતા ખેડૂતોને મળે છે. ગુજરાત સરકાર તરફથી નાળીયેરી વાવતા ખેડૂતોને પ્રોત્સાહન મળી રહે તે હેતુસર ચાલુ વર્ષે નાળીયેરી પાકના નવા વાવેતરમાં સહાય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. ખેડૂતોએ બાગાયત ખાતાની આ નવી યોજનામાં લાભ લેવા આઈ-ખેડૂત પોર્ટલ પર જઈ અરજી કરવાની રહેશે. આ યોજના અંતર્ગત નાળીયેરી પાકનું નવું વાવેતર કરવા માંગતા ખેડૂતોને પ્રતિ હેકટર પચાસ હજાર(50,000) ખર્ચ ના 75 % મુજબ 37500/- પ્રતિ હેકટર સહાય આપવામાં આવે છે. આ સહાય બે હપ્તા માં ચૂકવવામાં આવે છે. ખેડુત ખાતેદાર દીઠ વધુમાં વધુ ચાર હેકટર સહાય મળવાપાત્ર છે. આ નવી યોજનાને ખેડૂતો તરફથી સારો પ્રતિસાદ મળી રહ્યો છે.



જીલ્લામાં ચાલુ વર્ષે નાળીયેરી પાકના નવા વાવેતરમાં સહાય મેળવવા માટે ખેડૂતોની 1200 જેટલી અરજીઓ બાગાયત ખાતાને મળેલ છે. જે પૈકી 800 જેટલી અરજીઓને પૂર્વ મંજૂર કરવામાં આવેલ છે અને 220 જેટલી અરજીઓમાં કુલ રૂપિયા 46.22 લાખની સહાયની ચુકવણી કરી આપવામાં આવેલ છે. બાકી રહેતા ખેડૂતોને સાધનિક કાગળો રજૂ થયે સહાયનું ચૂકવણું કરી આપવામાં આવશે. તદુપરાંત જીલ્લામાં ચાલુ વર્ષે નાળીયેરી પાકના વાવેતર વિસ્તારમાં 500 હેકટરનો વધારો થશે.તેમજ જિલ્લામાં હાલનો નાળીયેરી પાકનો અંદાજીત વાવેતર વિસ્તાર 9000 હેકટર જેટલો છે. સરકાર દ્વારા વિકસિત ભારતના ૨047ના વર્ષ સુધીમાં નાળીયેરી પાકનો કુલ વાવેતર વિસ્તાર 20,000 હેકટર સુધી લઈ જવાનો નિર્ધાર વ્યક્ત કરેલ છે. નારીયેરીના નવા વાવેતર કરવા માંગતા ખેડૂતોએ બાગાયત ખાતાની નવી યોજનામાં લાભ લેવા આઈ-ખેડૂત પોર્ટલ પર જઈ અરજી કરવાની રહે છે. તેમજ અન્ય જરૂરી માહિતી તેમજ સાધનિક કાગળો માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, વિનાયક પ્લાઝા, રાજેન્દ્ર ભુવન રોડ, વેરાવળ ખાતે સંપર્ક કરવા જણાવવામાં આવ્યુ છે.

ખોડલધામ દ્વારા કરોડોના ખર્ચે રાજકોટ નજીક આકાર લેશે કેન્સર હોસ્પિટલ

# 21મી જાન્યુ.એ દીકરીઓ દ્વારા કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન કરવામાં આવશે

ગુજરાત | વંદન

આગામી 21મી જાન્યુઆરી 2024ના રોજ કાગવડ સ્થિત ખોડલધામની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને સાત વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. ત્યારે ખોડલધામ દ્વારા વધુ એક પ્રકલ્પ સાર્થક બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. રાજકોટ શહેરથી માત્ર 20 કિલોમીટર દૂર આવેલા અમરેલી ગામ ખાતે સર્વ સમાજ માટે અદ્યતન કેન્સર હોસ્પિટલનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવશે. આગામી 21મી જાન્યુઆરી 2024ના રોજ દીકરીઓ દ્વારા કેન્સર હોસ્પિટલનું ભૂમિપૂજન કરવામાં આવશે. જ્યારે કે આ પ્રસંગના



સાક્ષી લાખો લોકો ખોડલધામના પટાંગણ ખાતે બનશે.

કેન્સર હોસ્પિટલના ભૂમિદાન માટે નરેશ પટેલ દ્વારા 17 ડિસેમ્બરથી ગુજરાત, મહારાષ્ટ્ર સહિતના રાજ્યના પ્રવાસનો શુભારંભ શરૂ કરવામાં આવશે. 17 ડિસેમ્બરના રોજ સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝૂકાવીને નરેશ પટેલ પ્રવાસની શરૂઆત કરશે. જે પ્રવાસ છ જાન્યુઆરી સુધી ચાલશે.

રાજકોટ શહેરથી માત્ર 20 કિલોમીટર દૂર આવેલા અમરેલી ગામ ખાતે પ્રથમ તબક્કામાં 200 બેડની હોસ્પિટલ તૈયાર કરવામાં આવશે. જે હોસ્પિટલમાં દર્દીઓ તેમજ તેમના પરિવારજનો માટેની પણ સુવિધાઓ ઊભી કરવામાં આવશે. તો સાથે જ હોસ્પિટલમાં સંશોધન કેન્દ્ર પણ ઊભું કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, અગાઉ કાગવડ સ્થિત ખોડલધામ ખાતે મહાસભાનું આયોજન કરવાની વાતચીત ચાલી રહી છે.

# હિરાસર એરપોર્ટ પાસે નિર્માણ થનાર બ્રિજનો ખર્ચ 10 માસમાં ડબલ

ગુજરાત | વંદન

રાજકોટ શહેરની ભાગોળે હિરાસર એરપોર્ટ નજીક નિર્માણ થનાર ટ્રમ્પ બ્રીજનો ખર્ચ 10 માસમાં ડબલ થઈ ગયો છે. ગત જાન્યુઆરી 2023માં આ ટ્રમ્પ બ્રીજના નિર્માણ માટે 29 કરોડનું એસ્ટીમેન્ટ મુકાયુ હતુ જે હવે 10 માસના સમયગાળા બાદ આ બ્રીજનો નિર્માણ ખર્ચ વધીને 52.05 કરોડ જેટલો થઇ ગયો છે. એપ્રિલ 2025 સુધીમાં આ ટ્રમ્પ બ્રીજની નિર્માણ કામગીરી પૂર્ણ કરવા માટે અમદાવાદની એમ.એસ. ખુરાના એન્જીનીયરી લીમીટેડ કંપનીને આ કામ આપી દેવાયું છે.

કલેકટર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું કે આ ટ્રમ્પ બ્રીજના નિર્માણ માટે ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટના કલીયરન્સ માટે નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા છ માસ પૂર્વે દરખાસ્ત મોકલી દેવામાં આવી છે અને નાણા પણ ભરપાઈ કરી દેવાયા છે. પરંતુ હજુ સુધી મંજુરી ન મળતા આ બ્રીજ નિર્માણમાં વિલંબ થઈ રહ્યો છે. ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટની હાઈવેને લગત 8.05 હેકટર જમીન આ બ્રીજ નિર્માણ માટે સંપાદન કરવાની થાય છે.જેની સામે કલેકટર તંત્ર દ્વારા પણ ફોરેસ્ટ વિભાગને આ જમીન જેટલી જ અન્ય જમીન સામે આપવામાં આવનાર છે. પરંતુ ફોરેસ્ટ વિભાગની જમીનનો કબ્જો હવે આ બ્રીજ નિર્માણ માટે વહેલાસર મળે તે અતિ આવશ્યક છે. તત્કાલીન કલેકટર અરૂણ મહેશ બાબુના સમયકાળમાં આ ટ્રમ્પ બ્રીજ માટે રૂા.29 કરોડનું એસ્ટીમેન્ટ આપવામાં આવ્યું હતું. આ અંગેની વિગતો જે તે સમયે તત્કાલીન કલેકટર અરૂણ મહેશ બાબુ દ્વારા જાહેર કરવામાં આવી હતી.

આ મામલે વર્ષ 2011માં કેસ કરવામાં આવ્યો હતો

# ખેડૂતને જમીન સંપાદનનું વળતર ન મળતા સરકારી કચેરી સીલ કરાઈ

ગુજરાત | વંદન

મહેસાણામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મહેસાણામાં જિલ્લા પંચાયત ખાતે આવેલી માર્ગ અને મકાન વિભાગની કાર્યપાલક ઈજનેરની કચેરીને વિજાપુર સિવિલ કોર્ટના આદેશ આધારે સીલ કરવામાં આવી છે. વિજાપુરના ખેડૂતોની જમીન સંપાદનના મામલાના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે.

કોર્ટના આદેશ બાદ પણ વળતર ચુકવામાં ન આવતા બાંધકામ શાખાની કચેરી સીલ કરવામાં આવી છે. વર્ષ 2008માં મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં જંત્રાલથી રાધુપુરા જતો એપ્રોચ રોડ માટે વિજાપુર પંથકના ખેડૂતોની જમીન સંપાદિત કરવામાં આવી હતી. જે 9 પૈકી 3 ખેડૂતોને વળતર ન મળતાં મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો.

આ મામલે વર્ષ 2011માં કેસ કરવામાં આવ્યો હતો. વર્ષ 2019માં ચુકાદો આવ્યો હતો. જેમાં 2019થી અત્યાર સુધી એક પણ રૂપિયો વળતર ન




ચુકવાતા કોર્ટમાં સ્પેશ્યલ દરખાસ્ત કરવામાં આવી હતી. ખેડૂતોની દરખાસ્તને પગલે નામદાર કોર્ટે કચેરી સીલ કરવા આદેશ કરવામાં આવ્યો હતો. કચેરીને સીલ કરાતા 15 દિવસમાં વળતર ચૂકવી આપવાની બાંહેધરી આપી આવી છે.

આખરે રાજ્ય સરકાર, જિલ્લા કલેક્ટર અને થરાદ ટીડીઓની મેહનત રંગ લાવી

# વર્ષોથી દેહવ્યાપાર કરતી 60 મહિલાઓએ અંબાજીમાં સ્વરોજગારનો સંકલ્પ લીધો

ગુજરાત | વંદન

રાજ્ય સરકાર, બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર, થરાદ મહીલા ટીડીઓ અને સામાજિક સંસ્થાનો પ્રયાસ ફળ્યો છે અને તેમની મેહનત રંગ લાવી છે. વર્ષોથી દેહ વ્યાપાર કરતી થરાદ પાસેના ગામ વાડિયાની આશરે 60 મહિલાઓએ અંબાજી ખાતે દેહવ્યાપાર છોડી સ્વરોજગારનો સંકલ્પ કર્યો,

ગુજરાતમાં એક એવું ગામ આવેલું હતું જે દેહ વ્યાપારથી બદનામ હતું અને જેનું દુષણ ગુજરાતીઓ માટે તકલીફ આપનારું હતું જે માટે તે સમયના ગુજરાતના મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ થી લઈને અત્યાર સુધી વિવિધ નેતાઓએ અધિકારીઓએ સામાજિક સંસ્થાઓએ ઘણા પ્રયાસ કર્યા હતા પરંતુ તે પ્રયાસ સફળ થયા નહતા અને આ ગામ વર્ષોથી દેહ વ્યાપાર વેપાર કરતું હતું. પરંતુ થરાદ ખાતે થોડા સમય અગાઉ જે મહિલા તાલુકા વિકાસ અધિકારી આવ્યા અને તેમને એક સંકલ્પ કર્યો કે હમારા જે વિસ્તારમાં જે ગામ છે તે ગામમાં આ બદી કાયમી ધોરણે બંધ થાય તે માટે તેમને રાજ્ય સરકાર, બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર અને સામાજિક આગેવાનો દ્વારા એનજીઓ દ્વારા સખી મંડળ દ્વારા આ મહિલાઓને સમજાવટ બાદ કાયમી ધોરણે દેહ વેપાર બંધ કરવા માટે અને નવા સંકલ્પ લઈને નવુ જીવન શરૂ કરવા માટે સખીમંડળના પ્રયાસથી અને તમામ લોકોના પ્રયાસથી તેમને આજે અંબાજી મંદિર ખાતે આવીને સંકલ્પ કર્યો હતો અને અગરબત્તી બનાવવાની કામગીરી ચાલુ કરી હતી અને તે કામગીરીથી તેઓ રોજગારી મેળવશે અને નવું જીવન શરૂ કરશે. થરાદ તાલુકામાં થોડા સમય અગાઉ મહિલા ટીડીઓ આવે છે અને તેઓ પોતાના તાલુકામાં જ્યાં દૂષણ છે તે કાયમી ધોરણે બંધ કરાવવા માટે પ્રતિજ્ઞા લે છે અને જિલ્લાના કલેક્ટર, ગામના સરપંચ, સખી મંડળો અને વિવિધ એનજીઓ મારફતે તેઓએ ગામની મહિલાઓને સમજાવે છે અને આ મહિલાઓ તે સમજાવટ બાદ અંબાજી મંદિર ખાતે આવે છે અંબાજી મંદિર ખાતે આવીને સંકલ્પ કરે છે કે હવે અમે કાયમી ધોરણે દેહ વ્યાપાર કરીશું નહીં અને નવી રોજગારી શરૂ કરીશું અગરબત્તી બનાવીશું.

અનુસંધાન પેજ 12 પરથી...

## ગુજરાતના રાજકારણમાં..

હવે અટકળો તેજ થઈ ગઈ છે અન્ય બે આપ ધારાસભ્યો પણ આપમાંથી રાજીનામું આપી શકે છે. જેમાં બોટાદ આપ ધારાસભ્ય ઉમેશ મકવાણા અને ગારિયાધાર આપ ધારાસભ્ય સુધીર વાઘાણી પણ આપના ધારાસભ્ય પદેથી રાજીનામું આપી શકે છે.

આપના વિસાવદર ધારાસભ્ય ભૂપત ભાયાણી તો પહેલા પણ ભાજપમાં સામેલ હતા, તેઓ ઘરવાપસી કરી શકે છે. આ પહેલા પણ તેઓ જ્યારે આપ ધારાસભ્ય તરીકે ચૂંટાયા તે જ સમયે પીએમ નરેન્દ્ર મોદીના વખાણ કરી ચુક્યા છે. તો આપ ધારાસભ્ય ઉમેશ મકવાણા અને ગારિયાધાર ધારાસબ્ય સુધિર વાઘાણી પણ જો આપમાંથી રાજીનામું આપશે તો ભાજપ સાથે જોડાવાની સંભાવના વધુ હોવાની અટકળોઓ હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભા ચૂંટણીની 182 બેઠકોમાં AAPના પાંચ ધારાસભ્યો ભૂપત ભાયાણી (વિસાવદર), ઉમેશ મકવાણા (બોટાદ), સુધીર વાઘાણી (ગારીયાધાર), હેમંત ખાવા (જામજોધપુર), અને ચૈતર વસાવા (ડિયાપાડા)એ જીત મેળવી હતી. તો ભાજપને 156 બેઠકો પર જીત પ્રાપ્ત થઈ હતી. આ સિવાય કોંગ્રેસે 17 બેઠક, સપાને 1 બેઠક અને 3 બેઠક અપક્ષ ધારાસભ્યોએ જીતી હતી.

## બાગાસુ ખાતા...

કેસવાલા સહિતના ટીમ સભ્યો દ્વારા બિલ્ડર ગ્રુપના ઘર, ઓફિસ અને ગુપ્ત ઠેકાણાં પરથી મળી આવેલા ડોકયુમેન્ટનું ઝીંણવટભર્યું નિરિક્ષણ કરવમાં આવ્યું હતું, જેમાં સાટાખત, દસ્તાવેજ, ચીઠ્ઠીઓ, ડાયરીઓ, ફાઈલ સહિતનાં અનેક કાગળો હાથ લાગ્યાં હતાં, જેમાં રોકડ કોણે આપી, કયા પ્રોજેક્ટ માટે આપી, કઈ મિલકત કોણે કેટલી રોકડ આપીને લીધી, કોનું કેટલું પેમેન્ટ રોકડમાં આવ્યું, કેટલું બાકી છે, કેટલા સમયમાં કેટલી રોકડ આપી વગેરેનો ઉલ્લેખ હતો. આ યાદીમાં એવાં અનેક નામો છે જે અધિકારીઓએ પણ પહેલીવાર જોયા છે. માલેતુજાર વર્ગના વધતા આંકડા જોઈને અધિકારીઓ પણ ચોંકયા હતા. કેટલાંક જાણીતા નામો પણ છે. બિલ્ડરોનો પણ તેમાં ઉલ્લેખ છે. જમીનો વેચવામાં માહિર કેટલાક ખેડૂતોનાં પણ તેમાં નામ છે. કરોડપતિ બ્રોકરો પણ તેમાં સામેલ છે. આઈટી તપાસમાં કુલ 8 લાખની રોકડ અને જ્વેલરી મળી છે, ઉપરાંત 20 જેટલાં બેંક લોકર પણ સીઝ કરવામાં આવ્યાં છે. આ લોકરો આવતા અઠવાડિયે ઓપરેટ કરવામાં આવનાર છે.

## લોકસભા ચૂંટણી...

પ્રથમ તબકકાની ભારત જોડો યાત્રામાં કવર કરી લેવામાં આવ્યા હતા. ગુજરાત સહિતના બાકીના રાજ્યોને કવર કરીને ભારત જોડો યાત્રાનો બીજો તબકકો શરૂ કરવાનો સૈધ્ધાંતિક નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ આખરી નિર્ણય થયો નથી. લાંબા વખતથી ભારત જોડો યાત્રાની વાત થઇ રહી છે ત્યારે ક્યારથી અને ક્યાંથી શરુ કરાશે? ગુજરાતથી પ્રારંભ કરવાની યોજના છે કે કેમ? સહિતના મુદાઓ આગળ ધરીને ચર્ચા થવાની સંભાવના છે. દિલ્હીના કોંગ્રેસ હેડ ક્વાર્ટરમાં યોજાનારી બેઠકમાં ગુજરાત કોંગ્રેસના નેતાઓ ભારત જોડો યાત્રાનો બીજો તબકકો ગુજરાતથી શરુ કરવા ફરી એક વખત નેતાગીરીને આગ્રહ કરશે તેવા નિર્દેશ છે.

## કોંગ્રેસના પૂર્વ...

રક્ષાબંધનના દિવસે જ અકસ્માત સર્જાયો હતો. કાર, બાઈક અને રિક્ષા વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતના કારણે ઘટના સ્થળે એક સાથે 6 લોકોને કાળ ભરખી ગયો હતો. આ અકસ્માતમાં કારચાલક MLA પૂનમચંદ પરમારના જમાઈનું નામ સામે આવ્યું હતું. MLA પૂનમચંદ પરમારના જમાઈ કેતન પઢિયાર કાર છળવી રહ્યો હતો તે સમયે દારૂના નશામાં કાર ચલાવતો હોવાની પણ માહિતી તપાસમાં સામે આવી હતી. પોલીસે કેતન પઢિયાર સામે માનવવધ કલમ 304 હેઠળ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## સમારકામને લઈ ...

અને આબુ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેન નંબર 14821 જોધપુર-સાબરમતી એક્સપ્રેસ 16 ડિસેમ્બર 2023થી 08 જાન્યુઆરી 2024 સુધી આબુ રોડ સ્ટેશન પર શોર્ટ કરાશે.

## સ્ટેચ્યૂ ઓફ...

સંદેશ તમામ હિતધારકો સુધી પહોંચાડવામાં આવશે. આ કાર્યક્રમમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં નહિ આવે.

## છાત્રાના...

જ્યારે વિદ્યાર્થિનીના ખાતામાં સ્કોલરશીપના પૈસા આવ્યો તો તેમણે 12,000 રૂપિયાની માંગણી કરી હતી. જેથી વિદ્યાર્થિનીના પિતાએ ACBને જાણ કરતા છટકું ગોઠવીને ક્લાર્ક અને પ્યૂનને ઝડપી લેવામાં આવ્યા હતા. ACBને પૈસાની માગણી કરતું રેકોર્ડિંગ પણ મળ્યું હતું. સાથે જાણવા મળ્યું કે નિકેત પટેલ સ્કૂલમાં JEE, NEETની તૈયારી કરાવવા પણ આવતો હતો અને અન્ય અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના ખાતામાંથી પણ સ્કોલરશિપના પૈસાની કટકી કરતો હતો. સમગ્ર મામલે હવે વિદ્યાર્થીઓના વાલીની પૂછપરછ કરવામાં આવી રહી છે. તથા ક્લાર્ક અને પ્યૂનની મિલકતની તપાસ કરવામાં આવી રહી છે.

પંછી નદિયા પવન કે ઝોંકે, કોઈ સરહદ ના ઇન્હે રોકે....

# 10 હજાર કિમીનું અંતર કાપી કુંજ પક્ષી થોળ અભ્યારણ ફરી પહોંચ્યા, પાક સહિત 3 દેશોનો પ્રવાસ ખેડ્યો

**4 કુંજ પક્ષીઓને GPS લગાવવામાં આવ્યા હતા, એ 4 પક્ષીઓ ફરી થોળ તળાવમાં આવી પહોંચ્યા**

ગુજરાત | વંદન

ગુજરાતના ગૌરવ સમાન મહેસાણાના થોળમાં પક્ષી અભ્યારણ આવેલું છે. જ્યા દર વર્ષ હજારો લાખો પક્ષી અનેક હજાર કિલોમીટર કાપીને ત્યા આવે છે. દસ હજાર કિલોમીટર અંતર કાપી મહેસાણામાં પક્ષી પહોચ્યું છે. કડીના થોળમાં પક્ષી અભયારણ્ય ખાતે કુંજ નામનું પક્ષીઓ હજારો કિમી કાપી પહોંચ્યું છે.અત્રે જણાવીએ કે, ગત વર્ષે 4 કુંજ પક્ષીઓને GPS લગાવવામાં આવ્યા હતા. GPS લગાવેલા 4 પક્ષીઓ ફરી થોળ તળાવમાં આવી પહોંચ્યા છે. GPSના આધારે માલુમ પડ્યું કે કુંજ પક્ષીઓએ 10,000 કિમી અંતર કાપીને ફરી એકવાર આ



વર્ષે થોળમાં આવી પહોંચ્યા છે. કઝાકિસ્તાન, અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને હિમાલય એવરેસ્ટ શિખર સર કરી આ પક્ષીઓ આવ્યા છે. જ પક્ષીઓ કઝાકિસ્તાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન થઈ 10 હજાર કિલોમીટરની સફર કરી ગુજરાત આવે છે. થોળ પક્ષી અભયારણ્યમાં દર વર્ષે 70થી વધુ વિદેશી પ્રજાતિના પક્ષીઓ આવતી હોય છે. અંદાજે 30 થી 40 હજાર પક્ષીઓ થોળ પક્ષી અભયારણ્યમાં આવે છે. ફોરેસ્ટ વિભાગ દ્વારા આ પક્ષીઓની ઓળખ અને સંશોધન કરવામાં આવે છે. શિયાળો શરૂ થતા જ ઠંડા પ્રદેશોના પક્ષીઓ થોળ આવી પહોંચે છે. વધુ ઠંડા પ્રદેશોમાં ઠંડી માઈનસ ડિગ્રી સુધી પહોંચી જતા પક્ષીઓ થોળ અભ્યારણમાં આવા હોય છે

અનુસંધાન પેજ 1 પરથી...

## વિશ્વના સૌથી...

અને પુષ્પવર્ષાથી સ્વાગત કરવામાં આવશે.

શહેરનાં તમામ ધારાસભ્યોને સ્વાગત પોઈન્ટ પરની વ્યવસ્થાની જવાબદારી સોંપવામાં આવી છે. પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલનાં અધ્યક્ષસ્થાને એક બેઠક મળી હતી. જેમાં વડાપ્રધાન મોદીના કાર્યક્રમને લઈ ચાલતી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.દરમ્યાન સંગઠનના હોદેદારો તેમજ ધારાસભ્યોને જવાબદારી પણ સોંપવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને સફળ બનાવવા માટે શહેર પ્રમુખની આગેવાની હેઠળ ભાજપ કાર્યાલય ખાતે અગત્યના કાર્યકરોની બેઠક બોલાવવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આગમનને લઈ ભાજપનાં કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વિશ્વના સૌથી મોટા ઔદ્યોગિક એકમ ડાયમંડ બુર્સ તથા સુરત શહેર ખાતે શરૂ થનારા આંતર રાષ્ટ્રીય હવાઈ ટર્મીનલનું કાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. વર્ષ 2022માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમ્યાન 29 સપ્ટેમ્બરના રોજ રોડ લિબાયત ખાતે રોડ-શો કર્યા બાદ નિલગીરી ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરસભા સંબોધી હતી. સવા વર્ષ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરત આવી રહ્યા હોય તેમના સ્વાગત માટેની તડામાર તૈયારીઓ શહેર ભાજપ દ્વારા કરવામાં આવી રહી છે. ખુબ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ એરપોર્ટની બહાર ઉપસ્થિત રહે. તેવુ આયોજન શહેર ભાજપ દ્વારા કરવામાં આવ્યુ છે.

સુરત એરપોર્ટ ખાતેના આંતર રાષ્ટ્રીય હવાઈ ટર્મીનલનુ લોકાપણ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ડાયમંડ બુર્સનુ લોકાર્પણ કરવામાં આવશે. દરેક સ્વાગત પોઈન્ટ પર ઢોલ-નગારા સાથે પાંચ હજાર જેટલાં કાર્યકર્તાઓ વડાપ્રધાન મોદીના સ્વાગત માટે ઉપસ્થિત રહે તેવી વ્યવસ્થા શહેર ભાજપ દ્વારા કરવામાં આવી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળે છે. કોઈપણ પ્રકારની કચાસ નહી રહે તે માટે સ્વાગત પોઈન્ટ પરની વ્યવસ્થાની જવાબદારી મંત્રી અને ધારાસભ્યોને સોંપવામાં આવી છે. આ સાથે વધુમાં વધુ કાર્યકર્તાઓ સુરત એરપોર્ટ તેમજ એરપોર્ટથી ખજોદ સુધીના રૂટ પર ઉપસ્થિત રહે તે પ્રકારનું આયોજન કરવાની સુચના પ્રદેશ પ્રમુખ દ્વારા આપવામાં આવી હતી.

## રશિયાના પ્રમુખ...

છે. રશિયાની એક એજન્સીના જણાવ્યા અનુસાર છેલ્લા બે મહિનામાં ઈંડાના ભાવમાં 30 ટકાનો વધારો થયો છે. રશિયામાં એક ડઝન ઈંડાની કિંમત $1.8 પર પહોંચી ગઈ છે. બે મહિના પહેલા તે $1.4 માં મળતા હતા. એક અહેવાલ અનુસાર, રશિયાએ 2022માં 1.2 બિલિયન ઈંડાની નિકાસ કરી હતી જે ઈંડાની નિકાસનો 15 ટકા હતો. જો કે, યુદ્ધની શરૂઆતથી, રશિયા ખૂબ મુશ્કેલીથી ઈંડાની નિકાસ કરી શક્યું છે. રશિયન નિકાસકારો હવે ઘણા દેશોમાં તેમનો માલ મોકલવામાં અસમર્થ છે. તે જ સમયે પ્રતિબંધોને લીધે, ઉચ્ચ ગુણવત્તાવાળા ઈંડા માટે ઉપયોગમાં લેવાતી ઘણી તકનીકો ઉપલબ્ધ નથી. અગાઉ ચિકન પ્રોટીન અને અનાજ પણ અન્ય દેશોમાંથી આવતા હતા પણ હાલની સ્થિતિમાં ઈંડાનું ઉત્પાદન અને ગુણવત્તા બંનેમાં ઘટાડો થયો છે. પ્રતિબંધોને કારણે પરિસ્થિતિ એવી છે કે ઘણા ખેડૂતો તેમના મરઘાને રોગોથી બચાવી શકતા નથી. પુતિને એ પણ સ્વીકાર્યું છે કે માંગ વધવા છતાં દેશમાં ઉત્પાદન વધી રહ્યું નથી. તેમણે કહ્યું કે સુધારણા માટે ટૂંક સમયમાં પગલાં લેવામાં આવશે. રશિયા ઈંડા પરની ડ્યુટી ઘટાડવાનું વિચારી રહ્યું છે. રશિયાનો મોંઘવારી દર ગઈકાલે વધીને 7.4 થયો. પુતિને એમ પણ કહ્યું કે મોંઘવારી વધુ વધી શકે છે. આ વર્ષે આ દર વધીને 8 ટકા થઈ શકે છે. આ રીતે વધતી મોંઘવારી એમ દર્શાવી રહી છે કે રશિયાની અર્થવ્યવસ્થા પણ સંકટનો સામનો કરી રહી છે. આર્થિક નિષ્ણાતો પણ રશિયા માટે સારા સંકેત નથી આપી રહ્યા. સાથે જ પુતિન આશા વ્યક્ત કરી રહ્યા છે કે દેશની આર્થિક સ્થિતિ જલ્દી સુધરશે.

## ઇઝરાયેલી સૈન્યે...

હગારીએ પરિવારની વિનંતી પર ત્રીજા બંધકનું નામ જાહેર કર્યું ન હતું.

હમાસની કેદમાંથી ત્રણ બંધકો કેવી રીતે છટકી ગયા તે અંગે પૂછવામાં આવતા હગારીએ જણાવ્યું હતું કે અમારું માનવું છે કે આ ત્રણેય બંધકો હમાસની પકડમાંથી ભાગી છૂટવામાં સફળ થયા હતા અથવા એવું બની શકે કે હમાસના લડાકૂઓ દ્વારા તેમને મુક્ત કરી દેવાયા હોય. આઈડીએફના પ્રવક્તાએ કહ્યું કે અમારા સૈનિકોએ ત્રણેયને ગોળીબારમાં માર્યા બાદ તેમની ઓળખ અંગે શંકા થઈ હતી. તેમના મૃતદેહોને તપાસ માટે તાત્કાલિક ઈઝરાયલ મોકલાયા હતા જ્યાં ઓળખ હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા ઈઝરાયેલી નાગરિકો તરીકે કરવામાં આવી હતી.

## નિખિલ ગુપ્તા...

માધ્યમથી આ કેસમાં કથિતરૂપે સામેલ ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા સામે કાર્યવાહીની માગ કરી છે અને ચેતવણી આપી છે કે જો એવું નહીં થાય તે ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો પર માઠી અસર થશે. આ મામલે શુક્રવારે ત્યારે ગંભીર વળાંક આવ્યો જ્યારે પાંચ ભારતીય અમેરિકી સાંસદોએ નિવેદન જારી કરી કહ્યું કે જો ભારતીય અધિકારી આ મામલે યોગ્ય રીતે તપાસ નહીં કરે તો તેની બન્ને દેશોના સંબંધો પર અસર થશે. આ તમામ ભારતીયમૂળના સાંસદો સત્તારુઢ ડેમોક્રેટિક પાર્ટીના હતા. તેમણે ખુલાસો કર્યો કે બાયડેન સરકારે તેમને આ મામલે જાણકારી આપી હતી. આ નિવેદન કેલિફોર્નિયાના ડેમોક્રેટ સાંસદ અમી બેરા દ્વારા જારી કરાયું છે. જેમનું સંસદીય વિસ્તાર સેક્રામેંટો કાઉન્ટીમાં મોટી શીખ વસતી ધરાવે છે. આ નિવેદન પર રો ખન્ના, પ્રમિલા જયપાલ, રાજા કૃષ્ણમૂર્તિ અને શ્રી થાનેદારે પણ હસ્તાક્ષર કર્યા હતા.

## 60 વર્ષ રાજ...

ક્રાઉડ ફન્ડિંગ અભિયાન ડોનેટ ફોર દેશને લોન્ચ કરવાની જાહેરાત કરતાં ગર્વ થાય છે. આ પહેલ 1920-21માં મહાત્મા ગાંધીના ઐતિહાસિક તિલક સ્વરાજ ફંડથી પ્રેરિત છે. આ અભિયાનને સત્તાવાર રીતે 18 ડિસેમ્બરે દિલ્હીમાં પાર્ટી અધ્યક્ષ દ્વારા શરૂ કરાશે. અમે આ અભિયાન માટે અમારા રાજ્ય સ્તરના પદાધિકારીઓ, ચુંટાયેલા પ્રતિનિધિઓ, ડીસીસી અધ્યક્ષો, પીસીસી અધ્યક્ષો અને એઆઈસીસીને પ્રોત્સાહિત કરીએ છીએ. દરેક પદાધિકારીએ ઓછામાં ઓછા 1380 રૂપિયાનું યોગદાન આપવાનું રહેશે.

## મારૂ યૌનશોષણ...

આપવીતી વર્ણવી હતી. તેમણે જણાવ્યું કે કેવી રીતે જજ અને તેના સાથીએ તેમને રાતે ઘરે આવવા દબાણ કર્યું. તેમનું શારીરિક અને માનસિક રીતે શોષણ કર્યું. જ્યારે તેમણે ન્યાય માગ્યો તો પણ કોઈ સુનાવણી ન થઈ. દોઢ વર્ષ વીતી જવા છતાં મારી સાથે થયેલા અન્યાયથી કોઈને ફેર પડ્યો નથી. એટલા માટે મેં મારા જીવનને ટૂંકાવવાનો નિર્ણય લીધો છે. હું હવે જીવવા નથી માગતી. એટલા માટે સુપ્રીમકોર્ટથી ઈચ્છા મૃત્યુ માગી રહી છું. પીડિત મહિલા જજે સુપ્રીમ કોર્ટ પાસેથી ઈચ્છામૃત્યુની પરવાનગી માગતા કહ્યું કે મેં આ મામલે 2022માં અલ્હાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસને પણ ફરિયાદ કરી હતી, પરંતુ ન્યાય ન મળ્યો. આજ સુધી આ મામલે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને કોઈએ મારા કેસમાં રસ પણ દાખવ્યો નથી. આ મામલે હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી, પરંતુ 8 સેકન્ડમાં જ મામલો બરતરફ થઈ ગયો હતો. તેથી જ મારે હવે જીવવું નથી. ઉત્તરપ્રદેશની મહિલા જજનો ઈચ્છામૃત્યુ માગતો પત્ર વાયરલ થતાં સીજેઆઈ ડી.વાય.ચંદ્રચૂડ એક્ટિવ થયા હતા અને તેમણે અલ્હાબાદ હાઈકોર્ટથી આ કેસમાં સ્ટેટસ રિપોર્ગ માગ્યો હતો. સુત્રોએ જણાવ્યું કે તેમણે મોડી રાતે સુપ્રીમકોર્ટના સેક્રેટરી જનરલ અતુલ એમ કુરહેકરને અલ્હાબાદ હાઈકોર્ટના તંત્ર પાસેથી સ્ટેટસ રિપોર્ટ માગવા આદેશ કર્યો હતો.

## કરોડપતિ સાહુ..

જે કેશ મળી છે તે મારી પાક્કી રકમ છે. મારો પરિવાર દાયકાઓથી દારૂના બિઝનેસમાં છે. દારૂના વ્યાપારનો સોદો કેશમાં થાય છે. બિઝનેસ મારા પરિવારના લોકો ચલાવતા હતા. આઈટીની રેડમાં જે કેશ મળી છે તે કોઈ રાજનૈતિક પક્ષની નથી. મારા બિઝનેસ ફર્મ માટે રોકડ રાખવામાં આવી હતી. સાહૂએ કહ્યું કે હું પહેલા પણ કહી ચુક્યો છું કે પૈસા મારા પરિવારની કંપનીઓના છે. આવકવેરા વિભાગને એ નક્કી કરવા દો કે આ કાળુ ધન છે કે સફેદ ધન. હું બિઝનેસ લાઈનમાં નથી. મારા પરિવારના સદસ્ય તેનો જવાબ આપશે. મને નથી ખબર કે લોકો તેને કેવી રીતે જોઈ રહ્યા છે. પરંતુ હું આ વિશ્વાસની સાથે કહી શકું છું કે આ પૈસાનું કોંગ્રેસ કે કોઈ અન્ય રાજનૈતિક પાર્ટી સાથે કોઈ લેવા-દેવા નથી.

# માલસામાનની આયાત વધતા એશિયન સાથે મુકત વેપાર કરારની સમીક્ષા કરાશે


■ વર્તમાન નાણાં વર્ષમાં ઈમ્પોર્ટમાં નોંધપાત્ર વધારો થતા દેશના ઉદ્યોગકારો ચિંતિત

ગુજરાત | વંદન

૩૮ જેટલી ચીજવસ્તુઓની આયાતમાં વધારો થતાં એસોસિએશન ઓફ સાઉથઈસ્ટ એસિયન નેશન્સ (એસિયન) સાથેના તેર વર્ષ જુના વેપાર કરાર (એફટીએ)ની સમીક્ષા કરવા ભારત સજ્જ થઈ રહ્યું છે. એસિયન દેશો ખાતેથી જે ચીજવસ્તુઓની આયાતમાં વધારો થયો છે તેમાં લેપટોપ્સ, આઈટી હાર્ડવેર, ટેલિકોમ સાધનો, સ્ટેનલેસ સ્ટીલ પ્રોડકટસ વગેરેનો સમાવેશ થાય છે. છેલ્લા ૬ મહિનાથી આ ચીજવસ્તુની આયાતમાં વધારો જોવા મળી રહ્યાનું વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.

થાઈલેન્ડ, મલેશિયા, વિયેતનામ, સિંગાપુર જેવા દેશો ખાતેથી આયાતમાં વધારો જોવા મળી રહ્યો છે. દસ દેશોના એસિયન જુથમાં ફિલિપાઈન્સ, ઈન્ડોનેશિયા, દારૂસલેમ, કમ્બોડિયા, લાઓસ તથા મ્યાનમારનો પણ સમાવેશ થાય છે. ભારત-એસિયન મુકત વેપાર કરાર ઓગસ્ટ ૨૦૦૯માં થયો હતો અને તેનો અમલ ૨૦૧૦થી કરાયો છે. કરાર હેઠળ વેપાર સમતુલા અત્યારસુધી એસિયનની તરફેણમાં પરિણમી છે.

વાણિજ્ય વિભાગ વેપાર ડેટાની આકારણી કરાવે છે તેમછતાં તેણે ઉદ્યોગો પાસેથી પણ કરાર સંદર્ભમાં તેમની ચિંતાઓ તથા સમશ્યાઓ હોય તો તેની પણમાહિતી મેળવવામાં આવી રહી છે.



વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં આયાતમાં થયેલા વધારા સામે ઉદ્યોગે વિભાગ સમક્ષ ચિંતા વ્યકત કરી હતી એમ ઈલેકટ્રોનિકસ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું.

મુકત વેપાર કરારની સમીક્ષા કરવા ભારતના વેપાર ગૃહો લાંબા સમયથી માગણી કરી રહ્યા છે. વેપાર ખાધમાં વધારા ઉપરાંત નોન-એસિયન દેશો ખાતેથી પણ એસિયન દેશો મારફત ભારતમાં માલ ઘુસાડાઈ રહ્યાના અહેવાલોથી સરકાર ચિંતીત છે. આ હકીકતને ધ્યાનમાં રાખી સરકાર હાલના એફટીએ હેઠળ રુલ્સ ઓફ ઓરિજિનનો આગ્રહ ધરાવી રહી છે.

નાણાં વર્ષ ૨૦૨૩માં એસિયન ખાતે ભારતની નિકાસ નાણાં વર્ષ ૨૦૨૨માં ૪૨.૩૨ અબજ ડોલરની સરખામણીએ વધી ૪૪ અબજ ડોલર રહી હતી પરંતુ આની સામે આયાત ૬૮ અબજ ડોલરથી વધી ૮૭.૫૭ અબજ ડોલર જોવા મળી હતી જેને પરિણામે આ દેશો સાથેની વેપાર ખાધ ૨૬.૭૬ અબજ ડોલરથી વધી ૪૩.૫૭ અબજ ડોલર પહોંચી ગઈ હોવાનું વાણિજ્ય વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.

# નોન-મેટ્રો શહેરોમાં તૈયાર મકાનો કરતાં નિર્માણાધીન મકાનના ભાવ બેગણાં વધ્યા

■ નવા વર્ષમાં 65% ભારતીયોએ પોતાનું ઘર ખરીદવાની યોજના બનાવી

ગુજરાત | વંદન




દેશનાં વિકસતાં બજારોમાં અન્ડર કન્સ્ટ્રક્શન (નિર્માણાધીન) મિલકતના ભાવ તૈયાર મિલકતોના ભાવ કરતાં ઝડપથી વધી રહ્યા છે. રાષ્ટ્રીય સ્તરે આ વધારો 10.73% છે પરંતુ નોન-મેટ્રો શહેરોમાં ભાવ 20%થી વધી વધ્યા છે. તેની સરખામણીમાં રેડી-ટુ-પઝેશન એટલે કે તૈયાર મિલકતોના ભાવ માત્ર 4.88% વધ્યા છે. કેટલેક ઠેકાણે તો ઘટાડો પણ જોવા મળ્યો છે. નેશનલ હાઉસિંગ બૅન્ક (એનએચબી)ના તાજેતરના અહેવાલમાં આ વાત રજૂ કરાઈ છે.

રિયલ એસ્ટેટના જાણકારો કહે છે કે કોવિડ પછી હાઉસિંગ સેક્ટરમાં ઝડપથી માગ વધી છે. 10 વર્ષની ઈન્વેન્ટ્રી થોડા મહિનાઓમાં જ ખતમ થઈ ગઈ હોવાથી ઝડપથી નવા પ્રોજેક્ટ આવી રહ્યા છે. માગ વધુ હોવાને કારણે દરેક પ્રોજેક્ટમાં બુકિંગ સારું છે. છેલ્લાં 3 વર્ષમાં મિલકતોના ભાવ 10-15% વાર્ષિક દરે વધે છે.

લોકોને હવે મકાનમાં વધુ પર્સનલાઈઝ્ડ સ્પેસ જોઈતી હોવાથી જૂની મિલકતોમાં લોકોની રુચિ વધુ નથી. એનએચબી દ્વારા તૈયાર દેશનાં 50 શહેરના રેસિડેક્સ પણ આ જ વાત કહે છે. આ વાતો રિસર્ચ ફર્મ જેએલએનએ હોમ પર્ચેઝ અફોર્ડેબિલિટી ઈન્ડેક્સ (એચપીએઆઇ)ના અહેવાલમાં કહી છે. તેના મતે વર્ષ 2022 કરતાં 2023માં એફોર્ડેબિલિટી ઓછી થઈ છે.

રિઝર્વ બૅન્ક વ્યાજદરમાં ઘટાડો કરે તો 2024માં મકાન ફરીથી લોકોના બજેટમાં આવે, તેવી આશા વ્યક્ત કરાઈ છે. રિપોર્ટ કહે છે કે 2023માં વધુ લોકોના બજેટમાં પ્રોપર્ટી હતી. આથી એચપીઆઇ ઈન્ડેક્સ 2023માં સૌથી ઓછો હતો. એટલે કે હોમ લોન લઈને મકાન ખરીદી શકે એવા લોકો ઓછા હતા. 2014માં આ સૂચકાંકમાં ઉછાળો આવ્યો. 2021માં એ સમતોલ સ્થિતિમાં આવી ગયા હતા.

દેશમાં મકાન ભાડે અને હોમ લોનના ઈએમઆઇનું અંતર લગભગ ઘટી રહ્યું છે. આથી 2024માં 65% ભારતીયોની નવું ઘર ખરીદવાની યોજના છે. આ વાત રિયલ એસ્ટેટ પ્રોપર્ટી વેબસાઈટ - નો બ્રોકરે સોમવારે પ્રસિદ્ધ અહેવાલમાં કહી હતી. તેના મતે લોકોમાં પોતાનું ઘર ખરીદવાની વધતી ઈચ્છા છે. સંસ્થાએ આ અહેવાલ દેશમાં 32,000 લોકો વચ્ચે સરવે કરીને તૈયાર કર્યો હતો.

દેશમાં છેલ્લાં બે વર્ષમાં મિલકતોના ભાવ ઝડપથી વધી રહ્યા છે અને અન્ય મુખ્ય શહેરોમાં મકાન એક મોટી વસ્તીના બજેટની બહાર છે. આથી મકાન પોતાના બજેટમાં આવે તે માટે લોકો વ્યાજદર ઘટવાની રાહ જોઈ રહ્યા છે. હોમ પર્ચેઝ એફોર્ડેબિલિટી ઈન્ડેક્સમાં આ માહિતી અપાઈ છે.

# ડુંગળી બાદ હવે લસણ થયું મોંઘું, ભાવ અધધ...400 રૂપિયા પ્રતિ કિલોએ પહોંચ્યો

■ મોંઘવારીમાંથી ટૂંક સમયમાં રાહત મળવાની કોઈ શક્યતા નથી

ગુજરાત | વંદન



ડુંગળી બાદ હવે લસણના ભાવ વધી રહ્યું છે. હવે મોંઘવારીએ ગરીબોને ભારે ફટકો માર્યો છે. ચટણીના સ્વાદમાં સૌથી મહત્વની ભૂમિકા ભજવતા લસણની કિંમત 400 રૂપિયા પ્રતિ કિલોએ પહોંચી ગઈ છે. મતલબ કે હવે તમારે લસણની ચટણી અને લસણને થોડા સમય માટે મેનુમાંથી બહાર રાખવા પડશે. જ્યારે, આદુ-લસણની પેસ્ટ વિના શાકભાજી, મટન અને ચિકનનો સ્વાદ પણ પ્રભાવિત થશે. નવા પાકને બજારમાં પહોંચવામાં સમય લાગશે અને ત્યાં સુધી ભાવ ઊંચા રહેવાની આશા છે. કમનસીબે ઓક્ટોબર અને નવેમ્બરમાં કમોસમી વરસાદને કારણે ઘણા ભાગોમાં પાક નિષ્ફળ ગયો.

નાસિક અને પુણેના મુખ્ય ઉત્પાદક વિસ્તારોમાં પ્રતિકૂળ હવામાનની સ્થિતિને કારણે લસણની નબળી લણણીને કારણે સમગ્ર મહારાષ્ટ્રમાંથી સપ્લાયમાં ઘટાડો થવાને કારણે છૂટક બજારમાં લસણના ભાવ રૂ. 300-400 પ્રતિ કિલોએ પહોંચી ગયા છે. આનાથી મુંબઈના હોલસેલરોને પડોશી ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાંથી ખરીદી કરવા પ્રેર્યા છે. તેનાથી ખર્ચ અને અન્ય સ્થાનિક શુલ્કમાં વધારો થયો છે.

ઓછા સપ્લાયને કારણે છેલ્લા કેટલાક સપ્તાહમાં લસણની કિંમત લગભગ બમણી થઈ ગઈ છે અને વેપારીઓનું અનુમાન છે કે પરિસ્થિતિ જલ્દી સુધરશે નહીં. APMC બલ્ક યાર્ડમાં ટેરિફ ગયા મહિને રૂ. 100-150 પ્રતિ કિલોથી વધીને રૂ. 150-250 પ્રતિ કિલો થઈ ગયો છે. આ ફેરફારથી હવે છૂટક કિંમત 300 થી 400 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. હાલમાં જથ્થાબંધ બજારમાં દરરોજ 15-20 વાહનો (ટ્રક અને મીની વાન) આવે છે, જે સામાન્ય રીતે 25 થી 30 વાહનોની આવક કરતા ઓછા છે.

એપીએમસીના વેપારીઓએ જણાવ્યું હતું કે, ઉટી અને મલપ્પુરમથી સપ્લાયમાં મોટો ઘટાડો થયો છે, જેના કારણે મોંઘવારી વધી છે. જેના કારણે રસોડાનું માસિક બજેટ ખોરવાઈ ગયું છે. મુંબઈ APMCના ડિરેક્ટર અશોક વલુંજએ જણાવ્યું હતું કે, "ચોમાસા દરમિયાન ઓછો વરસાદ અને ત્યારપછીના કમોસમી વરસાદને કારણે સ્ટોક અને ઓછા ઉત્પાદનને કારણે સ્થાનિક પુરવઠાને અસર થઈ છે. અમારે ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના સપ્લાય પર નિર્ભર રહેવું પડશે."

## ભારતથી ચીન અને અમેરિકા પાછળ રહી જશે

# 2028 સુધીમાં ભારતનું ઈ-કોમર્સ માર્કેટ $160 બિલિયનને વટાવી જશે

ગુજરાત | વંદન




ભારતનું ઈ-કોમર્સ બજાર જે ઝડપી વૃદ્ધિ સાથે હાંસલ કરી રહ્યું છે તે જોતા વર્ષ 2028 સુધીમાં તે $160 બિલિયનને વટાવી જવાની ધારણા છે. દેશમાં ઓનલાઈન શોપિંગ માર્કેટ 2023માં અંદાજિત $57-60 બિલિયનથી વધીને આગામી 5 વર્ષમાં $160 બિલિયન થવાની ધારણા છે. એક રિપોર્ટ અનુસાર જાણવા મળે છે કે ભારતમાં ઓનલાઈન શોપિંગમાં જબરદસ્ત વધારો થયો છે, જે આ આંકડો હાંસલ કરવાનું સરળ બનાવશે.

બેઈન એન્ડ કંપનીના ઓનલાઈન 2023 રિપોર્ટ અનુસાર 2020 થી ભારતનું ઓનલાઈન રિટેલ માર્કેટ દર વર્ષે $8-12 બિલિયનનું સતત વધ્યું છે. જે ઈ-કોમર્સ માર્કેટમાં ગ્રાહકોના ખર્ચની પેટર્ન પર નજર રાખે છે. બેઈન એન્ડ કંપનીએ ફ્લિપકાર્ટ સાથેના સંયુક્ત અહેવાલમાં જણાવ્યું હતું કે ભારતીય ઓનલાઈન શોપિંગ માર્કેટ એક વર્ષ અગાઉની સરખામણીમાં 2023માં 17-20 ટકા વધવાની ધારણા છે, જોકે 2019-2022માં તે 25-30 ટકા વધશે. તેની સરખામણીમાં આ ધીમી ગતિ છે પરંતુ તેની પાછળ ફુગાવાનો વધતો દર મુખ્ય કારણ છે. કોવિડ-19નો સમયગાળો વૈશ્વિક સ્તરે ઈ-રિટેલને અપનાવવા માટે મહત્વપૂર્ણ સમય રહ્યો છે. કોવિડ કારણે તમામ બજારોમાં વિવિધ સ્તરે ઓનલાઈન શોપિંગમાં વધારો થઈ રહ્યો છે.

# ભારતની સ્ટીલની આયાત 12 લાખ ટનની ઉંચી સપાટીએ

ગુજરાત | વંદન



ભારતમાં બાંધકામ ક્ષેત્ર સહિત દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ ખાનગી અને જાહેર રોકાણ વધતા દેશની સ્ટીલ માંગ ઐતિહાસિક ઉંચી સપાટીએ પહોંચી છે. કેલેન્ડર વર્ષ ૨૦૦૬થી ઉપલબ્ધ ડેટા અનુસાર ભારતની નવેમ્બરની સ્ટીલની આયાત ૧૨ લાખ ટનની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચી હતી.ઈલારા સિક્યોરિટીઝના અહેવાલ અનુસાર ૨૦૨૩ના કેલેન્ડર વર્ષમાં વાયટૂડી વોલ્યુમ ૭ મિલિયન ટનની છ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી ગયું છે. નવેમ્બરમાં સતત ત્રીજા મહિને ભારત નેટ સ્ટીલ આયાતકાર રહ્યું છે. આમ ઉંચી આયાત સ્થાનિક સ્ટીલના ભાવ માટે ચિંતાનું કારણ બની શકે છે.જોકે ચીનમાં સ્ટીલના ભાવમાં તાજેતરના સમયમાં પોઝીટીવ ટ્રેન્ડ જોવા મળ્યો છે, જેના કારણે ભારત અને આયાતી સ્ટીલ ઉત્પાદનો વચ્ચેના ભાવમાં તફાવત ઓછો થવો જોઈએ.

વર્લ્ડ સ્ટીલ એસોસિએશન ડેટા દર્શાવે છે કે વૈશ્વિક ક્રૂડ સ્ટીલના ઉત્પાદનમાં ઓક્ટોબરમાં ૧ ટકાનો સામાન્ય વધારો થયો છે અને તે ૧૫૦ મિલિયન ટનની નજીક પહોંચ્યું છે.

# સંપત્તિ મામલે દેશની સૌથી ધનિક મહિલા અઝીમ પ્રેમજીથી આગળ નીકળી

ગુજરાત | વંદન

દેશની સૌથી ધનિક મહિલા સાવિત્રી જિંદાલ હવે વિપ્રોના માલિક અઝીમ પ્રેમજી કરતા પણ વધુ અમીર બની ગયા છે. આ સાથે તેમણે દેશના ટોચના 5 અમીર લોકોની યાદીમાં સ્થાન મેળવી લીધું છે. હાલમાં જેએસડબલ્યુના ચેરમેન ઈમેરિટસ સાવિત્રી જિંદાલની સંપત્તિ 25 અબજ ડોલર સુધી પહોંચી ગઈ છે. છેલ્લા બે વર્ષમાં તેમની સંપત્તિમાં 87 ટકાનો વધારો થયો છે. બીજી તરફ અઝીમ પ્રેમજીની સંપત્તિમાં આ જ સમયગાળામાં 42 ટકા સુધીનો ઘટાડો થયો છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, બે વર્ષ પહેલા પ્રેમજી ભારતના ત્રીજા સૌથી અમીર વ્યક્તિ હતા. માત્ર મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી તેમનાથી આગળ હતા. વિપ્રો માટે છેલ્લા બે વર્ષ ખૂબ જ ખરાબ રહ્યા છે. જાન્યુઆરી 2022 થી કંપનીના



શેરમાં 42 ટકાનો ઘટાડો થયો છે. જેનાથી પ્રેમજીની સંપત્તિમાં પણ 42 ટકાનો ઘટાડો થયો છે. હાલમાં તે દેશના સૌથી અમીર લોકોની યાદીમાં છઠ્ઠા સ્થાને આવી ગયા છે.

## આ છે દેશના TOP-10 ધનિકો

| | |
|---|---|
| ■ મુકેશ અંબાણી | 92.12 અબજ ડૉલર |
| ■ ગૌતમ અદાણી | 85.15 અબજ ડૉલર |
| ■ શપૂર પલોનજી મિસ્ત્રી | 33.6 અબજ ડૉલર |
| ■ શિવ નાડર | 31.59 અબજ ડૉલર |
| ■ સાવિત્રી દેવી જિંદાલ | 24.6 અબજ ડૉલર |
| ■ અઝીમ પ્રેમજી | 24 અબજ ડૉલર |
| ■ દિલીપ શાંતિલાલ સંઘવી | 20.39 અબજ ડૉલર |
| ■ રાધાકિશન દામાણી | 19.42 અબજ ડૉલર |
| ■ લક્ષ્મી મિત્તલ | 18.79 અબજ ડૉલર |

## 2030 સુધીમાં 100 મિલિયનનો લક્ષ્યાંક

# અદાણી કંપનીએ અત્યાર સુધીમાં 29 મિલિયન વૃક્ષો રોપ્યા

ગુજરાત | વંદન


સારા ભવિષ્ય માટે વૃક્ષારોપણ ખૂબ જ જરૂરી છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમના 2030 સુધીમાં એક ટ્રિલિયન વૃક્ષો વાવવાના લક્ષ્યાંકના ભાગરૂપે અદાણી ગ્રુપે અત્યાર સુધીમાં 29 મિલિયન વૃક્ષો વાવ્યા છે. આ અંગે અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે મિશનમાં યોગદાન આપવા માટે આ દાયકાના અંત સુધીમાં 100 મિલિયન વૃક્ષો વાવવાનો તેમનો લક્ષ્યાંક છે. ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે તેમનો લક્ષ્યાંક ભારતના દરિયાકિનારા પર 37 મિલિયન મેન્ગ્રોવ વૃક્ષો અને 63 મિલિયન અંતરિયાળ વૃક્ષો વાવવાનો છે.



અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ X પર પોસ્ટ શેર કરી કહ્યું "શેર કરતાં આનંદ થાય છે કે અદાણી જૂથ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (@wef)ના ટ્રિલિયન ટ્રી કોમ્યુનિટી (@1t_org) પ્લેટફોર્મમાં જોડાયું છે અને 2030 સુધીમાં એક ટ્રિલિયન વૃક્ષો વાવવા માટે પ્રતિબદ્ધ છે. અમે અમારી મહત્વાકાંક્ષાના સમર્થનમાં અમારી ઐતિહાસિક પ્રતિજ્ઞાનો અમલ કરવાનું ચાલુ રાખીએ છીએ. આ વૈશ્વિક સંકલ્પમાં, અમે 2030 સુધીમાં 100 મિલિયન વૃક્ષો વાવવા માટે પ્રતિબદ્ધ છીએ."

# ગુડ ન્યૂઝ! ભારતની અર્થવ્યવસ્થાનો ગ્રોથ જોઈ ADBએ બદલી કાઢ્યું અનુમાન

ગુજરાત | વંદન





ભારત વિશ્વમાં ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થા બની ગઈ છે. વર્લ્ડ બેન્કથી લઈને IMFએ પણ આ અંગે વિશ્વાસ વ્યક્ત કર્યો છે. એશિયા ડેવલપમેન્ટ બેન્કે નાણાંકીય વર્ષ 2023-24માં ભારતીય અર્થવ્યવસ્થા 6.7 ટકાના દરે આગળ વધવાનું અનુમાન વ્યક્ત કર્યું છે. ADBએ સપ્ટેમ્બર 2023માં ભારતનો GDP ગ્રોથ 6.3 ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું હતું. બેન્કે આ ગ્રોથમાં 0.4 ટકાની વૃદ્ધિ કરી છે. નાણાંકીય વર્ષ 2024ના બીજા ક્વાર્ટરમાં ભારતનો GDP દર 7.6 ટકા નોંધાયો હતો.

ભારતીય અર્થવ્યવસ્થા બાબતે રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં ADBએ જણાવ્યું હતું કે, ભારતમાં મેન્યુફેક્ચરિંગ, માઈનિંગ, કન્સ્ટ્રક્શન અને યૂટિલિટી સહિત અન્ય ઈન્ડસ્ટ્રિયલ સેક્ટર્સમાં મજબૂત વૃદ્ધિ નોંધાઈ હતી. ઈન્ડસ્ટ્રિયલ સેક્ટર્સમાં ભારત શાનદાર પ્રદર્શન કરી રહી છે, આ કારણોસર ભારતના GDP ગ્રોથમાં સંશોદન કરવામાં આવી રહ્યું છે. ADBએ નાણાંકીય વર્ષ 2025 માટે ગ્રોથ ફોરકાસ્ટ 6.7 ટકા પર યથાવત્ રાખ્યો છે. DBએ નાણાંકીય વર્ષ 2024 માટે ભારતના મોંઘવારી દરના અનુમાનમાં કોઈ ફેરફાર કર્યો નથી અને 5.5 ટકા જાળવી રાખ્યો છે. નાણાંકીય વર્ષ 2024માં ઉપભોક્તા ખર્ચ અને નિકાસમાં ધીમી વૃદ્ધિ થતી હોવા છતાં સરકારી ખર્ચથી અર્થવ્યવસ્થાને સપોર્ટ મળશે.

# બફર સ્ટોક માટે પ્રથમ વખત ખરીફ ડુંગળી ખરીદાશે

■ જાન્યુઆરીમાં ડુંગળીના ભાવ ઘટી રૂ.૪૦ નીચે રહેશે, ખરીફ સિઝનમાં ઉત્પાદન ઘટવાની ધારણા

ગુજરાત | વંદન



દેશમાં બફર સ્ટોક માટે સરકાર બે લાખ ટન ખરીફ ડુંગળીની ખરીદી કરશે. આ ખરીદી દેશભરની મંડીઓમાંથી કરાશે એમ સરકાર વતિ જણાવાયું હતું. બફર સ્ટોક ઊભો કરવા સરકાર પ્રથમ વખત ખરીફ ડુંગળી ખરીદી કરશે. ડુંગળીના ભાવમાં ઉછાળાના સમયમાં બફર સ્ટોકસમાંથી માલ છૂટો કરવામાં આવે છે જેથી ભાવને નીચા લાવી શકાય છે. ઘરઆંગણે કાંદાની ઉપલબ્ધતા વધારવા સરકારે ગયા સપ્તાહમાં તેની નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો છે જે ૩૧મી માર્ચ સુધી ચાલુ રહેશે.

ગ્રાહક બાબતોના સચિવ રોહિત કુમાર સિંહે જણાવ્યું હતું કે, કાંદાની નિકાસ પર પ્રતિબંધથી ખેડૂતોને કોઈ નુકસાન નહીં થાય કારણ કે સરકાર તેમની પાસેથી બે લાખ ટન ડુંગળીની ખરીદી કરનાર છે.

વર્તમાન વર્ષમાં અત્યારસુધીમાં સરકારે ૫.૧૦ લાખ ટન ડુંગળીની ખરીદી કરી છે અને બે લાખ ટન ખરીફ ડુંગળીની ખરીદી કરાશે. રવી ડુંગળી લાંબો સમય ટકી રહેતી હોવાથી બફર સ્ટોકસ માટે સરકાર તેની વધુ ખરીદી કરે છે.

આ વર્ષે સરકાર પ્રથમ વખત ખરીફ કાંદા ખરીદી કરનાર છે. વર્તમાન નાણાં વર્ષમાં સરકાર ડુંગળીનો સાત લાખ ટન બફર સ્ટોકસ ઊભો કરવા ટાર્ગેટ ધરાવે છે જે ગયા વર્ષે ૩ લાખ ટન ઊભો કરાયો હતો. ૫.૧૦ લાખ ટન કાંદાની ખરીદીમાંથી સરકારે ૨.૭૩ લાખ ટન કાંદા બજારમાં ઠાલવી દીધા છે. સરકારને આશા છે કે જાન્યુઆરી સુધીમાં ડુંગળીની કિંમત ૪૦ રૂપિયા પ્રતિ કિલોથી પણ ઓછી થઈ જશે, જે હાલમાં સરેરાશ રૂ.૫૭ પ્રતિ કિલો છે. બીજી તરફ, મહારાષ્ટ્રમાં વિરોધને કાબૂમાં લેવા માટે સરકારે ખેડૂતો પાસેથી ૨ લાખ ટન ડુંગળી ખરીદવાના પ્રયાસો તેજ કર્યા છે. સરકારે ગયા અઠવાડિયે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધની જાહેરાત કરી હતી, જેની સામે ખેડૂતો વિરોધ કરી રહ્યા છે.

જાણકારોએ જણાવ્યું હતું કે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ આગામી ખરીફ ડુંગળીના પાકને ધ્યાનમાં રાખીને લાદવામાં આવ્યો છે. મોડી વાવણીને કારણે આ વર્ષે ઉત્પાદન થોડું ઓછું થવાની શક્યતા છે. આ ઉપરાંત, અન્ય મોટા ડુંગળી ઉત્પાદક દેશો ઈજિપ્ત અને તુર્કીએ પણ નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે, જેના કારણે ભારતના પાક પર દબાણ આવવાની શક્યતા છે.

ઈજિપ્ત અને તુર્કી દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે, ડુંગળીની સમગ્ર વૈશ્વિક માંગ ભારત તરફ વળી ગઈ છે. જેના કારણે ભારે ડ્યુટી અને એમઈપી હોવા છતાં પણ કેટલીક નિકાસ ચાલુ છે. આ કારણે સરકારને નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાની ફરજ પડી છે.

નવેમ્બર ૨૦૨૩માં ભારતમાંથી લગભગ ૧,૨૦,૦૦૦ ટન ડુંગળીની નિકાસ કરવામાં આવી હતી, જે ગયા વર્ષના સમાન મહિનામાં નિકાસ કરતા લગભગ ૨૯ ટકા ઓછી છે, પરંતુ હજી પણ તે વધુ છે. ૭મી ડિસેમ્બર સુધીમાં લગભગ ૪૫,૦૦૦ ટન ડુંગળીની નિકાસ કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક દિવસોથી ડુંગળીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે અને હવે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધના કારણે ભાવ વધુ નરમ પડયા છે. આગામી દિવસોમાં ડુંગળીના ભાવમાં વધુ ઘટાડો થઈ શકે છે.

# EV કારોમાં સમાન સાઇઝની બેટરી હશે, ઊર્જા પુરી થતા બદલી શકાશે

ગુજરાત | વંદન

હવે ઈલેક્ટ્રિક ફોર વ્હીલર (ઈવી) માં બેટરી ડિસ્ચાર્જ થતાં બદલી નાખવાની (સ્વેપિંગ કરવાની) સુવિધા પણ હશે. આ માટે નીતિ આયોગ દ્વારા બનાવાઈ રહેલા નવા ડ્રાફ્ટમાં ફોર વ્હીલર અને બેટરી ઉત્પાદક કંપનીઓને રિમૂવેબલ બેટરી અને તમામ કારમાં ફિટ થઈ શકે તેવી એક જ સાઈઝની બેટરીનો વિકલ્પ શોધવા કહેવાયું છે. અત્યારે ઈવી ફોર વ્હીલરમાં ફિક્સ બેટરી હોય છે. આથી આવી કારનું ચાર્જિંગ ફિક્સ જ થઈ શકે છે. દેશમાં અત્યારે ટૂ અને થ્રી વ્હીલર ઈવીમાં જ બેટરી બદલવાની સુવિધા ઉપલબ્ધ છે.



નીતિ આયોગ, ભારે ઉદ્યોગમંત્રાલય, વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય, બ્યૂરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ તથા વાહન કંપનીઓ વચ્ચે છેલ્લા તબક્કાની વાતચીત ચાલી રહી છે. સૂત્રોના કહેવા પ્રમાણે આગામી નાણાવર્ષ સુધી ફોર વ્હીલરમાં બેટરી સ્વેપિંગ શરૂ થવાની સંભાવના છે. દેશમાં ઈવી વ્હીકલ્સ માટે બેટરી ચાર્જિંગ સ્ટેશનની અપૂરતી સંખ્યા અને ચાર્જિંગમાં લાગતો સમય એ અત્યારની સૌથી મોટી સમસ્યા હોવાનું ભારે ઉદ્યોગ મંત્રાલયે સ્વીકાર્યું છે.

# નવા વર્ષે દક્ષિણ ભારતના આ બેસ્ટ સ્થળો પર ફરવા જવાનો બનાવો પ્લાન


નવુ વર્ષ આવવાનું છે. દક્ષિણ ભારતમાં નવા વર્ષની ઉજવણી કરવા માટે ઘણા સુંદર સ્થળો છે. જો તમે પણ પોતાના મિત્રો અને પરિવારની સાથે નવા વર્ષની રજાઓ ગાળવા ઈચ્છો છો તો દક્ષિણ ભારત એક શાનદાર ઓપ્શન છે. દક્ષિણ ભારત પોતાના સુંદર સમુદ્ર કિનારા અને બીચ માટે પ્રસિદ્ધ છે. 31 ડિસેમ્બરની રાત્રે અહીં લોકો સમુદ્રના કિનારે અને ક્લબોમાં પાર્ટી કરે છે. આ સ્થળો પર તમે સમુદ્ર કિનારે નવા વર્ષની પાર્ટીઓનો લુત્ફ ઉઠાવી શકો છો. ઘણી રેસ્ટોરન્ટ અને હોટલ ખાસ કરીને ન્યૂ યરના અવસર પર પાર્ટીઓનું આયોજન કરે છે.

### પુડુચેરી



જો તમે પરિવાર અને મિત્રો સાથે નવા વર્ષની ઉજવણી કરવા ઈચ્છતા હોવ તો પુડુચેરી એક શાનદાર સ્થળ છે. પુડુચેરીનો સમુદ્ર કિનારો નવા વર્ષના અવસરે ખાસ રીતે સજાવવામાં આવે છે. લાઈટિંગ, જાતભાતના ડેકોરેશન અને શ્રેષ્ઠ ફૂડ સ્ટોલ તમારુ સ્વાગત કરે છે. હોટલ અને બીચ રિસોર્ટ પણ ન્યૂ યર પાર્ટીઓની વિશેષ વ્યવસ્થા કરે છે. તમે પોતાની પસંદના ડીજે પર ઝૂમી શકો છો, શાનદાર ડિનરનો આનંદ ઉઠાવી શકો છો અને નવા વર્ષનું સ્વાગત પોતાના પ્રિય વ્યક્તિ સાથે કરી શકો છો. યાદગાર ન્યૂ યર સેલિબ્રેશન માટે પુડુચેરી પરફેક્ટ ડેસ્ટિનેશન છે.

### કોચ્ચિ



કોચ્ચિમાં નવા વર્ષનો જશ્ન ખૂબ ધામધૂમથી મનાવવામાં આવે છે. ત્યાંના ફોર્ટ કોચ્ચિન અને બીજા બીચ રિસોર્ટ ખાસ કરીને સજેલા રહે છે. તમે પોતાના પરિવાર અને મિત્રો સાથે ત્યાં જઈ શકો છો. સમુદ્ર કિનારે ફરવા અને ભોજન ખૂબ મજેદાર રહેશે. રેસ્ટોરન્ટમાં ડાન્સ, ગીત અને ખાસ ન્યૂ યર ડિનરની પણ વ્યવસ્થા થાય છે. બાળકો માટે પણ રમત-ગમતની એક્ટિવિટી હોય છે. તમે તમામ કોચ્ચિમાં ખૂબ સારો ટાઈમ પસાર કરી શકો છો અને નવા વર્ષની ઉજવણી ધામધૂમથી મનાવી શકો છો.

### ગોવા



ગોવાના સુંદર બીચ અને નાઈટલાઈફ તેને ન્યૂ યર સેલિબ્રેશન માટે એક યોગ્ય સ્થળ બનાવે છે. ઘણા ક્લબ અને પબમાં ન્યૂ યર પાર્ટીઓ થાય છે. ત્યાંના સુંદર અને શાંત સમુદ્ર કિનારા પર તમે પોતાના પરિવાર અને મિત્રો સાથે શ્રેષ્ઠ સમય પસાર કરી શકો છો. ગોવામાં નવુ વર્ષ આવતા જ ઘણી વખત, રેસ્ટોરન્ટ, ક્લબ અને હોટલ જશ્નનો માહોલ બનાવવા માટે ખાસ તૈયારીઓ કરે છે. વિશેષ ડિઝાઈનર લાઈટિંગથી લઈને ડીજે નાઈટ અને ડાન્સ પાર્ટીઓ સુધીની વ્યવસ્થા કરવામાં આવે છે. તમે પોતાના મનપસંદ સંગીત પર ઝૂમી શકો છો અને નવા વર્ષના જશ્નનો ભરપૂર આનંદ લઈ શકો છો. તેથી જો તમે પોતાના મિત્રો સાથે યાદગાર ન્યૂ યર વીકેન્ડ પસાર કરવા ઈચ્છો છો તો ગોવા ખાસ સ્થળ છે.

# ખાલી પેટ ચા પીવાથી સ્વાસ્થ્યને વધુ પડતી અસર થઈ શકે છે...

## વૈવિધ્યસભર આહાર સાથે ચા પીવાને નિયંત્રણમાં રાખવું મહત્વ



આપણામાંના મોટા ભાગના લોકો સવારમાં ગરમાગરમ ચા પીધા વગર આપણા દિવસની શરૂઆત કરતા નથી. પરંતુ ચાના સેવનને લઈને કેટલીક ખોટી આદતો આપણાં સ્વાસ્થ્યને અસર કરી શકે છે. હેલ્થ ક્ષેત્રના જાણકારોએ ચા પીવાની આપણી ખોટી આદતો વિશે વાત કરી છે. જાણીએ કઈ છે આ ખોટી આદતો.......

### ખાલી પેટે ચા પીવી....

ખાલી પેટે ચા પીવાની ખોટી આદત કેટલાક લોકોને એસિડિટીનો શિકાર બનાવી શકે છે, જેના કારણે પેટ ખરાબ થઈ શકે છે. સવારે ખાલી પેટ ચા પીવાથી, ખાસ કરીને ખૂબ ગરમ ચા, એસિડિટીમાં વધારો કરી શકે છે, જે એસિડ પેપ્ટિક રોગો જેમ કે ગેસ્ટ્રિક, ડ્યુઓડીનલ અલ્સર અથવા ઈરોશન વગેરે તરફ દોરી શકે છે.યાદ રાખો, સવારે ખાલી પેટ ચા ન પીવી. સવારે ચા પીતા પહેલા કંઈક ખાઓ અને પછી ચા પીઓ .

### ભોજન સાથે ચા લેવી....

ચામાં રહેલા ટેનીન અને ફાયટેટ્સ જ્યારે ખોરાક સાથે પીવામાં આવે છે ત્યારે શરીરમાં આયર્નના શોષણમાં દખલ કરે છે, જેનાથી લોહનું સ્તર ઓછું થાય છે અથવા એનિમિયા થાય છે. આનાથી, આયર્નથી ભરપૂર વૈવિધ્યસભર આહાર સાથે ચા પીવાને નિયંત્રણમાં રાખવું મહત્વપૂર્ણ છે.
યાદ રાખો, જમતી વખતે ચા ન પીવી. સવારે અથવા નાસ્તામાં ચા પીવો.

### મોડી સાંજે ચા પીવી....

મોડી સાંજે ચા પીવાની ખોટી આદતને કારણે ઘણા લોકોને ઊંઘમાં તકલીફ થાય છે. ચામાં થિયોફિલિન ઉત્તેજક છે જે આપણને જાગૃત રાખે છે અને સારી રાતની ઊંઘમાં ખલેલ પહોંચાડે છે.

### દરરોજ વધુ ચા પીવી......

દરરોજ વધુ પડતી ચા પીવાથી એસિડિટી, ઊંઘમાં વિક્ષેપ, લોહનું પ્રમાણ ઓછું થવું, આંતરડાનું ખરાબ સ્વાસ્થ્ય અને કેફીનનું પ્રમાણ વધી શકે છે. કોર્ટીસોલનું સ્તર વધે છે. એક્સપર્ટ અનુસાર, દિવસમાં ઘણી વખત ચા પીવાથી હૃદયના ધબકારા વધતા લોકોમાં ટાકીઅરિથમિયા થઈ શકે છે. વારંવાર ચા પીનારાઓમાં બ્લડ પ્રેશરમાં વધઘટ પણ સામાન્ય છે.
યાદ રાખો, દરરોજ વધુ પડતી ચા પીવાનું ટાળો, દિવસમાં 1 કે 2 કપ ચા લો.

### પ્લાસ્ટિક સ્ટ્રેનરનો ઉપયોગ કરવો....

જ્યારે ગરમ ચા પ્લાસ્ટિકના સંપર્કમાં આવે છે, ત્યારે તે પ્લાસ્ટિકમાંથી ઝેર (BPA) બહાર કાઢી શકે છે. BPA એ એક જાણીતું અંતઃસ્ત્રાવી વિક્ષેપ કરનાર છે જેનો અર્થ છે કે તે શરીરમાં ઘણા હોર્મોનલ ફેરફારોનું કારણ બને છે. પ્લાસ્ટિકના કપ અથવા પ્લાસ્ટિક-કોટેડ નિકાલજોગ કપમાં ચા પીવાથી અંતઃસ્ત્રાવી વિક્ષેપ થઈ શકે છે, જેનાથી મેટાબોલિક ડિસઓર્ડર જેમ કે ડાયાબિટીસ, હાયપરટેન્શન, ડિસ્લિપિડેમિયા, સ્તન કેન્સર વગેરેનું જોખમ વધી શકે છે.
યાદ રાખો, ચાને તાણવા માટે પ્લાસ્ટિક સ્ટ્રેનરનો ઉપયોગ કરશો નહીં, પ્લાસ્ટિકના કપમાં ચા પીશો નહીં. તેના બદલે, "સ્ટીલ અથવા પોર્સેલેઈન કન્ટેનરમાં ચા પીવી હંમેશા વધુ સારી છે.

### ચામાં વધુ પડતી ખાંડ ઉમેરવી....

વધુ પડતી ખાંડ લેવાથી તમારી કુલ કેલરી વધી શકે છે અને ખાંડમાં પોષક તત્વો નથી હોતા. વધુ પડતી ખાંડ તમારા લોહીમાં ઈન્સ્યુલિન/ગ્લુકોઝનું સ્તર વધારી શકે છે જે તમને ઘણી સ્વાસ્થ્ય સ્થિતિઓ માટે જોખમમાં મૂકે છે, ચા લોકોના શરીરને કેટલી કેલરીઓ પ્રદાન કરી શકે છે તેની અવગણના કરે છે. દિવસમાં 3 વખત ખાંડવાળી ચા પીવાથી તેમને વધુ કેલરી મળે છે અને આ કેલરીને પચાવવા માટે એટલી જ સખત કસરતની જરૂર પડે છે.

યાદ રાખો, તમે ચામાં કેટલી ખાંડ ઉમેરી રહ્યા છો તેના પર નિયંત્રણ રાખો/જાગૃત રહો. સંયમ, ભોજન સાથે ચા લેતી વખતે સાવચેત રહેવું અને ચા પીવા માટે યોગ્ય વાસણોની પસંદગી એ તંદુરસ્ત ચા પીવાની દિનચર્યા જાળવવાની ચાવી છે."

# મેમરી લોસ: આ 6 વસ્તુઓ મગજને તેજ કરવાની ખાતરી આપે છે, વૃદ્ધાવસ્થા સુધી બધું યાદ રહેશે

આલ્કોહોલ અને ખાંડયુક્ત ખોરાક ઓછો કરો. શું તમે વસ્તુઓ સરળતાથી ભૂલી જાઓ છો, શું તમને યાદ નથી, શું તમે કંઈપણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં અસમર્થ છો? જો તમારામાં આ લક્ષણો છે તો તેનો અર્થ એ છે કે તમારી યાદશક્તિ નબળી છે અને યાદ રાખવાની ક્ષમતા પણ ઓછી છે. સ્વાભાવિક રીતે, નબળી યાદશક્તિ અથવા ઓછી મગજની શક્તિને કારણે, તમારે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.



### માનસિક નબળાઈના લક્ષણો

**ભૂલી જવું:** તાજેતરમાં શીખેલી માહિતી અથવા મહત્વપૂર્ણ તારીખો ભૂલી જવું અને તે જ માહિતી વારંવાર પૂછવી.

**બેદરકારી:** કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી, ધ્યાનનો અભાવ અનુભવવો અને સરળતાથી વિચલિત થવું.

**વિલંબિત પ્રતિસાદ:** માહિતીની પ્રક્રિયા કરવા, નિર્ણયો લેવા અથવા પ્રશ્નોના જવાબ આપવા માટે સામાન્ય કરતાં વધુ સમય લેવો.

**સમસ્યાઓ ઉકેલવામાં મુશ્કેલી** - વિચાર શક્તિ અથવા તાર્કિક તર્કની જરૂર હોય તેવી સમસ્યાઓ ઉકેલવામાં મુશ્કેલી.

**શબ્દ શોધવાની સમસ્યાઓ** - સાચો શબ્દ શોધવામાં મુશ્કેલી, વાત કરતી વખતે વારંવાર વિરામ અથવા મૌખિક વાતચીતમાં મુશ્કેલી.

### યાદશક્તિને મજબૂત કરવા અને મનને શાર્પ કરવાની રીતો...

યાદશક્તિની ખોટ ઘટાડવા માટે તમે ઘણુ બધુ કરી શકો છો અને જેમ જેમ તમે વૃદ્ધ થાઓ તેમ તમારી યાદશક્તિમાં સુધારો અને વધારો પણ કરી શકો છો.

**જીવનશૈલીમાં ફેરફાર મહત્વપૂર્ણ છે....** | યાદશક્તિ સુધારવાની વધુ સારી રીતોમાં જીવનશૈલીમાં ફેરફારનો સમાવેશ થાય છે જે હૃદય રોગ અને સ્ટ્રોકનું જોખમ ઘટાડે છે. ઉદાહરણ તરીકે, ધૂમ્રપાન છોડો, લ્કોહોલ પીવાનું સંપૂર્ણપણે ટાળો અને ખાંડયુક્ત અને પ્રોસેસ્ડ ખોરાકનું સેવન મર્યાદિત કરો.

**મગજને ઉત્તેજન આપતા ખોરાક....** | તમારા આહારમાં એવા ખોરાકનો સમાવેશ કરો જે યાદશક્તિમાં મદદ કરે છે, જેમ કે પાંદડાવાળા લીલા શાકભાજી, બદામ, બેરી, ચા, કોફી અને તૈલી માછલી, તમારા મગજને મજબૂત બનાવવાની સાથે તમારા એકંદર આરોગ્યને વેગ આપવા માટે. આ એક સારી રીત છે.

**દરરોજ વ્યાયામ કરો:** નિયમિત કસરત મગજના કોષોના વિકાસ અને ચેતાપ્રેષકોના ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે, જે યાદશક્તિમાં સુધારો કરે છે. એરોબિક (કાર્ડિયો) અને સ્ટ્રેન્થ એક્સરસાઈઝ પર વધુ ધ્યાન આપો.

### ઊંઘ પણ મહત્વપૂર્ણ છે

જો તમને પૂરતી ઊંઘ ન આવી રહી હોય તો તમે તમારી યાદશક્તિને નુકસાન પહોંચાડી શકો છો. દરરોજ રાત્રે સાતથી નવ કલાક માટે લક્ષ્ય રાખો. એવું જોવામાં આવ્યું છે કે ધ્યાન, તણાવ ઓછો કરવો અને સામાજિક સંબંધોનું સારું નેટવર્ક જાળવી રાખવાથી મગજ પર વૃદ્ધાવસ્થાની અસરો અટકાવવામાં આવે છે.

# શિયાળામાં શરીરને ફિટ રાખવા ફળોના જ્યૂસથી પાચનતંત્ર રહેશે એકદમ સ્વસ્થ

1 એક વાસણમાં પાણીને ઉકળી લો. તેમાં છીણેલું આદુ , લીંબુનો રસ કાપીને છાલની સાથે પાણીમાં નાંખો અને કાળા મરી પાવડર ઉમેરો. આ પાણીને ત્યાં સુધી ઉકાળો જ્યાં સુધી લીંબુ નરમ ન થઈ જાય. પછી તેને ગાળીને તેમાં મધ નાખીને પીવો. શરીરમાં જામેલી ચરબી ઘટાડવા અને મેટાબોલિઝમ વધારવા માટે આ ખૂબ જ અસરકારક ડ્રીંક છે.

2 ઉકળતા પાણીમાં જીરું અને તજ નાંખો. થોડી વાર પાણીને ઉકાળવા દો. પાણી પીતા પહેલા ફિલ્ટર કરો. તેમાં લીંબુનો રસ અને મધ નાંખીને પીવો. આ પીણું શિયાળાના નાના-નાના ઈન્ફેક્શન સામે રક્ષણ કરશે અને પાચનક્રિયા પણ સારી રાખશે. ખાસ કરીને તેમાં રહેલું જીરું પાચનક્રિયાને યોગ્ય રાખવામાં મદદરૂપ થશે.

3 ગ્રીન ટી પીવાના શોખીન છો? તો ગ્રીન ટી માટે પાણી ઉકાળતી વખતે એક ચપટી ફુદીનો પાવડર ઉમેરો. ઉકાળ્યા પછી તેને ગાળીને પી લો.

4 જો તમે ગરમ પીણાના મૂડમાં નથી, તો તમે આમળાનો રસ અજમાવી શકો છો. આમળા માત્ર ત્વચા અને વાળ માટે જ નહીં, પરંતુ તે પાચન પ્રક્રિયાને પણ સારી રાખે છે.

5 દાડમ અને બીટરૂટ બંનેનો રસ પીવાથી એનિમિયાની સમસ્યા પણ દૂર થાય છે. આ બંને સારા ડિટોક્સિફાયર પણ છે. જે પાચનક્રિયા સારી રાખવામાં મદદગાર છે.

6 કીવી અને કાકડીની છાલ ઉતારીને તેને મિક્સરમાં પીસી લો. જો તમે ઈચ્છો તો તેમાં મીઠું સિવાય કાળા મરી પણ



ઉમેરી શકો છો. તેમને એકસાથે મિક્સ કરીને પીવો. બંનેનું મિશ્રણ મેટાબોલિઝમ માટે ખુબ જ ફાયદાકારક છે.

7 સફરજન આ માટે ખુબ જ પ્રખ્યાત છે. તેથી તેને રોજ ખાવાથી ડોક્ટરની જરૂર નથી પડતી. તેનો રસ કાઢતી વખતે તેમાં દ્રાક્ષ નાખશો તો સ્વાદમાં વધારો થશે અને સ્વાસ્થ્ય પણ સુધરશે.

8 માત્ર પાલકનો રસ ખૂબ જ ફાયદાકારક છે. સામાન્ય રીતે, તેના સ્વાદને કારણે માત્ર પાલકનો રસ પીવો મુશ્કેલ છે. તેથી જ્યુસ બનાવતી વખતે તેમાં ગાજર અને જીરુંનો એક નાનો ટુકડો મિક્સ કરો. પાલકના રસનો સ્વાદ પણ વધશે અને તે પાચન માટે પણ ફાયદાકારક રહેશે.

9 મોસંબીનો જ્યૂસ પીવાથી તાજગી, સ્ફૂર્તિ આવે છે. તે ભૂખ લગાડે છે. વાયુ, તાવ, બળતરા, નબળાઈનો નાશ કરે છે. બાળકો તે પીવે તો પાચનશક્તિ વ્યવસ્થિત રહે છે. વિટામીન-સી તેમાંથી મળે છે. અપચો અને પેટના દર્દો માટે મોસંબી ઉપયોગી છે.



# વરિયાળી અને બદામના સેવનથી આંખોની રોશનીમાં વધારો થઇ શકે


વરિયાળી અને બદામ બંને શરીરને પોષણ આપે છે, પરંતુ આ બંનેનું સેવન આંખના સ્વાસ્થ્યને જાળવવામાં મદદ કરે છે તેવા મર્યાદિત પુરાવા છે. નિષ્ણાતોના મતે, વરિયાળીમાં વિટામિન A હોય છે જે આંખો માટે જરૂરી પોષક તત્વ છે, જ્યારે બદામ વિટામિન E અને Omega-3 ફેટી એસિડનો ઉત્તમ સ્ત્રોત છે જે આંખો માટે જરૂરી છે.

આયુર્વેદ અનુસાર વરિયાળીના બીજને નેત્રજ્યોતિ કહેવામાં આવે છે. શક્તિશાળી એન્ટીઑક્સિડન્ટ ગુણોથી ભરપૂર આ બીજ આંખોની રોશની સુધારે છે અને આંખના રોગોને મટાડે છે. આ ઓક્સિડેટીવ તણાવ ઘટાડવામાં મદદ કરી શકે છે.

વિટામિન A નેત્રપટલના સ્વાસ્થ્યને જાળવવા અને દ્રષ્ટિ સુધારવા માટે જાણીતું છે. વિટામિન E થી ભરપૂર, બદામ એન્ટીઑક્સિડન્ટ તરીકે કામ કરે છે જે આંખોને ઓક્સિડેટીવ નુકસાનથી બચાવવામાં મદદ કરી શકે છે. ઓમેગા-3 ફેટી એસિડ્સ આંખોમાં કોષ પટલની રચનાને ટેકો આપે છે અને એકંદર આંખના સ્વાસ્થ્યને સુધારે છે.

નિષ્ણાતોના જણાવ્યાં પ્રમાણે, આંખોની રોશની જાળવી રાખવા માટે આ બે બાબતો સિવાય કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે જેમ કે....

- ફળો, શાકભાજી અને આખા અનાજથી ભરપૂર સંતુલિત આહાર લો.
- તમારા વજન પર નિયંત્રણ રાખો.
- સૂર્યના હાનિકારક કિરણોથી પોતાને બચાવવા માટે જ્યારે તમે ઘરની બહાર જાઓ ત્યારે સનગ્લાસ પહેરો.



# હિંગનું પાણી વજન ઘટાડશે, ડાયાબિટીસને રાખશે કન્ટ્રોલમાં

હિંગના સેવનથી પેટને લગતી મોટાંભાગની સમસ્યાઓ દૂર કરી શકાય છે. કારણ કે, તે અપચો, પેટમાં દુઃખાવો, ગેસ અને એસિડિટીમાં રામબાણ દવાની માફક કામ કરે છે. તમે હિંગનો યોગ્ય રીતે ઉપયોગ કરવાનું જાણતા હોવ તો તે મેદસ્વિતામાં પણ ઉપયોગી થઈ શકે છે. હિંગના સેવનથી પેટની આસપાસ જમા વધારાની ચરબી દૂર કરી શકાય છે.

હિંગના પાણીનું સેવન કરવાથી વજન ઝડપથી ઘટે છે. આ માટે એક ગ્લાસ પાણીને ઉકાળીને તેમાં ચપટી હિંગ નાખી દો, થોડાં સમય બાદ તેને ગાળીને પી લો. આ પાણીમાં મધ અને લીંબુ પણ નાખીને પી શકો છો.

પેટની ચરબીના કારણે તેની આસપાસ ચરબીના થર જમા થવા લાગે છે અને મેદસ્વિતાની પરેશાની શરૂ થાય છે. હિંગના ઉપયોગથી શરીરનું વજન, પેટની ચરબી અને કમરની સાઈઝ પાતળી કરવામાં મદદ મળે છે.

ભોજન બાદ આપણાં શરીરને કેટલું પોષણ મળશે અને તેમાંથી કેટલી ચરબી બનશે, તે મેટાબોલિઝમ પર નિર્ભર કરે છે. હિંગનું પાણી મેટાબોલિક રેટમાં વધારો કરે છે અને ચરબીને ઓછી જમા થવા દે છે. આ ઉપરાંત તે એનર્જી લેવલ વધારે છે.

ડાબિટીસ માટેઃ હિંગમાં એન્ટી ડાયાબિટીક ગુણો રહેલા છે, જો તમારું શુગર લેવલ હાઇ રહેતું હોય તો રોજ સવારે ખાલી પેટે આ મસાલાનું પાણી પીવુ જોઈએ. ઉપરાંત હિંગ સૌથી વધુ પાચન અને પેટના સ્વાસ્થ્ય માટે ઉત્તમ વિકલ્પ છે. અને તેથી જ પાચનમાં ભારે ભોજનમાં હિંગનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી ગેસ, અપચો, આફરો, છાતીમાં બળતરાં જેવી પરેશાની ના થાય.

નોંધઃ આ લેખ માત્ર સામાન્ય જાણકારી માટે છે, તે કોઈ પણ પ્રકારે દવા કે ઈલાજનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે તમારાં ડોક્ટરની સંપર્ક કરો.

### આ વિશેષ સન્માન મેળવનાર પ્રથમ એશિયન ખેલાડી

# લિએન્ડર પેસને મળ્યું આંતરરાષ્ટ્રીય ટેનિસ હોલ ઓફ ફેમમાં સ્થાન

ગુજરાત | વંદન

ટેનિસ જગતના પૂર્વ નંબર-1 ખેલાડી લિએંડર પેસ અને ભારતીય પ્રસારણકર્તા અને પ્રમોટર વિજય અમૃતરાજ આંતરરાષ્ટ્રીય ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ થનાર પ્રથમ એશિયન પુરૂષ બન્યા છે. આ બંને ઉપરાંત જાણીતા પત્રકાર અને લેખક રિચર્ડ ઈવાંસને પણ ટેનિસના આ વિશેષ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા છે. મેન્સ ડબલ્સ અને મિક્સ ડબલ્સમાં 18 ગ્રાંડ સ્લેમ જીતનાર પેસને ખેલાડીઓના વર્ગમાં જયારે અમૃતરાજ અને ઈવાંસને ટેનિસમાં યોગદાન આપનારાઓની કેટેગરીમાં પસંદ કરવામાં આવ્યા છે.

ટેનિસ સાથે જોડાયેલા આ ત્રણેય દિગ્ગજોને શનિવારે ન્યુપોર્ટમાં આંતરરાષ્ટ્રીય ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવશે. અત્યાર સુધી 27 દેશના 264 લોકોને ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા છે. હવે ભારત હોલ ઓફ ફેમમાં સામેલ થનાર 28મુ દેશ બની જશે. લિએંડર પેસે આ અંગે કહ્યું, 'મારા જીવનનું સૌથી મોટું સન્માન એ રમતમાં ત્રણ દાયકા સુધી મારા દેશનું પ્રતિનિધિત્વ કરવું છે જેણે મને બધું આપ્યું અને શીખવ્યું છે. આ સન્માન દરેક ટેનિસ ખેલાડીના યોગદાનને માન્યતા આપવા માટે છે. આંતરરાષ્ટ્રીય ટેનિસ હોલ ઓફ ફેમમાં સામેલ થવું એ માત્ર મારા માટે જ નહીં પરંતુ કરોડો ભારતીયો માટે પણ સન્માનની વાત છે.'



લિએંડર પેસ ત્રણ દાયકા સુધી ચાલેલા તેના કરિયરમાં ડબલ્સ રેન્કિંગમાં ટોપ પર રહ્યો અને આ દરમિયાન તેણે 18 ગ્રાંડ સ્લેમ પણ જીત્યા હતા. જેમાં 8 ડબલ્સ અને 10 મિક્સ ડબલ્સ ખિતાબ સામેલ છે. આ બંને કેટેગરીમાં કરિયરના ગ્રાન્ડ સ્લેમ પૂરા કરનાર ત્રણ ખેલાડીઓમાં લિએંડર સામેલ છે. ટેનિસમાં સૌથી વધુ મિક્સ ડબલ્સ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીતવાનો રેકોર્ડ સંયુક્ત રીતે પેસ અને તેની પૂર્વ પાર્ટનર માર્ટિના નવરાતિલોવાના નામે છે. પેસ 462 અઠવાડિયા સુધી ATP ડબલ્સ રેન્કિંગમાં ટોચ-10માં રહ્યો હતો. તેમાંથી તે 37 અઠવાડિયા સુધી નંબર-1 પર રહ્યો હતો. તેણે તેના કરિયરમાં ATP ટૂર પર કુલ 55 ડબલ્સ ટાઈટલ જીત્યા છે.

પેસે 30 વર્ષ સુધી આંતરરાષ્ટ્રીય સ્તર પર ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. તેણે ડેવિસ કપમાં રેકોર્ડ 45 મેચ જીતી છે. આ ઉપરાંત તેણે વર્ષ 1996માં એટલાન્ટા ઓલમ્પિક ગેમ્સમાં સિંગલ્સ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આંતરરાષ્ટ્રીય ટેનિસ હોલ ઓફ ફેમના અધ્યક્ષ કિમ ક્લાઈસ્ટર્સે કહ્યું, 'હું લિએંડર પેસ, વિજય અમૃતરાજ અને રિચર્ડ ઈવાંસને આંતરરાષ્ટ્રીય ટેનિસ હોલ ઓફ ફેમ માટે તેમની પસંદગી પર અભિનંદન આપવા માટે રોમાંચિત છું. આ ત્રણેય દિગ્ગજોએ ટેનિસમાં પોતાની વિશેષ છાપ છોડી છે અને વૈશ્વિક સ્તરે આ રમતને પ્રોત્સાહન આપવામાં મહત્વનું યોગદાન આપ્યું છે.'

# આદિલ રશીદે રચ્યો ઈતિહાસ, T20Iમાં 100 વિકેટ લેનાર ઈંગ્લેન્ડનો પ્રથમ બોલર બન્યો

ગુજરાત | વંદન

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના સ્પિનર આદિલ રશીદે T20Iમાં ઈતિહાસ રચી દીધો છે. વેસ્ટ ઈન્ડિઝ સામે પ્રથમ T20Iમાં ઈંગ્લેન્ડને હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ સ્પિનર આદિલ રશીદે એક મોટી સિદ્ધિ મેળવી હતી. આદિલ રશીદ ઈંગ્લેન્ડ તરફ(Adil Rashid Completed 100 Wickets In T20I)થી T20Iમાં 100 વિકેટ મેળવનાર પહલો બોલર બની ગયો છે. રશીદે આ કારનામું તેની 100મી T20I મેચમાં કરી બતાવ્યું હતું.

વેસ્ટ ઈન્ડિઝ સામે પ્રથમ T20I મેચમાં આદિલ રશીદે 4 ઓવરમાં 25 રન આપીને 2 વિકેટ ઝડપી હતી. આ સાથે જ તેણે તેના T20I કરિયરમાં 100 વિકેટ લેવાની સિદ્ધિ પણ હાંસલ કરી હતી. આદિલ પહેલા કોઈપણ ઈંગ્લીશ બોલરે T20Iમાં 100 વિકેટ લીધી નથી. T20Iમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ ટિમ સાઉથીના નામે છે. સાઉદીએ T20Iમાં 144 વિકેટ લીધી છે. અત્યાર સુધી 6 સ્પિન બોલરો T20I ક્રિકેટમાં 100થી વધુ વિકેટ લેવામાં સફળ થયા છે. જેમાં શાકિબ અલ હસને 140 વિકેટ, રાશિદ ખાને 130 વિકેટ, શાદાબ ખાને 104 વિકેટ, મિચેલ સેન્ટનરે 100 વિકેટ અને હવે આદિલ રશીદે T20Iમાં 100 વિકેટ લેવાનું કારનામું કર્યું છે.




## રસલને મળ્યો પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ

ઈંગ્લેન્ડની ટીમ પ્રથમ બેટિંગ કરતા 19.3 ઓવરમાં 171 રન બનાવ્યા હતા. જવાબમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે 18.1 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધો હતો. વેસ્ટ ઈન્ડિઝ તરફથી આન્દ્રે રસલે ઘાતક બોલિંગ કરી હતી. તેણે ત્રણ વિકેટ ઝડપી હતી. તે પછી બેટિંગમાં પણ રસલે પોતાનો દમ બતાવ્યો હતો. તેણે 14 બોલમાં 2 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી 29 રન બનાવીને પોતાની ટીમને વિજય બનાવી હતી. રસલને તેના આ શાનદાર પ્રદર્શનના લીધે પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ પણ મળ્યો હતો.

# કોહલીની બરાબરી, T20માં સૌથી ઝડપી 2 હજાર રન કરનાર બીજો ભારતીય બન્યો

■ સૂર્યકુમાર યાદવે સાઉથ આફ્રિકા સામે તેની 17મી ફિફ્ટી ફટકારી હતી

ગુજરાત | વંદન

ભારતીય ટીમ હાલ સાઉથ આફ્રિકાના પ્રવાસે છે, જ્યાં તે 3 મેચની T20I સિરીઝ, 3 મેચની ODI સિરીઝ અને 2 મેચની ટેસ્ટ સિરીઝ રમશે. સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળ યુવા ભારતીય ટીમ હાલ 3 મેચોની T20I સિરીઝ રમી રહી છે. વરસાદના કારણે પ્રથમ T20I મેચ ધોવાઈ ગઈ હતી, જ્યારે બીજી T20I મેચ પોર્ટ એલિઝાબેથમાં રમાઈ હતી. પ્રથમ બેટિંગ કરતા સૂર્યકુમાર યાદવ ભારત તરફથી T20Iમાં સૌથી ઝડપી 2,000 રન પૂરા કરનાર બીજો ભારતીય ખેલાડી બની ગયો છે. આ ઉપરાંત તે આ ફોર્મેટમાં સૌથી વધુ રન બનાવનાર ચોથો ભારતીય બેટ્સમેન બની ગયો છે.સૂર્યા પહેલા વિરાટ કોહલીએ T20માં ભારત માટે સૌથી ઝડપી 2000 રન પૂરા કર્યા હતા. જ્યારે T20Iમાં સૌથી ઝડપી 2000 રન બનાવનાર બેટ્સમેનની લીસ્ટમાં પાકિસ્તાનનો પૂર્વ કેપ્ટન બાબર આઝમ ટોપ પર છે. બાબરે T20Iમાં 52 ઈનિંગ્સમાં સૌથી ઝડપી 2000 રન પૂરા કર્યા હતા. ત્યારબાદ આ લીસ્ટમાં પાકિસ્તાનનો વિકેટકીપર બેટ્સમેન મોહમ્મદ રિઝવાન પણ સંયુક્ત રીતે પ્રથમ સ્થાન પર છે, જેણે T20Iમાં 2000 રન પૂરા કરવા માટે 52 ઈનિંગ્સ લીધી હતી.



આ લીસ્ટમાં વિરાટ કોહલી અને સૂર્યકુમાર યાદવ સંયુક્ત રીતે બીજા અને કે.એલ રાહુલ ત્રીજા નંબરે છે. સૂર્યાએ કેએલ રાહુલને પાછળ છોડી દીધો છે. સૂર્યાએ 56 ઈનિંગ્સમાં 2000 T20I રન પૂરા કર્યા છે, જ્યારે કે.એલ રાહુલે 58 ઈનિંગ્સમાં આ આંકડો સ્પર્શ કર્યો હતો. જ્યારે વિરાટ કોહલીએ T20Iમાં 56 ઈનિંગ્સ રમીને 2000 રન પૂરા કર્યા હતા.

# આફ્રિકાના કેપ્ટન ટેંબા બાવુમા કરે છે ગરીબ ખેલાડીઓની મદદ

ગુજરાત | વંદન

સાઉથ આફ્રિકાના વન ડે અને ટેસ્ટ કેપ્ટન ટેંબા બાવુમાની લોકો મજાક બનાવતા રહે છે.પરંતૂ આ ખેલાડીની એક સચ્ચાઈ ઘણા ઓછા લોકો જાણતા હશે.

ઘણા ઓછા લોકો આ વાત જાણે છે કે, સાઉથ આફ્રિકાના વન ડે અને ટેસ્ટ કેપ્ટન એક NGO ચલાવે છે અને જે સાઉથ આફ્રિકામાં ગરીબોની મદદ કરે છે. ટેંબા બાવુમા સાઉથ આફ્રિકાના ગરીબ ખેલાડીઓની મદદ કરે છે અને તેના માટે તેના માટે દુનિયાભરમાંથી દાન એકત્ર કરે છે. ઘણા ઓછા ખેલાડીઓ હોય છે જે રીતે ગરીબોની મદદ કરતા હોય છે. સાઉથ અફ્રિકી કેપ્ટનને હાલમાં જ ક્રિકેટનો સામાન દાનમાં મળ્યો છે જેની કિંમત 55 લાખ રૂપિયા છે.



સોશિયલ મીડિયા પર લોકો ટેંબા બાવુમાની વાંરવાર તેમના કદના કારણે મજાક ઉડાવતા રહે છે. ટેંબા બાવુમા વર્લ્ડ કપમાં ખરાબ રીતે ફ્લોપ રહ્યાં હતા તે 8 ઈનિંગ્સમાં 135 રન જ બનાવી શક્યા હતા. બાવુમાં ભલે વર્લ્ડ કપમાં ફેલ રહ્યાં તેમની ટીમ પણ સેમિફાઈનલમાં હારી ગઈ હતી, છતાં તે કેપ્ટન છે. જલ્દી જ તે ટીમ ઈન્ડિયા સામે મેચ રમતા જોવા મળશે.

# IPL 2024 : મુંબઈ ઈન્ડિયન્સની બ્રાન્ડ વેલ્યુ સૌથી વધુ, ગુજરાત ટાઈટન્સની ટીમ ટોપ-5માં સામેલ




ગુજરાત | વંદન

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની આગામી સિઝન માટે ઓક્શન 19 ડિસેમ્બરના રોજ દુબઈમાં આયોજિત થવાનું છે. આ ઓક્શન માટે તમામ 10 ફ્રેન્ચાઈઝી તૈયારીઓ કરી રહી છે. આ દરમિયાન ગઈકાલે મુંબઈ ઈન્ડિયન્સે એક મોટી માહિતી સોશ્યલ મીડિયા પર શેર કરી હતી. તેણે બ્રાંડ વેલ્યુના આધારે તમામ 10 ટીમોની રેન્કિંગ વિશે જણાવ્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સની બ્રાંડ વેલ્યુ ટુર્નામેન્ટમાં સૌથી વધુ છે.

મુંબઈ ઈન્ડિયન્સની બ્રાંડ વેલ્યુ આશરે 725 કરોડ રૂપિયા છે. મુંબઈની ટીમ અત્યાર સુધી પાંચ વખત IPL ચેમ્પિયન રહી ચુકી છે. પરંતુ ગત સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સને પ્લેઓફમાં હારનો સામનો કરવો પડ્યો હતો. મુંબઈ બાદ બ્રાંડ વેલ્યુના મામલે ચેન્નઈ સુપર કિંગ્સની ટીમ બીજા નંબરે છે. ચેન્નઈની બ્રાંડ વેલ્યુ આશરે 672 કરોડ રૂપિયા છે. ચેન્નઈ સુપર કિંગ્સની ટીમ પણ પાંચ વખત IPLની ટ્રોફી જીતી ચુકી છે.

## IPLની ટીમોની બ્રાન્ડ વેલ્યુ

- મુંબઈ ઈન્ડિયન્સ - 725 કરોડ રૂપિયા (87 મિલિયન ડોલર)
- ચેન્નઈ સુપર કિંગ્સ - 672 કરોડ રૂપિયા (80.6 મિલિયન ડોલર)
- કોલકાતા નાઈટ રાઈડર્સ - 655 કરોડ રૂપિયા (78.6 મિલિયન ડોલર)
- રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર - 582 કરોડ રૂપિયા (69.8 મિલિયન ડોલર)
- ગુજરાત ટાઈટન્સ - 545 કરોડ રૂપિયા (65.4 મિલિયન ડોલર)
- દિલ્હી કેપિટલ્સ - 537 કરોડ રૂપિયા (64.1 મિલિયન ડોલર)
- રાજસ્થાન રોયલ્સ - 521 કરોડ રૂપિયા (62.5 મિલિયન ડોલર)
- સનરાઈઝર્સ હૈદરાબાદ - 401 કરોડ રૂપિયા (48.2 મિલિયન ડોલર)
- લખનઉ સુપર જાયન્ટ્સ - 391 કરોડ રૂપિયા (47 મિલિયન ડોલર)
- પંજાબ કિંગ્સ - 377 કરોડ રૂપિયા (45.3 મિલિયન ડોલર)

### નંબર 7 હવે કોઈ પણ ભારતીય ક્રિકેટરની જર્સીમાં જોવા નહીં મળે

# ઈન્ડિયામાં નવા કોઈ ખેલાડીને નહીં મળે 7 નંબરની જર્સી!

ગુજરાત | વંદન

મહેન્દ્ર સિંહ ધોનીનો જર્સી નંબર 7.. આ જર્સી નંબર હવે કોઈ પણ ભારતીય ક્રિકેટરની જર્સીમાં જોવા નહીં મળે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એટલે કે BCCIએ સચિન તેંડુલકર બાદ હવે ધોનીનો જર્સી નંબર રિટાયર કરી દીધો છે. એટલે કે હવે જે પણ નવા ખેલાડીઓ આવશે એમને જર્સી નંબર 7 અને નંબર 10 નહીં મળી શકે. ક્રિકેટના ભગવાન કહેવાતા સચિન તેંડુલકરના સંન્યાસ બાદ BCCIએ વર્ષ 2017માં જર્સી નંબર 10ને રિટાયર કરી દીધો હતો. એવામાં હવે ધોનીને જર્સી નંબરને રિટાયર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશીપમાં ટીમ ઈન્ડિયાએ 2007 ટી20 વર્લ્ડ કપ, 2011 વર્લ્ડ કપ અને 2013 ચેમ્પિયન ટ્રોફી જીતી હતી. ધોની એક જ એવો કેપ્ટન છે જેની કેપ્ટનશીપમાં ટીમ ઈન્ડિયાએ ત્રણ ICC ટ્રોફી જીતી હતી. એવામાં હવે ધોનીને ટ્રિબ્યુટ આપવા માટે BCCIએ આ નિર્ણય લીધો છે.



એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે BCCI એ ભારતીય ક્રિકેટરોને આ વિશે સૂચના આપી દીધી છે કે હવે તેઓ જર્સી પર નંબર 7 નહીં લઈ શકે. ખાસ કરીને ડેબ્યૂ કરનારા ખેલાડીઓને જાણ કરી છે કે તેમની પાસે તેંડુલકર અને ધોની સાથે સંબંધિત નંબરનો વિકલ્પ નથી. BCCIના એક અધિકારીએ જણાવ્યું કે નવા ખેલાડીઓને એમએસ ધોનીની 7 નંબરની જર્સી પસંદ ન કરવાનું કહેવામાં આવ્યું હતું.

# ગંભીર મેન્ટર બન્યા બાદ ફરી શ્રેયસ અય્યર બન્યો કોલકાતા નાઈટ રાઈડર્સનો કેપ્ટન

### ગત વર્ષે ઈજાને કારણે આ જવાબદારી નીતિશ રાણાને સોંપવામાં આવી હતી

ગુજરાત | વંદન

IPL 2024 માટે હરાજી પહેલા કોલકાતા નાઈટ રાઈડર્સે મોટી જાહેરાત કરી છે. IPL 2024 માટેની હરાજી 19 ડિસેમ્બરે દુબઈમાં યોજાવા જઈ રહી છે. આ પહેલા કોલકાતા નાઈટ રાઈડર્સે મોટી દાવ રમ્યો છે. ગૌતમ ગંભીરની ટીમ કોલકાતાએ નીતિશ રાણા પાસેથી કેપ્ટનશિપ છીનવી લીધી છે અને આ જવાબદારી કોઈ બીજા ખેલાડીને સોંપી દીધી છે. જેના કારણે કોલકાતાની ટીમ વધુ મજબૂત બની છે.

ભારતના દિગ્ગજ બેટ્સમેન શ્રેયસ અય્યરને કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન બનાવવામાં આવ્યા છે. ગત વર્ષે ઈજાને કારણે આ જવાબદારી નીતિશ રાણાને સોંપવામાં આવી હતી, પરંતુ હવે શ્રેયસ અય્યર એકદમ ફીટ થઈ છે.




શ્રેયસ અય્યરે વર્લ્ડ કપમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું છે અને તેઓ દક્ષિણ આફ્રિકાના પ્રવાસમાં પણ ભારતીય ટીમના ભાગ છે. આવી સ્થિતિમાં કોલકાતાએ ફરી એકવાર શ્રેયસ અય્યરને આ જવાબદારી સોંપી છે. આ સિવાય નીતિશ રાણાને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યા છે

.શ્રેયસ અય્યર અને નીતિશ રાણાના નામની જાહેરાત કોલકાતા નાઈટ રાઈડર્સે કરતા કહ્યું કે શ્રેયસ અય્યર ઈજાના કારણે આઈપીએલ 2023માં ટૂર્નામેન્ટ રમી શક્યા ન હતા, પરંતુ હવે તેઓ સંપૂર્ણ રીતે ફિટ છે. તેમણે વાપસી કરવા માટે ઘણી મહેનત કરી છે.

## રાણાને બનાવાયા વાઈસ કેપ્ટન

ટીમ મેનેજમેન્ટે વધુમાં જણાવ્યું છે કે શ્રેયસ અય્યરના ઈજાગ્રસ્ત થયા બાદ નીતિશ રાણાએ પણ પોતાની જવાબદારી સારી રીતે નિભાવી હતી. માત્ર એક ખેલાડી તરીકે જ નહીં, પરંતુ એક કેપ્ટન તરીકે નીતિશ રાણાએ ટીમ માટે સારું પ્રદર્શન કર્યું હતું. તેમાં કોઈ શંકા નથી કે નીતિશ રાણાના વાઈસ-કેપ્ટન બનવાથી શ્રેયસ અય્યરને કેપ્ટનશિપમાં ઘણી મદદ મળશે.

# શમી અર્જુન એવોર્ડ માટે નોમિનેટ, વર્લ્ડ કપ 2023માં કર્યું હતું શાનદાર પ્રદર્શન




■ BCCIએ શમીના નામને લીસ્ટમાં સામેલ કરવાની કરી વિનંતી

ગુજરાત | વંદન

મોહમ્મદ શમી ODI World Cup 2023માં ભારતીય ટીમ માટે હીરો સાબિત થયો હતો. તે ટુર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો હતો. ODI World Cup 2023માં શાનદાર પ્રદર્શન બાદ હવે શમીને BCCIએ રમતના ક્ષેત્રમાં આપવામાં આવતા અર્જુન એવોર્ડ માટે નોમિનેટ કર્યો છે.

મીડિયા અહેવાલો મુજબ ખેલ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે BCCIએ સ્પોર્ટ્સ મિનિસ્ટ્રીથી શમીના નામેને અર્જુન એવોર્ડની લીસ્ટમાં સામેલ કરવાની વિનંતી કરી છે કારણ કે તે પહેલાથી આ લીસ્ટમાં સામેલ ન હતો. અર્જુન એવોર્ડ રમતગમતના ક્ષેત્રમાં આપવામાં આવતો ભારતનો બીજો સૌથી મોટો પુરસ્કાર છે. મંત્રાલયે મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ અને અર્જુન એવોર્ડ સહિત આ વર્ષના રમત પુરસ્કારો અંગે નિર્ણય લેવા માટે 12 સભ્યોની સમિતિની રચના કરી છે, જેનું નેતૃત્વ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જસ્ટિસ એ.એમ ખાનવિલકર કરશે. તેમના સિવાય આ સમિતિમાં કુલ 6 વધુ સભ્યો હશે, જેઓ પૂર્વ આંતરરાષ્ટ્રીય એથ્લીટ છે.

મોહમ્મદ શમીએ ODI World Cup 2023ની 7 મેચમાં 10.71ની એવરેજથી 24 વિકેટ ઝડપી હતી. જે ટૂર્નામેન્ટમાં કોઈપણ બોલર દ્વારા સૌથી વધુ હતી. શરૂઆતની 4 મેચમાં શમીને મોકો ન મળ્યો હતો. પરંતુ બાંગ્લાદેશ સામેની મેચમાં હાર્દિકના ઈજાગ્રસ્ત થયા બાદ શમીને ન્યુઝીલેન્ડ સામે રમાયેલી પાંચમી મેચમાં પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યો અને તે પછી શમીએ પોતાના શાનદાર પ્રદર્શનથી ભારતને ફાઈનલમાં પહોંચવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેણે ODI World Cupમાં સૌથી ઝડપી 50 વિકેટ લેવાનો રેકોર્ડ પણ બનાવ્યો હતો.

# મુંબઈ ઈન્ડિયન્સનું મોટું એલાન, IPL 2024 માટે હાર્દિક પંડ્યાને બનાવ્યાં કેપ્ટન

ગુજરાત | વંદન

IPL ફ્રેન્ચાઈઝી મુંબઈ ઈન્ડિયન્સે હાર્દિક પંડ્યાને આગામી સીઝન માટે ટીમના કેપ્ટન બનાવ્યા છે. રોહિત શર્મા છેલ્લા 10 વર્ષથી ટીમની કમાન સંભાળી રહ્યા હતા. પરંતુ આ વખતે ફ્રેન્ચાઈઝીએ આગામી સીઝન પહેલા મોટી ડીલ કરતા હાર્દિક પંડ્યાને ટીમમાં ફરી સામેલ કર્યો છે.

મુંબઈ ઈન્ડિયન્સે આજે આગામી 2024 સીઝન માટે લીડરશિપ ગ્રુપમાં મોટો ફેરફાર કર્યો છે. સૌથી સફળ કેપ્ટન એવા રોહિત શર્માને કેપ્ટન પદેથી હટાવી દેવાયા છે. તેમની જગ્યા હવે હાર્દિક પંડ્યા લેશે. રોહિત શર્માના આ શાનદાર યોગદાન માટે મુંબઈ ઈન્ડિયન્સે તેનો આભાર માન્યો છે. જોકે, બીજી તરફ MI અને રોહિત શર્માના ફેન્સ નારાજ થતા જોવા મળી રહ્યા છે. 'X' પોસ્ટ પર પોતાનો રોષ ઠાલવી રહ્યા છે અને કહી રહ્યા છે કે, ખુબ જ ખરાબ નિર્ણય. અમે રોહિત શર્માને તેમના અસાધારણ નેતૃત્વ માટે આભાર વ્યક્ત કરીએ છીએ. 2013 થી મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન તરીકેનો તેમનો કાર્યકાળ ખુબ સારો રહ્યો. તેમના નેતૃત્વએ માત્ર ટીમને અપ્રતિમ સફળતા જ નથી અપાવી પરંતુ ટીમને પણ મજબૂત કરી છે.



# ક્રિકેટર શુભા સતીશે ફાસ્ટેસ્ટ ફિફ્ટીનો નવો રેકોર્ડ બનાવ્યો

■ ડેબ્યૂ ટેસ્ટ મેચમાં જ ફિફ્ટી ફટકારી સ્મૃતિ મંધાનાથી નીકળી આગળ

ગુજરાત | વંદન

ભારત અને ઈંગ્લેન્ડની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે નવી મુંબઈના ડી.વાય પાટિલ સ્પોર્ટ્સ એકેડમી સ્ટેડિયમમાં ટેસ્ટ મેચ રમાઈ રહી છે. આ મેચ દરમિયાન ભારત તરફથી ત્રણ મહિલા ખેલાડીઓએ ડેબ્યૂ કર્યો છે, જેમાં કર્ણાટકની 24 વર્ષીય શુભા સતીશ પણ સામેલ છે. શુભાને ત્રીજા નંબર પર બેટિંગ કરવાનો મોકો મળ્યો હતો. આ મોકાનો લાભ ઉઠાવતા શુભાએ શાનદાર ફિફ્ટી ફટકારી અને ટીમને મુશ્કેલ પરિસ્થિતિમાંથી પણ બહાર કાઢી હતી. આ સાથે જ તેણે સ્મૃતિ મંધાનાનો ફાસ્ટેસ્ટ ફિફ્ટી બનાવવાનો રેકોર્ડ પણ તોડ્યો હતો.

શુભાએ તેની ડેબ્યૂ મેચમાં માત્ર 49 બોલમાં ફિફ્ટી ફટકારી હતી, જે ટેસ્ટ ફોર્મેટમાં કોઈપણ ભારતીય મહિલા ખેલાડી દ્વારા બીજી સૌથી ફાસ્ટેસ્ટ ફિફ્ટી હતી. શુભા પહેલા ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર બેટર સ્મૃતિ મંધાનાએ ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી એક ટેસ્ટ મેચમાં 51 બોલમાં ફિફ્ટી ફટકારી હતી. શુભા તેની પહેલી મેચમાં જ સ્મૃતિથી આગળ નીકળી ગઈ છે. આ લીસ્ટમાં ભારતની પૂર્વ ક્રિકેટર સંગીતા દાબિર ટોપ પર છે. સંગીતાએ ઈંગ્લેન્ડ સામે રમાયેલી એક ટેસ્ટ મેચમાં માત્ર 40 બોલમાં ફિફ્ટી ફટકારી હતી.



શુભાએ આજે ઈંગ્લેન્ડ સામે 76 બોલમાં 69 રન બનાવ્યા અને આ દરમિયાન તેની સ્ટ્રાઈક રેટ 90.79ની હતી. શુભાએ તેની ઈનિંગમાં 13 ચોગ્ગા ફટકાર્યા હતા. તેના સિવાય ડેબ્યૂ કરનાર ખેલાડીઓમાં જેમિમા રોડ્રિગ્સ પણ છે. જેમિમાને નંબર-4 પર બેટિંગ કરવાનો મોકો મળ્યો હતો. તેણે પણ પોતાના ડેબ્યૂ મેચમાં ફિફ્ટી ફટકારી હતી. તેણે 99 બોલમાં 68 રન બનાવ્યા હતા. ભારતની 2 વિકેટ 47 રનમાં પડી ગયા બાદ જેમિમા અને શુભાએ મળીને 100 રનની ભાગીદારી કરી અને ભારતીય ટીમને મુશ્કેલીમાંથી બહાર કાઢવામાં મદદ કરી હતી.

# મદ્રાસ હાઈકોર્ટે એમએસ ધોનીની અરજી પર IPS ઓફિસરને 15 દિવસની જેલની સજા સંભળાવી

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન એમએસ ધોની દ્વારા દાખલ કરાયેલી અરજી પર મદ્રાસ હાઈકોર્ટે આજે આઈપીએસ ઓફિસર સંપત કુમારને 15 દિવસની જેલની સજા સંભળાવી છે. જોકે, જસ્ટિસ એસએસ સુંદર અને સુંદર મોહનની ખંડપીઠે સંપત કુમારને અરજી દાખલ કરવાની મંજૂરી આપવા માટે સજાને 30 દિવસ માટે સસ્પેન્ડ કરી દીધી છે.

એમએસ ધોનીએ કથિત દુર્ભાવનાપૂર્ણ નિવેદનો અને સમાચાર રિપોર્ટ્સ પર ઝી મીડિયા, સંપત કુમાર અને અન્યો વિરુદ્ધ હાઈકોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. એમએસ ધોની વતી દાખલ કરવામાં આવેલી અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે, તે 2013માં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) મેચોની સટ્ટાબાજી અને મેચ ફિક્સિંગમાં સામેલ હતો.

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ની ફ્રેન્ચાઈઝી ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન એમએસ ધોનીએ હાઈકોર્ટ પાસે સંપત કુમાર સહિતના પ્રતિવાદીઓને આ મુદ્દા સાથે સંબંધિત તેમની વિરુદ્ધ અપમાનજનક નિવેદનો જારી કરવા અથવા પ્રકાશિત કરવાથી રોકવા માટેનો આદેશ આપવાની માંગ કરી હતી.

મદ્રાસ હાઈકોર્ટે અગાઉ વચગાળાનો મનાઈ હુકમ આપ્યો હતો અને ઝી મીડિયા, સંપત કુમાર અને અન્યને એમએસ ધોની વિરુદ્ધ માનહાનિ વાળા નિવેદનો કરવા પર રોક લગાવી દીધી હતી. સંપત કુમારે જ શરૂઆતમાં આઈપીએલ સટ્ટાબાજીના કૌભાંડની તપાસ કરી હતી.મદ્રાસ હાઈકોર્ટે અગાઉ વચગાળાનો મનાઈ હુકમ આપ્યો હતો.

કેન્દ્ર સરકાર દ્વારા પેસેન્જરોના હિતમાં નવા નિયમો જાહેર કરાયા

# ફ્લાઈટ કેન્સલ થઈ તો એરલાઈન્સ કંપનીએ તુરંત રિફંડ અને ચા-નાસ્તો પણ આપવો પડશે

■ નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી જનરલ વીકે સિંહે સંસદમાં આ નિયમો વિશે માહિતી આપી

ગુજરાત | વંદન




વિમાનમાં પ્રવાસ કરનારાઓ માટે એક સારા સમાચાર છે. જો તમે ફ્લાઈટ ટિકિટ બુક કરાવી છે અને એરલાઈન કંપની તેને કેન્સલ કરે છે અથવા ફ્લાઈટ મોડી પડે છે, તો હવે ચિંતા કરવાની જરૂર નથી. ફ્લાઈટ કેન્સલ અથવા ફ્લાઈટ મોડી થવાના કિસ્સામાં મુસાફરોના અધિકારો વિશે સરકારે સ્પષ્ટપણ ઘોષણા કરી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ તાજેતરમાં પેસેન્જર ફ્લાઈટ સંબંધિત કેટલાક નિયમો જાહેર કર્યા છે. નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી જનરલ વીકે સિંહે આ નિયમો વિશે માહિતી આપી છે.

નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી વીકે સિંહના જણાવ્યાં અનુસાર, ફ્લાઈટ કેન્સલ થવાના કિસ્સામાં એરલાઈન કંપનીએ પેસેન્જરો માટે બીજી ફ્લાઈટની વ્યવસ્થા કરવી પડશે અથવા એરલાઈન ટિકિટની સંપૂર્ણ રકમ પરત કરવી પડશે. એટલું જ નહીં એરલાઈન કંપની મુસાફરોને વધારાનું વળતર પણ આપશે. ઉપરાંત બીજી ફ્લાઈટની રાહ જોતી વખતે તેમને ફૂડ અને રિફ્રેશમેન્ટ સર્વિસ આપવી પડશે. આ સર્વિસ ત્યારે આપવી પડશે જ્યારે પહેલી ફ્લાઈટ કેન્સલ થયા બાદ એરલાઈન્સ કંપની બીજી ફ્લાઈટ આપી રહી હોય અને પેસેન્જરોને બીજી ફ્લાઈટની રાહ જોવી પડે છે. ત્યારબાદ ફૂડ અને રિફ્રેશમેન્ટ આપવું જરૂરી છે.

વિમાન મુસાફરોના અધિકાર: એરલાઈન્સ પેસેન્જરોના અધિકારોને લઈ એવિએશન મંત્રાલય કડક અપનાવી રહ્યું છે. હવે પેસેન્જરને બીજી ફ્લાઈટ ટિકિટ અથવા હોટેલમાં રોકાણ, ટ્રાન્સફર સપોર્ટ વગેરેની સંપૂર્ણ રકમ પરત કરવામાં આવશે. જો એરલાઈનના નિયંત્રણ બહારના અસાધારણ સંજોગોને કારણે ફ્લાઈટ રદ અથવા વિલંબિત થાય છે, તો તે કિસ્સામાં એરલાઈન કંપનીએ નાણાં ચૂકવવાના રહેશે નહીં. ફ્લાઈટના વિલંબ અથવા રદ થવાને કારણે થતી અસુવિધા અને તેના અધિકારો વિશે આ મામલામાં મુસાફરો અને કંપનીનો ઉલ્લેખ DGACની વેબસાઈટ પર કરવામાં આવ્યો છે.

(1) ફ્લાઈટમાં વિલંબ: જો ફ્લાઈટમાં 2 કલાકનો વિલંબ થાય તો એરલાઈન્સ કંપની મુસાફરોને મફત નાસ્તો આપવામાં આવે છે. જો ફ્લાઈટનો બ્લોક પિરિયડ 2.5 થી 5 કલાકની વચ્ચે હોય અને 3 કલાકથી વધુ વિલંબ થાય તો પેસેન્જરને નાસ્તો આપવામાં આવશે.

(2) 6 કલાકનો વિલંબ:પેસેન્જર ચાર્ટર મુજબ, એરલાઈન્સે 6 કલાકના વિલંબના કિસ્સામાં ફ્લાઈટના સમયના 24 કલાક પહેલા મુસાફરોને નોટિસ આપવી અથવા જાણ કરવી જરૂરી છે. અન્ય ફ્લાઈટનો વિકલ્પ આપવો પડશે.

(3) ફ્લાઈટ કેન્સલેશન: એવિએશન મિનિસ્ટ્રીના ચાર્ટર મુજબ, એરલાઈને તે ગ્રાહકોને બીજી ફ્લાઈટ આપવી પડશે અથવા સંપૂર્ણ રકમ પરત કરવી પડશે. જો ફ્લાઈટ તેની ફ્લાઈટ તારીખના 2 અઠવાડિયા પહેલા રદ કરવામાં આવે તો આવું થશે.

# ભવ્ય રામમંદિરમાં રોજ લગભગ 2 લાખ ભક્તો દર્શન કરી શકશે

■ "હમારી અયોધ્યા"ના નામનો બિલ્લો જારી કરવામાં આવ્યો...

ગુજરાત | વંદન





ભવ્ય રામ મંદિરમાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠાબાદ અંદાજે 1.5 લાખથી 2 લાખ ભક્તો મંદિરમાં દર્શન માટે પહોંચે તેવી શક્યતા છે. તેના આધારે મંદિર ટ્રસ્ટ દર્શન વ્યવસ્થા માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરી રહ્યું છે. ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહેલી વ્યવસ્થાઓમાં રામલલ્લાના દર્શન કરવાનો મોકો મળશે.રામ લલ્લાના દર્શનની સાથે ભક્તોને પ્રસાદ પણ નહીં મળે. જ્યારે ભક્તો દર્શન કરીને આગળ વધશે ત્યારે તેમને પરકોટા પાસેના દર્શન રોડ પર પ્રસાદના પેકેટ આપવામાં આવશે. મંદિર ટ્રસ્ટના સભ્ય ડો.અનિલ મિશ્રાના જણાવ્યાં અનુસાર, દરરોજ લગભગ 2 લાખ ભક્તોને અવિરત દર્શન આપવા માટે આવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે, જેથી દર્શન દરમિયાન કોઈ અવરોધ નહી આવે.

દર્શનાર્થીઓ પૂર્વમાં સ્થિત સિંહ દ્વારથી મંદિરમાં પ્રવેશ કરશે. જેમ જેમ તેઓ આગળ વધશે તેમ તેઓ ગર્ભગૃહમાં સીધા ભગવાન રામલલ્લા સામે હશે. અહીં 30 ફૂટના અંતરેથી દર્શન કર્યા બાદ તેઓ ડાબી તરફ વળશે અને પરિક્રમા માર્ગથી આગળ જશે. રસ્તામાં તેમને પરકોટા પાસે પ્રસાદના પેકેટ મળશે. દરેક ભક્તોને પ્રસાદ મળશે. પ્રસાદ વિનામૂલ્યે આપવામાં આવશે.

અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટી (એડીએ) દ્વારા હમારી અયોધ્યાના નામનો બિલ્લો જારી કરવામાં આવ્યો છે. અયોધ્યાના તમામ નાગરિકોએ આને સ્થાપિત કરવું જોઈએ, લોકોને આ માટે જાગૃત કરવામાં આવશે. ડિવિઝનલ કમિશનર ગૌરવ દયાલે કહ્યું કે આ સ્લોગન બહાર પાડવા પાછળનો હેતુ એ છે કે લોકોને અયોધ્યા પ્રત્યે લગાવ હોવો જોઈએ અને તેઓ તેને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવામાં મદદ કરશે. તેના વિકાસ માટે આપણે જાગૃત નાગરિકની ભૂમિકા ભજવીએ. તમામ કર્મચારીઓ અને નાગરિકોએ આ બેજ પહેરીને ગર્વ અનુભવવો જોઈએ. અયોધ્યાને લઈને લોકોમાં સિવિક સેન્સ વિકસાવવાનો અને તેની સુંદરતા જાળવવામાં તેમનો તમામ સમય યોગદાન આપવાનો હેતુ છે.

# માલદીવ દ્વારા વધુ એક ભારત વિરોધી પગલુ લેવાયું




■ હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણ પર ભારત સાથેનો કરાર સ્થગિત

ગુજરાત | વંદન

ભારતને માલદીવમાંથી તેના સૈન્ય કર્મચારીઓને પાછા ખેંચી લેવાના લગભગ એક મહિના પછી રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુની સરકારે હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણ પર ભારત સાથેની અગાઉની સરકારના કરારને લંબાવવાનો નિર્ણય લીધો નથી. આ કરાર પર 8 જૂન, 2019 ના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તત્કાલિન રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહના આમંત્રણ પર માલદીવની મુલાકાત લીધી હતી. કરાર અનુસાર ભારતને માલદીવના પ્રાદેશિક પાણી, અભ્યાસ અને ચાર્ટ રીફ, લગૂન, બીચ, સમુદ્રી પ્રવાહો અને ભરતીના સ્તરનું હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

આ પહેલી દ્વિપક્ષીય સમજૂતી છે જે નવી ચૂંટાયેલી માલદીવની સરકાર નવેમ્બરમાં સત્તા સંભાળ્યા બાદ સત્તાવાર રીતે પૂર્ણ કરી રહી છે. આ પહેલી દ્વિપક્ષીય સમજૂતી છે જે નવી સરકારની રચના બાદ સત્તાવાર રીતે સમાપ્ત થઈ રહી છે. ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સમાં માલદીવના રાષ્ટ્રપતિના કાર્યાલયમાં જાહેર નીતિના અન્ડર સેક્રેટરી મોહમ્મદ ફિરુઝુલ અબ્દુલ ખલીલે જણાવ્યું હતું કે મુઈઝુ સરકારે 7 જૂન, 2024 ના રોજ સમાપ્ત થતા હાઈડ્રોગ્રાફી કરારને રિન્યૂ ન કરવાનો નિર્ણય લીધો છે.

મુઈઝુની આગેવાની હેઠળની નવી સરકારે ગયા મહિને જ સત્તા સંભાળી હતી. મોઈજ્જુએ અગાઉ કહ્યું હતું કે તે અગાઉની સરકારે ભારત સાથે કરેલા કેટલાક કરારોની સમીક્ષા કરશે. ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સમાં માલદીવના રાષ્ટ્રપતિના કાર્યાલયમાં જાહેર નીતિના અન્ડર સેક્રેટરી મોહમ્મદ ફિરુઝુલ અબ્દુલ ખલીલે જણાવ્યું હતું કે મુઈઝુ સરકારે હાઈડ્રોગ્રાફિક કરારનું નવીકરણ ન કરવાનો નિર્ણય લીધો છે, જે 7 જૂન, 2024 ના રોજ સમાપ્ત થાય છે.

# સંસદમાં આતંક ફેલાવનારા આરોપીઓને આજીવનની સજા થઇ શકે

■ સંસદની અંદર આ પ્રકારનું કૃત્ય દેશ વિરુદ્ધ માની શકાય-નિષ્ણાતો

ગુજરાત | વંદન

દેશની લોકસભામાં અનાધિકૃત રીતે પ્રવેશ કરવાનો સનસનીખેજ મામલો ખૂબ જ ગંભીર બાબત છે. ચાલુ સદનમાં પરવાનગી વિના પ્રવેશ કરવો, સુરક્ષા ઘેરાવ તોડવા પર દેશદ્રોહ જેવી કલમો લાગી શકે છે. સુરક્ષા બાબતોના નિષ્ણાત કેકે મેનનના જણાવ્યાં અનુસાર, આ મામલામાં હાલમાં આઈપીસી જ લાગૂ છે, નવી ભારતીય દંડ સહિતા કાનૂન દેશદ્રોહની કલમ પણ લગાવાઈ શકે છે. કેમ કે સંસદની અંદર આ પ્રકારનું કૃત્ય દેશ વિરુદ્ધ માની શકાય છે. તેથી દેશદ્રોહના અધિનિયમો અંતર્ગત કાર્યવાહી થઈ શકે છે અને દેશદ્રોહ અંતર્ગત આજીવન કારાવાસની સજાની પણ જોગવાઈ છે.

સંસદ પરિસરમાં કોઈ પણ વ્યક્તિ પરવાનગી વિના એન્ટ્રી લઈ શકતા નથી. જે પણ સંસદની અંદર જાય છે અને તે સાંસદ નથી, તો તેમની એન્ટ્રી પાસ અલગથી બને છે. ભલે તે કોઈ સરકારી અધિકારી કેમ ન હોય. ખાસ કરીને આજથી 22 વર્ષ પહેલા 13 ડિસેમ્બર 2001ના રોજ સંસદમાં થયેલા આતંકી હુમલા બાદ તો સુરક્ષાને લઈને એવો દાવો થતો હતો કે, કોઈ ભારે ભરખમ વાહન લઈને પણ પરિસરમાં હુમલો કરવા માગે તો, નથી કરી શકતા. પરિસરાં ઘુસવા માટે કેટલાય સ્તરની સુરક્ષા તપાસમાંથી પસાર થવું પડે છે.

સામાન્ય લોકો માટે પરિસરમાં ઘુસવાનું



સરળ અને લગભગ એક માત્ર રીતે કોઈ સાંસદથી પરિસરમાં પ્રવેશની અનુમતિ પત્ર લેવું જરુરી છે. કોઈ પણ સામાન્ય વ્યક્તિ જે સંસદ પરિસરમાં એન્ટર થવા માગે છે, તેને પોતાના જાણીતા કોઈ સાંસદ પાસેથી નિર્ધારિત પ્રોફોર્મ પર એક પત્ર લેવાનો હોય છે. તે વ્યક્તિને સંસદની ચિઠ્ઠી લઈને સંસદ ભવનના રિસેપ્શનમાં જવાનું હોય છે. ત્યાં આવતા વ્યક્તિના આધાર અથવા તેવા જ ઓળખાણ પત્રને લઈને સુરક્ષા વિભાગ પરિસરમાં કોઈ નિશ્ચિત સ્થાન સુધી જવા માટે પ્રવેશ પત્ર આપે છે.

સુરક્ષામાં લાગેલા કર્મચારીઓ ખૂબ જ ઝીણવટપૂર્વક વ્યક્તિની તપાસ કરે છે. બાદમાં નિર્ધારિત ગેટથી એ વ્યક્તિને પ્રવેશ પત્રમાં આપેલી જગ્યા સુધી જવાની પરવાનગી આપવામાં આવે છે. સંસદની સુરક્ષામાં લાગેલી એજન્સીઓ સતત સતર્કતા રાખે છે અને લોકોને ચેક પણ કરે છે. જો કે, મોટા ભાગના આગંતુકોને એક જ જગ્યા સુધી રહેવાનું હોય છે. જો સંસદની કાર્યવાહી જોવા માટે દર્શક ગેલેરીમાં પ્રવેશ પત્ર હોય છે, તો તેને લાઈન બનાવીને ગેલેરીમાં પ્રવેશ અથવા નીકળવા દેવામાં આવે છે.

# હમાસ સાથે યુદ્ધ વચ્ચે ઈઝરાયલના કૃત્યથી અનેક લોકોના જીવ જોખમમાં: ડબલ્યુએચઓ

■ ઈઝરાયેલી સૈનિકોએ આરોગ્યકર્મીઓને અટકાયતમાં રાખ્યા હોવાનો આરોપ

ગુજરાત | વંદન

ઈઝરાયલ પર 7 ઓક્ટોબરે થયેલા હમાસના આતંકી હુમલા બાદથી યુદ્ધની સ્થિતિ હજુ યથાવત્ છે. બે મહિનાથી વધુ સમય વીતી જવા છતાં હજુ સુધી યુદ્ધ અટકવાનું નામ લઈ રહ્યું નથી. દરમિયાન વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) ઈઝરાયલની આ હરકતથી અકળાયું હતું અને તેણે ચેતવણી પણ ઉચ્ચારી હતી.

WHOએ ઈઝરાયલ પર આરોપ મૂક્યો છે કે તેના દ્વારા લાંબી ચલાવાતી તપાસને કારણે ગાઝામાં એક ઘાયલ દર્દીને સમયસર સારવાર મળી શકી નહોતી જેના લીધે તે મૃત્યુ પામી ગયો. WHO પ્રમુખ ટેડ્રોસ અદનહોમ ગ્રેબેસિયસે ઈઝરાયલ પર સ્વાસ્થ્યકર્મીઓને કસ્ટડીમાં લઈને અને સહાય સામગ્રી ધરાવતા ટ્રકો પર હુમલો કરીને ગાઝામાં સ્વાસ્થ્ય અને બચાવ મિશનમાં વિલંબ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે આ કૃત્યને લીધે ગંભીર રીતે ઘાયલ દર્દીનું મોત નીપજ્યું હતું. ટેડ્રોસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું કે અમને ગાઝામાં અલ અહલી હોસ્પિટલમાં ચલાવાઈ રહેલા ડબ્લ્યૂએચઓના મિશન વિશે જાણકારી મળી. લાંબા સમય સુધી તપાસ અને સ્વાસ્થ્યકર્મીઓને અટકાયતમાં રખાઈ રહ્યા છે. જેના લીધે અનેકના જીવ જોખમમાં મૂકાઈ રહ્યા છે. અમને આ વાતની ચિંતા થઈ રહી છે કે આવી હરકતથી દર્દીઓના જીવ પણ ખતરામાં પડી રહ્યા છે. અમારા મિશનને વાદી ગાઝા ચોકી પર બે વખત અટકાવાયું, ઘણા કર્મચારીઓની અટકાયત કરાઈ. સહાયતા સામગ્રી લઈ જતાં ટ્રક અને એમ્બ્યુલન્સ ઉપર પણ ગોળીબાર કરાયો. તેમણે આગળ કહ્યું કે ગાઝાના લોકોને સ્વાસ્થ્ય સુવિધા મળે એ તેમનો અધિકાર છે.




# ખતરો: ચેન્નઈમાં લીક થયેલું ઓઈલ હવે સમુદ્રમાં દૂર દૂર સુધીના વિસ્તારમાં ફેલાઈ ગયું


ગુજરાત | વંદન

ચેન્નઈ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (CPCL) ની રિફાનરીમાંથી લીક થઈ રહેલું ઓઈલ હજુ સુધી અટક્યું નથી. આ ઘટનાને લગભગ એક અઠવાડિયાથી વધુ સમય થઈ ગયો છે. કોસ્ટગાર્ડના અધિકારીઓએ કહ્યું કે ચેન્નઈમાં લીક થયેલું ઓઈલ હવે સમુદ્રમાં 20 કિલોમીટરના વિસ્તારમાં ફેલાઈ ગયું છે. અને તેના પગલે પર્યાવરણપ્રેમીઓ દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. કેમ કે તેનાથી જળ સૃષ્ટિને અસર થઇ રહી છે. ચેન્નઈના પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ એન્નોર ક્રીકે કહ્યું કે બદતર નુકસાન થતું જઈ રહ્યું છે. કોસાસ્થલૈયાર નદી પર ઓઈલ તરી રહ્યું છે. સમુદ્ર કિનારે અનેક સ્થળે ટારના ગઠ્ઠાં અને માટીનું લેયર દેખાઈ આવે છે. તટ અને માછલી પકડતી નૌકાઓ પર ઓઈલના નિશાન દેખાઈ રહ્યા છે. તમિલનાડુના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે તપાસ દરમિયાન સીપીસીએલમાં પાણીના મેનેજમેન્ટની વ્યવસ્થામાં ખામીઓ જણાઈ આવી હતી. તેના લીધે ગત અઠવાડિયે મિઝૌમ વાવાઝોડાં દરમિયાન આવેલા પૂર વચ્ચે ઓઈલ લીકની ઘટના બની હતી.

# રોચક: અગાઉ વર્ષનો પહેલો મહિનો માર્ચ ગણાતો હતો

■ અગાઉ વર્ષમાં માત્ર 10 મહિના હતા અને નવું વર્ષ નાતાલના દિવસે જ ઉજવવામાં આવતું હતું

ગુજરાત | વંદન




ઈશુનું 2023નું વર્ષ વિદાયની તૈયારીમાં છે અને વિશ્વભરમાં 25 ડિસે.થી નાતાલ પર્વની સાથે નવા વર્ષની ઉજવણીઓ શરૂ થઈ જશે. 1 જાન્યુ.થી 2024નું નવુ વર્ષ શરૂ થઈ જશે. આ વર્ષનો છેલ્લો મહિનો ડિસેમ્બર ચાલી રહ્યો છે, અને તેમાં ગણતરીના દિવસો દિવસો બાકી છે. લોકો ન્યુ યરની તૈયારીઓમાં લાગી ગયા છે કોઈ વેકેશન મનાવવા ગોવા તો મનાલી જાય છે તો કોઈ પોતાના શહેરમાં જ તેનું પરિવાર સાથે સ્વાગત કરવામા લાગેલા છે. પરંતુ શું તમે જાણો છો કે, નવું વર્ષ 1લી જાન્યુઆરીએ ઉજવવામાં આવતું નથી. હા, પહેલીવાર 1 જાન્યુઆરીએ નવું વર્ષ ક્યારે ઉજવવામાં આવ્યું હતું?

1 જાન્યુઆરીના રોજ નવું વર્ષ ઉજવવાની પરંપરા ખૂબ જૂનો ઈતિહાસ ધરાવે છે. તે ગ્રેગોરિયન કેલેન્ડર હેઠળ 15મી સદીમાં ઓક્ટોબર 1582માં શરૂ થયું હતું. આ તારીખ પહેલા સમગ્ર વિશ્વમાં જુલિયન કેલેન્ડરનું પાલન થતું હતું. ત્યાં માત્ર 10 મહિના હતા અને નવું વર્ષ નાતાલના દિવસે જ ઉજવવામાં આવ્યું હતું. પરંતુ આ પછી, એક અમેરિકન ફિઝિસિયન એલોયસિયસ લિલિયસે વિશ્વને એક નવું કેલેન્ડર આપ્યું. તેને ગ્રેગોરિયન કેલેન્ડર કહેવામાં આવતું હતું જેમાં વર્ષનો પ્રથમ દિવસ 1 જાન્યુઆરી માનવામાં આવતો હતો અને ત્યારથી 1 જાન્યુઆરીએ નવું વર્ષ ઉજવવાની પરંપરા ચાલી આવે છે.

15મી સદી પહેલા, માર્ચને વર્ષનો પ્રથમ મહિનો ગણવામાં આવતો હતો. અગાઉ નવું વર્ષ 25 માર્ચ અથવા 25 ડિસેમ્બરે ઉજવવામાં આવતું હતું. રોમના પ્રથમ રાજા નુમા પોપલીસે રોમન કેલેન્ડરમાં થોડો બદલાવ કર્યો અને 2 મહિના ઉમેર્યા. ત્યારપછી જાન્યુઆરી મહિનાને વર્ષનો પહેલો મહિનો માનવામાં આવે છે.

ભારતમાં અલગ અલગ તારીખો અનુસાર નવું વર્ષ ઉજવવામાં આવે છે,ભારત એક મોટો દેશ છે, તેમાં વિવિધ સંસ્કૃતિ અને ધર્મના લોકો વસે છે. ભારતમાં નવા વર્ષની ઉજવણી અલગ અલગ સમયે કરવામાં આવે છે. જો આપણે હિન્દુ નવા વર્ષની વાત કરીએ તો તે ચૈત્ર માસની શુક્લ પ્રતિપદાથી શરૂ થાય છે.

જો આપણે ભારતની વાત કરીએ તો મહારાષ્ટ્રમાં મરાઠી લોકોની વાત કરીએ, તો તેઓ ગુડી પડવાના સમયે નવા વર્ષનું આગમન માને છે.

# સંસદમાં હુમલો થયો ત્યારે રાહુલ ગાંધી પોતાની બેઠક છોડીને એક ઇંચ પણ ખસ્યા નહોતા

■ રાહુલ ગાંધી પોતાની સીટ પરથી ઉભા થયા અને ચોંકી ગયા, આસપાસ જોતા રહ્યા

ગુજરાત | વંદન



બુધવારે ભારતની નવી સંસદમાં સુરક્ષામાં મોટી ખામી જોવા મળી હતી. સત્રની કાર્યવાહી દરમિયાન બે લોકો સંસદ ભવનમાં ઘૂસી ગયા હતા. બંને આરોપીઓએ સંસદ ભવનમાં ઘૂસીને પીળા રંગનો ધુમાડો કર્યો હતો. ધુમાડો થતાં જ સંસદભવનમાં હોબાળો મચી ગયો હતો. તમામ સુરક્ષાકર્મીઓ તાત્કાલિક આરોપીઓને પકડવાના પ્રયાસો કરવા લાગ્યા હતા. આ હુમલા વખતે રાહુલ ગાંધી પણ સંસદમાં હાજર હતા. રાહુલ ગાંધી પોતાની સીટ પરથી ઉભા થયા અને ચોંકી ગયા. જો કે હુમલા દરમિયાન રાહુલ ગાંધી ઉભા રહીને આસપાસ જોતા રહ્યા પરંતુ તેઓ સીટ પરથી એક ઇંચ પણ ખસ્યા ન હતા.

સંસદ પર હુમલા બાદ 4 લોકોની ધરપકડ કરવામાં આવી છે. ચારેય લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. આજના દિવસે 2001માં સંસદ પર થયેલા હુમલાની વર્ષગાંઠ પણ હતી. ત્યારે બુધવારે બે લોકો ધુમાડાના કેન તેમના જૂતામાં છુપાવીને સંસદની અંદર લઈ ગયા. આ પછી સંસદની કાર્યવાહી દરમિયાન અચાનક એક યુવક બાલ્કનીમાંથી નીચે કૂદી પડ્યો. તે કૂદી પડતાં જ યુવકે તેના ડબ્બામાંથી ધુમાડો કાઢવાનો શરૂ કરી દીધો હતો. ત્યારબાદ સંસદમાં અચાનક પીળા રંગનો ધુમાડો નીકળવા લાગ્યો હતો. ધુમાડાના ગોટેગોટા દેખાતાં જ અફરાતફરી મચી ગઈ હતી. સંસદમાં હાજર સુરક્ષાકર્મીઓએ તરત જ બંને આરોપીઓની અટકાયત કરી હતી. આ પછી સંસદની બહારથી બે આરોપીઓ ઝડપાયા હતા.

ઉલ્લેખનીય છે કે, આ પહેલાં વર્ષ 2001માં આ દિવસે અફઝલ ગુરુએ સંસદ પર હુમલો કર્યો હતો.

# તો સંસદ આગના ગોળામાં ફેરવાઈ ગઈ હોત, કેટલાયના મોત થઈ ગયા હોત...!

■ સામાન્ય સ્મોગ કેપ્સ્યુલમાં તેની જગ્યાએ 'મધર ઓફ શેતાન' હોત તો વિશાળ આગ ફાટી નિકળત:નિષ્ણાતો

ગુજરાત | વંદન



સંસદ ભવન પર આતંકી હુમલાની 22મા વર્ષનાં દિવસે જ લોકસભાની અંદર અને બહાર કલર સ્મોગ કેપ્સ્યુલ લઈને આવેલા તોફાની તત્વોએ અફરાતફરી મચાવી દીધી છે. સુરક્ષા નિષ્ણાતો આને સુરક્ષાની મોટી ખામી ગણાવી રહ્યા છે. દરમ્યાન એક એવો મત વ્યકત થઈ રહ્યો છે કે બે યુવકોએ ઘરમાં સામાન્ય રંગની સ્મોગ કેપ્સ્યુલ છોડી દીધી છે. જો તેની જગ્યાએ 'મધર ઓફ શેતાન' હોત તો આખી સંસદ આગના ગોળામાં ફેરવાઈ શકત.

અહીં જેની વાત છે તે 'મધર ઓફ શેતાન' એટલે કે ટ્રાઈ એસીટોન ટ્રાઈ પેરોક્સાઈડ છે. જે પાવડરના રૂપમાં પણ હોય છે. તે સફેદ મીઠા જેવું લાગે છે. 'મધર ઓફ શેતાન' પણ સુરક્ષા સાધનોથી પકડાતું નથી. આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ દ્વારા ટ્રાઈ-એસીટોન ટ્રાઈ-પેરોક્સાઈડનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.સુરક્ષા મામલાઓ સાથે જોડાયેલા એક સૂત્રનું કહેવું છે કે આ ઘાતક પાવડરને આતંકીઓએ 'મધર ઓફ શેતાન' નામ આપ્યું છે. જો આપણે આ પાવડરને તપાસ્યા વિના જોઈએ તો તે મીઠા જેવું છે. તે શરીરના કોઈપણ ભાગમાં છુપાવી શકાય છે. આ જીવલેણ સામગ્રીને દવાના કેપ્સ્યુલ્સમાં ઉપયોગમાં લેવાતી સમાન પેકેજિંગમાં રાખી શકાય છે. તે કોઈપણ પ્રકારના સ્કેનર દ્વારા પણ પકડાતું નથી. જો કોઈ સ્પાર્ક હવામાં બહાર આવતાની સાથે જ જોવા મળે, તો આ પદાર્થ બ્લાસ્ટની જેમ આગ પકડી લે છે. ચારે બાજુ એક વિશાળ આગ ફાટી નીકળે છે. પેરિસ અને બ્રસેલ્સમાં આવા વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

# આ અમેરિકા છે: વર્તમાન રાષ્ટ્રપતિ સામે જ મહાભિયોગનો પ્રસ્તાવ મંજૂર

■ રાષ્ટ્રપતિ બાયડેન પુત્ર હંટરના કારણે વિવાદમાં સપડાયા

ગુજરાત | વંદન

અમેરિકાના પ્રમુખ જો બાયડેન વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવે મંજૂરી મળી ગઈ છે. અમેરિકી સંસદનાં હાઉસ ઓફ રેપ્રિઝેન્ટેટીવ્ઝ (નીચલા ગૃહ)માં આ મહાભિયોગ પ્રસ્તાવનાં સમર્થનમાં ૨૨૧ મત પડયા, જ્યારે વિરૂદ્ધમાં ૨૧૨ મત પડયા. આ પ્રસ્તાવમાં રાષ્ટ્રપતિ જો બાયડેન પર તેના પુત્ર હંટર બાયડેનનાં વિવાદાસ્પદ આંતરરાષ્ટ્રીય વ્યાપારી વ્યવહારોના આધારે આ મહાભિયોગ પ્રસ્તાવ પસાર કરાયો છે અને તેમાં હંટરના આર્થિક વ્યવહારો અંગે તપાસ શરૂ કરવા પણ જણાવવામાં આવ્યું છે. બાયડેનની પાર્ટી ડેમોક્રેટિક પાર્ટીએ આ પગલાને પાયા વિહોણું કહ્યું છે.

બાયડેનની ડેમોક્રેટિક પાર્ટીએ વધુમાં



જણાવ્યું છે કે, રીપબ્લિક્સે બાયડેન વિરુદ્ધ કોઈ નક્કર પુરાવા તો રજૂ કર્યા જ નથી. આ મહાભિયોગથી કોઈ ફાયદો થઈ શકે તેમ જ નથી. આમાં તો પાયા વિનાના જ આક્ષેપ કરવામાં આવ્યા છે.

બીજી તરફ રીપબ્લિકન્સનું કહેવું છે કે, સંસદનાં ઉપલા ગૃહ સેનેટમાં આ પ્રસ્તાવ ઊડી જશે. કારણ કે ત્યાં ડેમોક્રેટસની બહુમતિ છે.આ સંભવિત મહાભિયોગ પ્રત્યે પોતાના ઉગ્ર પ્રતિભાવો આપતાં બાયડેને કહ્યું હતુ કે, 'તેઓએ તો યુક્રેન અને ઈઝરાયેલને અપાતાં ભંડોળો પણ રોક્યા છે. તેટલું જ નહી પરંતુ, દેશની દક્ષિણ સીમાએ (મેકિસકો સાથેની સરહદે) દિવાલ રચી ત્યાંથી અમેરિકામાં ઘૂસી આવતા ઘૂસણખોરોને રોકવાના પ્રયાસો નિષ્ફળ બનાવ્યા છે. તે દિવાલ પૂરી કરવા જ દીધી નથી.'

જો બાયડેનના આટલા ઉગ્ર પ્રતિભાવો છતાં, નિરીક્ષકો કહે છે કે, સંભવતઃ તે પ્રસ્તાવ સેનેટમાં ઉડી પણ જાય. તેમ છતાં ૨૦૨૪ની ચૂંટણીમાં બાયડેન માટે તે મુશ્કેલીરૂપ તો બની જ રહેશે.





# અરબાઝ ખાન-જ્યોર્જિયા એન્ડ્રિયાનું થયુ બ્રેકઅપ


બોલિવૂડ એક્ટર અને પ્રોડ્યુસર અરબાઝ ખાને ઈટાલિયન મોડલ અને એક્ટ્રેસ જ્યોર્જિયા એન્ડ્રિયાની સાથે બ્રેકઅપ કરી લીધું છે. બ્રેકઅપ બાદ જ્યોર્જિયાએ એક ઈન્ટરવ્યૂમાં અલગ થવાનું કારણ જણાવ્યું હતું. તેઓ માને છે કે તેમની પોતાની ઓળખ છે અને તે નથી ઈચ્છતી કે લોકો તેમને માત્ર અરબાઝની ગર્લફ્રેન્ડ તરીકે ઓળખે.

હાલમાં એક ઈન્ટરવ્યૂમાં જ્યોર્જિયા એન્ડ્રિયાનીએ અરબાઝ સાથેના બ્રેકઅપ પર કહ્યું હતું કે, અમે બંને જાણતા હતા કે અમારે સાથે રહેવાનું નથી. 4 વર્ષ સુધી રિલેશનશિપમાં રહ્યા હતા આ પછી તે સ્પષ્ટ છે કે હું તેમને મિસ કરું છું. અમે હજી પણ મિત્રો છીએ, પરંતુ હું તેમની સાથે ફરી ક્યારેય સંબંધ રાખવા ઈચ્છતી નથી.

હું આ વાત એટલા માટે કરી રહી છું કારણ કે મારી પોતાની ઓળખ છે, હું નથી ઈચ્છતી કે લોકો મને અરબાઝની ગર્લફ્રેન્ડ તરીકે ઓળખે. હું હવે ઘણી સારી જગ્યાએ છું.

# માતા વૈષ્ણોદેવીનો ભક્ત બન્યો શાહરૂખ, ત્રીજીવાર ફિલ્મની રીલીઝ પહેલા કર્યા દર્શન

શાહરૂખ ખાને વર્ષ 2023માં બે બ્લોકબસ્ટર ફિલ્મ આપી. વર્ષના છેલ્લા દિવસે શાહરૂખ ખાન મોસ્ટ અવેટેડ ફિલ્મ લઈને આવી રહ્યા છે. તેમની અપકમિંગ ફિલ્મ ડંકી થોડા જ દિવસોમાં રિલીઝ થવા માટે તૈયાર છે. ફિલ્મની રિલીઝ પહેલા અભિનેતા વૈષ્ણો દેવીના દર્શન કરવા પહોંચ્યા છે.



શાહરૂખ ખાન વૈષ્ણો દેવી મંદિરમાં સ્પોટ થયા. જમ્મુ-કાશ્મીરના કટરાથી શાહરૂખનો વીડિયો સામે આવ્યો છે. જેમાં શાહરૂખ ખાન પોતાના બોડીગાર્ડની સાથે વૈષ્ણો દેવીના દર્શન કરવા માટે જઈ રહ્યા છે. આ સમયે શાહરૂખની મેનેજર પૂજા દદલાની પણ જોવા મળી રહ્યા છે. વીડિયોમાં અભિનેતા બ્લેક કલરની હુડીમાં પોતાનું મોંઢુ ઢાંકીને દેખાઈ રહ્યા છે.

શાહરૂખ ખાનની ફિલ્મ પઠાણ આ વર્ષે જાન્યુઆરીમાં રિલીઝ થઈ હતી. પઠાણની રિલીઝ પહેલા અભિનેતા માતા વૈષ્ણો દેવીના દર્શન કરવા ગયા હતા.

# રણવીરે રણબીર સાથે બ્રહ્માસ્ત્ર-ટૂ માટે ઈન્કાર કર્યો

રણવીર સિંહે 'બ્રહ્માસ્ત્ર ટૂ'માં રણબીરના પિતાની ભૂમિકા કરવાનો ઈનકાર કર્યો છે. રણવીરના આ નિર્ણયના કારણે 'બ્રહ્માસ્ત્ર ટૂ'નું ભાવિ ફરી જોખમાયું છે.

અગાઉ, 'બ્રહ્માસ્ત્ર'ના ડાયરેક્ટર અયાન મુખરજી તથા નિર્માતા કરણ જોહર વચ્ચે મતભેદોના કારણે 'બ્રહ્માસ્ત્ર ટૂ' અટકી પડી હતી. જોકે, તાજેતરમાં બંને વચ્ચે સમાધાન થતાં આ પ્રોજેક્ટ ફરી પાટા પર ચઢવાની આશા જાગી હતી. તે પછી એવા અહેવાલો આવ્યા હતા કે રણબીરના પિતાની ભૂમિકામાં રણવીરની પસંદગી થવાની છે. જોકે, હવે રણવીરે તે માટે ઈનકાર કરી દીધો છે.

રણબીર અને રણવીર બંને સમકાલીન અભિનેતાઓ છતાં પણ તેઓ એક ફિલ્મમાં સાથે આવવાનું ટાળી રહ્યા છે. અગાઉ રોહિત શેટ્ટીએ 'રામ લખન'ની રિમેક માટે પણ બંનેનો સંપર્ક કર્યો હતો. ત્યારે પણ રણવીરે ઈનકાર કરી દીધો હતો.




તાજેતરમાં 'એનિમલ'ની સફળતા બાદ રણબીર કપૂર વધુ મોટો અને મોંઘો સ્ટાર બની ગયો છે. બીજી તરફ રણવીરની 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' સામાન્ય સ્તર પર જ સફળ થઈ હતી.



# નિર્માતાઓની તકરારના કારણે તમન્નાની વેબ સીરીઝ વિવાદમાં

આ મહિને ઓટીટી પર રિલીઝ થયેલી તમન્ના ભાટિયાની વેબ સીરીઝ 'આખરી સચ'ના નિર્માતા અને સહ નિર્માતા બાખડયા હોવાથી કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે. આ સીરીઝ દિલ્હીમાં થયેલા બહુ ચર્ચિત બુરાડી કાંડ પર આધારિત આ વેબ સીરીઝ છે. હવે ચાર મહિના પછી સીરીઝના સર્જકો વચ્ચે વિવાદ થયો છે.

શોના નિર્માતા નિખિલ નંદાએ સહ નિર્માતા પ્રીતિ અને નીતિ સીમોસ વિરુદ્ધ દિલ્હીમાં એફઆરઆઈ નોંધાવી છે. બીજી તરફે સિમોસ બહેનોનો દાવો છે કે, નિખિલ નંદાએ તેમની સાથે છેતરપિંડી કરી છે. આખરી સચની સીઝન વનમાં કામ કરનારાઓને હજી સુધી નંદાએ મહેનતાણા ચુકવ્યા નથી. આ બાબતે નિખિલ નંદા વિરુદ્ધ એક કેસ નોંધાઈ ચુક્યો છે. નંદાએ થોડા દિવસો પહેલા પ્રીતિ અને નીતિ સિમોસ વિરુદ્ધ ૪૨૦-૪૬૦ કલમ હેઠળ દિલ્હીમાં દગા થયાનું એફઆરઆઈ નોંધાવી હતી. જેમાં નિખિલ નંદાએ આરોપ લગાવ્યો હતો કે, સિમોસ બહેનોએ સીરીઝની અંતિમ ક્રેડિટમાં હેરફેર કરી છે. તેમણે રાહુલ ઝા સાથે સીરીઝના આખરી શૂટની હાર્ડ ડિસ્ક બદલી નાખી હતી. જોકે પ્રીતિ અને નીતિએ આ દાવાઓનું ખંડન કર્યું છે.

# 'એનિમલ'ને હંફાવવા 2024માં 6 ફિલ્મો તૈયાર

'પુષ્પા-2', 'સિંઘમ અગેઈન', 'ફાઈટર', 'બડે મિયા છોટે મિયા' સહિતની ફિલ્મો 2024માં તરખાટ મચાવી શકે છે

ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે 2023નું વર્ષ સફળ રહ્યું છે. શાહરૂખ ખાનની બે ફિલ્મો ઉપરાંત સની દેઓલ અને રણબીરકપુરની ફિલ્મોએ દેશ-વિદેશમાં ડંકો વગાડયો છે. ડિસેમ્બર મહિનામાં 'એનિમલ' બ્લોકસ્ટર થઈ છે અને 'ડંકી'ની રાહ જોવાય છે. 2024માં 'એનિમલ'ની બરોબરી કરવા છ ફિલ્મોની ટીમે કમર કસી છે. તેમાં 500 કરોડના બજેટની પુષ્પા 2 ઉપરાંત રિતિક-દીપિકાની ફાઈટર અને અજય દેવગણની સિંઘમ અગેઈનનો સમાવેશ થાય છે.

રિતિક રોશન અને દીપિકા પાદુકોણની આગામી ફિલ્મ ફાઈટર ઈન્ડિયન એરફોર્સની વીરગાથા આધારીત છે. 24 જાન્યુઆરીએ આ ફિલ્મ રિલીઝ થવાનું છે. 'ફાઈટર'નું ટીઝર ઓડિયન્સની ઉત્સુકતા વધી છે. દીપિકા પાદુકોણે તેમાં એકશન ઉપરાંત તેની સિગ્નેચર સ્ટાઈલના બોલ્ડ પોઝ પણ આપ્યા છે. અનિલ કપુર પણ મહત્વના રોલમાં




છે. રૂા.250 કરોડના બજેટમાં બનેલી 'ફાઈટર' સાથે લાંબા સમય બાદ રિતિકની ફિલ્મ આવી રહી છે.

અલ્લુ અર્જુનને દેશ-વિદેશમાં લોકપ્રિય બનાવનારી ફિલ્મ પુષ્પાની સીકવલ 15 ઓગસ્ટે રિલીઝ થવાનું છે. અગાઉની ફિલ્મ કરતાં વધારે દમદાર સીકવલ બનાવવા માટે વીએફએકસ અને ખર્ચાળ સેટસનો ભરપુર ઉપયોગ થયો છે. 'પુષ્પા'માં માત્ર સાઉથના સ્ટાર્સ હતા, જયારે 'પુષ્પા 2'માં બોલીવુડના જાણીતા ચહેરાઓને પણ સમાવવામાં આવ્યા છે. રૂા.500 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મમાં અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાના લીડ રોલમાં યથાવત છે.

અજય દેવગનના સ્ટારડમમાં સિંઘમ ફ્રેન્ચાઈઝીનો મોટો રોલ છે. આ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ 'સિંઘમ અગેઈન' 5 ઓગષ્ટ 2024ના રોજ રિલીઝ થવાની છે. તેમાં અજય દેવગનની સાથે ટાઈગર શ્રોફ, અક્ષયકુમાર, દીપિકા પાદુકોણ અને કરીના કપુર ખાન મહત્વના રોલમાં છે. રૂા.200 કરોડના બજેટથી બની રહેલી આ ફિલ્મમાં રોહિત શેટ્ટીના કોપ યુનિવર્સનો વ્યાપ વધતો જોવા મળશે.

અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ પહેલીવાર સાથે કામ કરવાના છે. બંને એકશન સીકવન્સ અને સ્ટન્ટ દમદાર હોય છે. 'બડે મિયાં છોટે મિયાં'નું શુટીંગ પણ હાલ પુરજોશમાં ચાલી રહ્યું છે. રૂા.300 કરોડના બજેટ સાથે એકશન એન્ટરટેઈનર બની રહી છે તેને એપ્રિલ 2024માં રિલીઝ કરવામાં આવશે.



# ડૂબતી કારકિર્દીને બચાવવા સિદ્ધાર્થ એક્શનના ભરોસે

સિદ્ધાર્થ મલ્હોત્રા પોતાની ડૂબતી કારકિર્દીને બચાવવા માટે એક્શન ફિલ્મ કરવા ઈચ્છે છે. આ માટે તે એક્શન ફિલ્મો માટે બોલીવૂડના હોટ ફેવરિટ બની ચૂકેલા ડાયરેક્ટર સિદ્ધાર્થ આનંદની એક ફિલ્મમાં કામ કરવાનો છે. સિદ્ધાર્થ આનંદ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે એક એકશન ફિલ્મ માટે વાટાઘાટા કરી રહ્યો છે. બધુ સમુસૂથરુ પાર પડશે પછી આ ફિલ્મની ઘોષણા કરવામાં આવશે.


સિદ્ધાર્થ મલ્હોત્રા ઘણા સમયથી એક એકશન ફિલ્મની ઓફરની રાહજોઈ રહ્યો હતો. . સિદ્ધાર્થ આનંદે શાહરૂખ ખાની ફિલ્મ 'પઠાન'નું દિગ્દર્શન કર્યુ હતું,શાહરુખ માટે આ ફિલ્મ પાંચ વર્ષના વનવાસ બાદ રિ લોન્ચિંગનું બેસ્ટ પ્લેટફોર્મ પુરવાર થઈ છે. સિદ્ધાર્થ પણ મોટાપાયે સફળતા માટે લાંબા સમયથી ફાંફા મારી રહ્યો છે અને હાલ એક્શન ફિલ્મોનો દોર ચાલી રહ્યો હોવાથી તેને પણ કોઈ એક્શન ફિલ્મ જ પોતાની કારકિર્દી ઉગારશે તેમ લાગી રહ્યું છે.

# સેલેના ગોમેઝે બેની બ્લેન્કો સાથે ડેટિંગની કબૂલાત કરી

સિંગર અને એક્ટર સેલેના ગોમેઝે મ્યુઝિક પ્રોડ્યૂસર બેની બ્લેન્કો સાથે તે રિલેશનમાં હોવાની જાહેર કબૂલાત કરી છે. તેણે બેની સાથે એક રોમાન્ટિક તસવીર પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી.

સેલેનાના જણાવ્યા અનુસાર તે અને બેની છ માસથી રિલેશનશિપમાં છે. તેણે જણાવ્યું હતું કે અત્યાર સુધી સમગ્ર જિંદગી દરમિયાન તે જેટલી પણ વ્યક્તિઓને મળી છે તેમાં તેની સાથે સૌથી બહેતર વ્યવહાર બેનીએ કર્યો છે. આ પહેલા સેલિના જસ્ટિન બિબેર સહિત ઘણાને ડેટ કરી ચુકી છે. બેની બ્લેન્કો એક મ્યુઝિક પ્રોડ્યૂસર છે. તેના અને સલેના વચ્ચે અફેરની અફવા કેટલાક સમયથી ચાલતી હતી.

એક ફેન પેજ પર કોઈએ બંનેના ડેટિંગની અફવા વિશે કોમેન્ટ કરી હતી. તેના જવાબમાં સેલેનાએ લખ્યું હતું કે આ વાત સાચી છે.



# કરણ જોહરની નવી ફિલ્મમાં ઈબ્રાહિમ અને ખુશીની જોડી

માત્ર નેપોકિડ્ઝ માટે જ ફિલ્મો બનવવાના આક્ષેપોને અવગણીને કરણ જોહરે વધુ બે નેપો કિડઝ ઈબ્રાહિમ અલી ખાન તથા ખુશી કપૂરની જોડી સાથે એક ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું છે. આ ફિલ્મ સીધી ઓટીટી પર રીલીઝ થશે. મતલબ કે ખુશી કપૂરની બીજી ફિલ્મ સતત ડિજિટલ પ્લેટફોર્મ પર જ આવશે. તાજેતરમાં તેની 'આર્ચીઝ' પણ સીધી ઓટીટી પર જ રીલીઝ થઈ છે. ખુશીએ બોલીવૂડમાં મોટા પડદાના મોટા પ્રોજેક્ટ માટે હજુ લાંબી રાહ જોવી પડે તેવી શક્યતા છે.

કરણની નવી ફિલ્મ એક રોમાન્ટિક કોમેડી હશે. 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'ના આસિસ્ટન્ટ શૌના ગોતમ આ ફિલ્મનું દિગ્દર્શન કરશે.

કરમ જોહરને લાગે છે કે, ફિલ્મની વાર્તાનો પ્લોટ રૂપેરી કરતાં ડિજટલ પ્લેટફોર્મ માટે વધુ યોગ્ય છે. તેથી ઓટીટી પ્લેટફોર્મને ધ્યાનમાં રાખીને જ આ ફિલ્મનું નિર્માણ કરવામાં આવશે.

સૈફ અલીના પુત્ર ઈબ્રાહિમની 'સરજમીન ' હજુ રીલીઝ થઈ નથી. તેમ છતાં પણ તેને એક પછી એક ફિલ્મો મળી રહી છે. ખુશી કપૂરની 'આર્ચીઝ'માં તેના કૃત્રિમ ગેટઅપ અને શુષ્ક એક્ટિંગની બહુ જ ટીકાઓ થઈ છે.



શાહરૂખ ખાન વૈષ્ણો દેવી મંદિરમાં સ્પોટ થયા. જમ્મુ-કાશ્મીરના કટરાથી શાહરૂખનો વીડિયો સામે આવ્યો છે. જેમાં શાહરૂખ ખાન પોતાના બોડીગાર્ડની સાથે વૈષ્ણો દેવીના દર્શન કરવા માટે જઈ રહ્યા છે. આ સમયે શાહરૂખની મેનેજર પૂજા દદલાની પણ જોવા મળી રહ્યા છે. વીડિયોમાં અભિનેતા બ્લેક કલરની હુડીમાં પોતાનું મોંઢુ ઢાંકીને દેખાઈ રહ્યા છે.

શાહરૂખ ખાનની ફિલ્મ પઠાણ આ વર્ષે જાન્યુઆરીમાં રિલીઝ થઈ હતી. પઠાણની રિલીઝ પહેલા અભિનેતા માતા વૈષ્ણો દેવીના દર્શન કરવા ગયા હતા. સપ્ટેમ્બરમાં શાહરૂખ ખાનની જવાન રિલીઝ થઈ હતી. આ ફિલ્મની રિલીઝ પહેલા પણ શાહરૂખે માતા વૈષ્ણો દેવીના આશીર્વાદ લીધા હતા.



